


શૃંગારિકા (એ નામના નવા બહાર પડેલા ચિત્રસંપુટમાંનું એક ચિત્ર) ચિત્રકારઃ કનુ દેસાઈ

ઑક્ટોબર] ૨૬૨ [ઈ. ૧૯૪૫

કુમાર

સંસ્થાપક·રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું અગ્રણી માસિક

તંત્રી·બચુભાઈ રાવત



આંગણાનાં ફૂલ — ચિત્રકાર · રસિકલાલ પરીખ



પ્રકાશન તા. ૨૩-૧૦-૧૯૪૫

ચિત્રો

રંગારિકા — કનુ દેસાઇ પૂઠું
આંગણાનાં ફૂલ — રસિકલાલ પરીખ — ત્રિરંગી મુખચિત્ર
કિનારાની સૃષ્ટિ (ઍકવાટિન્ટ) — રમેન્દ્રનાથ ચક્રવર્તી · પૂઠાનું ત્રીજું પાનું
છાયાગાં (ઇચિંગ) — ,, — ,,

કાવ્યો

શિખરો પરથી — સુન્દરમ્ ૨૧૫
વહાણું — પ્રહલાદ પારેખ ૨૧૫
સાંજને ટાણે — નિરંજન ભગત ૨૧૫
રહલત — પતીલ ૨૧૫

ચરિત્ર

બીઍટ્રીસ વેબ — મકરન્દ દવે ૨૧૬

વાર્તા

સત્યાન્વેષી (શરદિન્દુ વંદ્યોપાધ્યાય) — રમણિક મેઘાણી ૨૨૦

લેખો

અજ્ઞાનમાંથી જ્ઞાનનો પ્રવાસ — પી. રા. ભારદ્વાજ ૨૧૭
અણુશક્તિ — ચંપકલાલ હરિલાલ મહેતા ૨૨૪
ઍકવાટિન્ટની કલા — ૨૩૦
આયરિશ બુલ — મકરન્દ દવે ૨૩૪
ઊંઘ્યા જ કરો (અનન્ત કાણેકર) — માલતી જેપી ૨૩૫
રસદર્શન [૧૯] — હરિપ્રસાદ વ્ર. દેસાઈ ૨૩૭

વિભાગો તથા પ્રકીર્ણ


આપણું શરીરયંત્ર — (ચિત્રજ્ઞાન) ૨૧૪
કસોટી — ૨૧૯, ૨૩૫
છૂપાછૂપનાં પરાક્રમો (ચકોરની હાસ્યમાળા) — ૨૧૯, ૨૩૬
નવાં પુસ્તકો — ૨૩૪
માધુકરી — ૨૩૮
આ માસ ઇતિહાસમાં — ૨૪૨
છેલ્લું પાનું — ૨૪૩

લેખકોને

વર્તમાન સંજોગોમાં લેખો ઘણા ટૂંકા અને મુદ્દાસર હોવા જરૂરી છે; તેમજ પોતાના લેખને માટેનો ઉત્તર, અથવા અસ્વીકૃત લેખ પાછો મેળવવા ઈચ્છા હોય તો લેખ સાથે પૂરતું પોસ્ટેજ મોકલવું પણ આવશ્યક છે.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં શિ. ૧૨; છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ : મુંબાઇમાં (૧) આર. આર. શેઠની કં. (૨) એન. એમ. ત્રિપાઠી લિમિટેડ તથા (૩) રાવળ બ્રધર્સ, પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. રાવપુરા; કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ; કરાચીમાં ભારત ભંડાર, પ્રિન્સેસ સ્ટ્રીટ.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યૂરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ-૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.



આપણું શરીરયંત્ર : સરજનહારની સમસ્ત સૃષ્ટિમાં આપણાં શરીરયંત્રની રચના એ કદાચ કિરતારની સૌથી અજબ કરામત છે. જો તેને અકસ્માતથી ઈજા ન પહોંચે અગર ગેરઉપયોગથી બગાડી નાખવામાં ન આવે તો તે યંત્ર અદ્ભુત નિયમિતતા અને ચોકસાઈથી વર્ષો પર્યંત એકધારું કામ આપ્યા જ કરે છે,—અલબત્ત અંતે ઘસારાથી જ આપમેળે અટકી ન પડે ત્યાં સુધી. એ યંત્રની રચના એટલી અટપટી અને નાજુક છે કે જેમજેમ આપણે તે સમજતા જઈએ છીએ તેમતેમ તેની સાચવણ માટે આપણને વધુ કાળજી રહે છે. તેની આંતરિક રચનાનાં જે ચિત્રો સામાન્ય રીતે આપણા જોવામાં આવે છે (ઉપલા ડાબી તરફના ચિત્ર જેવાં) તે પરથી તેની યથાર્થતા બરોબર સમજાતી નથી એ વિશદ કરવા માટે જમણી તરફ એ જ રચનાને એક કારખાનાના રૂપકમાં આલેખી બતાવી છે તે જોવાથી આખી સમજ રસમય થઇ પડશે, અને ભાન થશે કે જેમ ફૅક્ટરીની ભઠ્ઠીની માફક આપણા પેટમાં પણ જો ખોરાકરૂપી બળતણનો અભાવ હોય અથવા હદ ઉપરાંતનું કે ખોટું બળતણ ઠાંસવામાં આવે તો માંદા પડીએ એ સ્વાભાવિક છે. ઉપરનાં ચિત્રોમાં દર્શાવ્યા પ્રમાણે આપણું મગજ એ કારખાનાના મૅનેજરની ઑફિસ છે, અને ત્યાંથી કરોડરજ્જુરૂપી ટેલીફોન-વ્યવહાર દ્વારા આખા યંત્રનું નિયમન ચાલે છે. આંખો એ ઑફિસની બારીઓ છે અને નાક તથા મોં તેના હવાદ્વાર. મોં એ પેટરૂપી ભઠ્ઠીમાં બળતણ (ખોરાક) ઓરવાનું સ્થાન છે, અને દાંત તેને કચરીને બળવા (પચવા) યોગ્ય રૂપમાં તૈયાર કરે છે, જ્યાંથી લોહી બની ગયા બાદ, બળતણની રાખની માફક, ખોરાકનો કચરો મોટા આંતરડા રૂપી પાછલા દ્વારથી મળરૂપે બહાર નીકળી જાય છે. હૃદય એ સમસ્ત કારખાનાને ઑક્સિજન રૂપ શક્તિ પૂરી પાડનારું એન્જિન છે અને ફેફસાં તેની ધમણો છે. કારખાનાની રાસાયણિક જરૂરિયાત પૂરી પાડનારી લૅબોરેટરીના જેવું જ કામ આપણાં કિડની, લિવર (યકૃત) વગેરે કરે છે; અને હાથ એ વજન ઉંચકનારી તથા પકડનારી ક્રેનોનું. (COURTESY: WORLD OF WONDER)

વહાણું

હે જી એક ભાંગતી રાતે,
તારા-તેજ ઝંખવાતે,
દૂરેથી આવતુ સુણ્યું
કોઇનું ગાણું રે
સુખે મારૂં મન ભરાણું.

આકાશે તારલા ઝાંખા,
આવે સૂર ગીતના પાંખા;
સમાતી આવતી તેમાં
ફૂલ-સુગંધે રે
છાયે મારૂં દિલ ઉમંગે.

જાગી કોઈ ઝાડની ડાળે,
પંખીડું બોલતું માળે;
વધાવે તેજને એનાં
મીઠડા બોલે રે
સુણી મારૂં દિલડું ડોલે.

અંધારૂં ઓસરી જાતું,
હૈયું યે આછરી જાતું;
હોયે જાણે કાળ તણું આ
કાવ્ય-ટાણું રે
એવું મને લાગતું વહાણું.

પ્રહ્લાદ પારેખ

શિખરો પરથી

· મિશ્ર ·

અહો, અહીં ઉન્નત અદ્રિશીર્ષે
નિર્ગન્ધ, નિર્ધૂમ, નિરભ્ર છે હવા;
અહો, અહીં ઉચ્છ્રિત અદ્રિશૃંગે
પ્રફુલ્લતું ચક્ષુ દિક્કાલમુક્ત;
સમસ્ત પૃથ્વીતલ હ્યાં હથેલી શું.

શમી જતા સર્વ અહીં સુદૂરના
ઉન્મત્ત કોલાહલ આર્ત રુગ્ણ,
ને સિન્ધુ એ જીવનનો બની રહે
પ્રશાન્તિનું કો દ્યુતિદીપ્ત પલ્વલ.

વિરામતું ચિત્ત અહીં વિલોકે
સમસ્ત એ ભૂતલમર્મરાટ,
અસૃષ્ટ આ ઊર્ધ્વે અદેહ જ્યાં જઈ
લક્ષાવધિ રૂપ ધરે વિરાટ.

અહો, અહીં સ્પર્શી જતી અનંતની
ઉચ્છ્વાસતી મર્મરતી સિસૃક્ષા,
અનાગતોની અનિબદ્ધ અંકના
આ વ્યોમને નીલ પટે થતી છતી.

અહીં રહ્યું ચિત્ત કૂટસ્થ શાન્ત
પ્રતીક્ષતું મૂક સુસજ્જ બીન શું,
આકાશશાયી મરુતોની નવ્ય
કો રાગિણીનો અવતાર રમ્ય,
સંક્રામવા ભૂતલનાં તલોમાં.

સુન્દરમ્

સાંજને ટાણે

સાંજને ટાણે
કોઈના મીઠા મનને ગાણે
શાને પડે સાદ?—શાને૰

ધરણીની મેં મમતા છાંડી
દૂરને સોણે નજરૂં માંડી
તો ય અદીઠી
કાજળકાળી આંખની મીઠી
શાને નડે યાદ?—શાને૰

કાલને વ્હાણે સોનલ વેળા
આજ તો મેઘલી રાતના મેળા
તો ય આકાશે
મલકી રૂપાવરણે હાસે
શાને ચડે ચાંદ?—શાને?

મન મૂંગી કો' વેદના બોલે
સોણલે મારી દુનિયા ડોલે
તો ય અજાણે
સાંજના ટાણે
કોઈના મીઠા મનને ગાણે
શાને પડે સાદ?—શાને૰

નિરંજન ભગત

રહલત

· ગઝલ ·

ઢૂંઢવા રંગસ્થળો અમને નથી ઇચ્છા જરા
કેમકે અમ તર્ફની ના કોઇને પરવા જરા.
આવતી નામોશી ચાલી આબરૂ પોશાકમાં!
ના તહારાં જોઇએ મુજ દેશમાં પગલાં જરા.
ક્યાં કરે રહેઠાણ નિજ સાચી કળાના વારસો?
થાય છે અદૃશ્ય જ્યાં વાણિજ્યના વ્હેતા ઝરા!
છે ન આસાયશ રહી દર્વેશને નિજ રાહના
એકલા જેઓ ફરે અપકર્ષ સાંખી આકરા.
કોણ પૂછે છે ખબર સાચી દુભાએલા તણી?
જેમને માટે નથી જીવનતણી આશા જરા!

ચોતરફથી આવતી કંગાલિયત સામે થવા
કોની છે તાકાત આજે, ઓ અત્રીઓ માહરા?
ગાંઠ છે એવી પડી, તૂટે છતાં છૂટે નહીં;
લાખ મુસ્કિલમાં ફસાયા નામચીનો નાગરા.
થાય છે પોતે કરીને એકબીજાને ઝબે
હાસ હિંસા! આ તહારા, આ જ તારા માજરા?
કેમ શરમિંદા બન્યા છે ગાયકો પતલા સમા?
ભેદ તેનો જાણવા તકલીફ લે યારો ખરા.
આવડી ઊંડી અદાવત છાજતી આજે નહીં,
છોડીને કાલે જવું દુન્યા તણી મેહમાંસરા.

પતીલ

ભદ્રલોકમાં એ ઊછરી; પણ શ્રમજીવીઓની પરિસ્થિતિથી દ્રવિત થઇ એનો સાચો પરિચય પામવા એમની વચ્ચે જઇ એ જીવી; અને હૃદયની બળતી આગથી એ કરુણ દુનિયાનાં બારણાં જગત આગળ ખુલ્લાં કરી એણે મજૂર સંગઠ્ઠનનો પાયો નાખ્યો.

ઓગણીસમી સદીનો એ સંધ્યાકાળ હતો. ઈંગ્લંડના જીવનફલક પર એકાએક નવીન રંગોની તેજઝલક છવાઈ ગઈ હતી. નવા અને પ્રતાપી બળની પૂરણીથી એના જીવનનો એકેએક ખૂણો ઉજ્જ્વળ બની ઊઠ્યો હતો. ડાર્વિન ને ટિન્ડેલ, હકસલે, જેમ્સ માર્ટીન્યુ ને હર્બટ સ્પેન્સરનાં લખાણોએ માણસોને પ્રબળ આઘાત આપી વિચારતા કરી મૂકયા હતા. ઇબ્સેનનાં નાટકોનો પ્રવાહ પણ ઇંગ્લંડની ધરતી પર ઊતર્યો હતો. માણસના નિગૂઢ અંતરમાં પ્રવેશ કરી સત્ય શોધતાં તેનાં નાટકોએ, ખાસ કરી 'પ્રેતો'એ, લોકોની બુદ્ધિને ચોટ મારી જાગ્રત કરી હતી. રાજભક્તિના સોગનનો ઈન્કાર કરનાર બુદ્ધિવાદના સંત બ્રાડલોનું તેજ પણ આ સમયે પ્રકાશ પાડતું હતું. આયર્લંડનો મુક્તિયજ્ઞ ઉગ્ર બનતો હતો. કાર્લ માર્ક્સનો નવીન સંદેશ ઇંગ્લંડને કિનારે ઊતરી ચૂક્યો હતો. નવતર અને પ્રભાવશાળી દુનિયાનો પટ જાણે વિસ્તરતો હતો. પાર્લામેન્ટમાં મતાધિકાર વ્યાપક થયા, મજૂર મહાજન ને ટ્રેડ યૂનિયન સ્થપાયાં, ચાર્લ્સ બૂથ દ્વારા ગરીબોની સ્થિતિનું તલસ્પર્શી અવલોકન શરૂ થયું, અને આમ,એ ઉદય પામતી ચેતનાની વચ્ચે,બીઍટ્રીસ વેબની જીવન-સરણી જન્મી, વિકસી ને એક અદ્ભુત આંક મૂકતી ગઈ.

કૉટસ્વોલ્ડસ્–ગ્લૉસ્ટરશાયર–ના એક મધ્યમ વર્ગના કુટુંબમાં ઈ. સ. ૧૮૫૮ના જાન્યુઆરીની ૨૭ તારીખે બીઍટ્રીસ પૉટરનો જન્મ થયો હતો. તેના પિતા રિચાર્ડ પૉટર એક અજબ વ્યક્તિ હતા શરૂઆતમાં પ્રગતિશીલ વિચાર ધરાવતા છતાં પાછળથી એવો પ્રત્યાઘાત પામ્યા કે પક્કા સંરક્ષણવાદી બની ગયા. મતાધિકાર ને સુધારાની સામે તેમની આંખમાં રોષ ને આશંકા જ ઊભરાતાં. ખરાબ સંજોગોને અંગે વડિલોપાર્જિત મિલ્કતનો મોટો ભાગ તેમણે ગુમાવ્યો હતો, પણ વેપારમાં પડી તે ઠીક કમાયા હતા. પણ એક બીજી રીતે તે નસીબદાર પુરુષ હતા. ઈંગ્લંડના તે સમયના સુપ્રસિદ્ધ આગેવાનો ને વિચારકો સાથે તેમને ઘનિષ્ઠ સંબંધ હતો. તેમણે પોતાની પુત્રીઓને પણ પ્રતિષ્ઠિત કુટુંબોમાં વરાવી હતી. આ બધા લોકોની તેમને ત્યાં આવજા રહેતી, અને પરિણામે તેમનું ઘર નવાજૂના વિચારોની ચર્ચાથી હમેશાં ગાજી ઊઠતું.



બીઍટ્રીસના ખીલતા માનસ પર આની સવિશેષ અસર પડી. તેના વિકાસને માટે આ વાતાવરણ ખૂબ જ અનુકૂળ થઈ પડ્યું. ઘેર આવનારાઓને તે પ્રશ્નો પૂછી થકવી નાખતી. કંઈ પણ 'બાબા વાક્યં પ્રમાણં' માની, નીચે માથે કબૂલી લેવાનું તેના સ્વભાવમાં જ નહોતું. ઘણી વાર તેની મા આ જોઇ ચીડાતી અને કહેતીઃ 'મારી બધી દીકરીઓમાં એક બીઍટ્રીસમાં જ અક્કલ જરા થોડી છે.' પણ આ જાગતી જિજ્ઞાસાએ રીચાર્ડ પૉર્ટરના મિત્ર, તત્ત્વવિદ્ હર્બટ સ્પેન્સરનું ધ્યાન ખેંચ્યું. પોતાના કામમાં તેમણે બીઍટ્રીસને સહાયક બનાવી. પણ બીઍટ્રીસનું સમગ્ર મન તો એક જુદા જ પ્રશ્ન પર ઝળૂંબી રહ્યું હતું. લોકોની અવદશા, તેમનાં દુઃખ ને દારિદ્રય તેના હૃદયમાં પ્રબળ મંથન જગાવતાં હતાં. તેનું કોઇ ઓસડ શોધી કાઢવા પણ તેની દિનરાતની ઝંખના હતી. ઘરના નોકરચાકરના જીવનમાં તેણે ઊંડી સહાનુભૂતિથી રસ લેવા-માંડચો, ને ગરીબો માટે કામ કરતી કેટલીક ધર્માદા સંસ્થાઓ સાથે પણ પરિચય વધાર્યો. પણ તેનું પરિણામ એ આવ્યું કે તેનો આત્મા વધારે અસંતુષ્ટ બની ઊઠચો. ધર્મને નામે ચાલતી એ સંસ્થાઓમાં કશું ખરૂં કામ તો થતું જ નહિ; ફક્ત વખત કાઢવાનો એ ધંધો હતો.

ઊંડા વાચનમાં ડૂબતી, અને આ જનદુઃખનો કંઈક તોડ કાઢવા માટે દિવસ રાત ચિંતનમગ્ન રહેતી, એકાંતપ્રિય બીઍટ્રીસને આ વખતે એક સાચા કાર્યમાં પ્રેરતા આમંત્રણનો સાદ સંભળાયો. ચાર્લ્સ બૂથે—જેની સાથે બીઍટ્રીસની પિત્રાઈ બહેનનાં લગ્ન થયાં હતાં—તેની પ્રતિભાને પિછાની હતી. ઇંગ્લંડના મજૂરોની જીવન-પરિસ્થિતિના એ સચોટ આંકડાઓ એકઠા કરી રહ્યા હતા. ૧૮૮૬માં લંડનનાં શ્રમજીવીઓની સ્થિતિની તપાસ માટે તેમણે બીઍટ્રીસની સહાય માગી. તેને તો એ જ જોઈતું હતું. મજૂરોના લત્તાઓમાં ફરી, તેમની સાથે, તેમની રીતે રહી, બીઍટ્રીસે તેમના જીવન-વ્યવહારનાં નક્કર સત્યો તારવવા માંડચાં. વાસ્તવિક પરિસ્થિતિના પરિચયે એક કરુણ દુનિયાનાં બારણાં બીઍટ્રીસની આંખ સામે ખુલી ગયાં આ અર્ધભૂખ્યાં, નાગાં, કંગાલ મજૂરોનાં જીવનની હકીકતો જ ભેગી રહી બેસી રહેવાનું તેનાથી ન બની શક્યું. તેમના જીવનનો જાતે અનુભવ કરવા, તેમનામાં ભળી એક બની જવા બીઍટ્રીસે નિરધાર કર્યો. લંડનના ઈસ્ટ એન્ડ લત્તામાં જઈ પહેલાં તો એક ભાડાં ઉઘરાવનારની નોકરી સ્વીકારી. પછી ત્યાંથી પોતે વેલ્સ પરગણાની એક મિસ જોન્સનું નામ ધારણ કરી લૅંકેશાયરના એક કારખાનામાં મજૂરીનું કામ શરૂ કર્યું. પણ થોડા જ વખતમાં તેને નાલાયક ઠેરવી રજા દેવામાં આવી. બીઍટ્રીસે એક મજૂર તરીકે મજૂર પરિવારોમાં ઘૂમી, રાતદિવસ તેમની સાથે વિતાવી તેમના જીવનનો અનુભવ ને અભ્યાસ કર્યો હતો. તેને લાગ્યું કે જો મજૂર સંગઠ્ઠનોને વધારે સાબૂત (અનુ૦ આગળ પૃ. ૨૩૬ ઉપર)

સમાજના નવવિધાનની ક્રાન્તદ્રષ્ટા

બીઍટ્રીસ વેબ

અજ્ઞાનમાંથી જ્ઞાનનો પ્રવાસ



तमसो मा ज्योतिर्गमय

ચોમેર ઘેરાએલી અનંત ગિરિમાળાઓ વચ્ચે પંખીના માળા જેવું નાનું એક અજ્ઞાનનું મેદાન હતું. લોક એને અજ્ઞાનની ખીણ પણ કહેતા. માનવજાત એમાં સુખેથી કલ્લોલતી રહેતી.

કોઈ ઊંડી ધરામાંથી જ્ઞાનનું એક નાનુંસરખું ઝરણું પણ ત્યાં વહેતું હતું. એનું મૂળ હતું ભૂતકાળના પર્વતોમાં, અને ભવિષ્યકાળની એક મોટી ગેબમાં એ સમાઇ જતું હતું.

એનો જળપ્રવાહ નદી જેમ બહુ ઝાઝો નહોતો; પરંતુ એ પ્રદેશવાસીઓની અલ્પ જરૂરિયાતો પૂરતું તો એનું જળ ઘણું હતું

સાંજે જ્યારે લોકો ઢોરને ખાણ નીરી, પાણી ભરી નવરા થતા ત્યારે સાથે બેસી સુખદુઃખની વાતો કરી પોતાના એ શાન્ત એકધારા જીવનનો આનંદ લૂંટવામાં સંતોષ માનતા.

વૃદ્ધ પ્રજ્ઞપુરુષો આખો દિવસ ઘરને એકાંત ખૂણે એક પુરાણી



પોથીનાં પાના ફેરવતા બેસી રહેતા. સાંજે ત્યાંથી તેઓ બહાર નીકળતા ને પોતાના પૌત્રો-પ્રપૌત્રો આગળ વિચિત્ર ઉચ્ચારોથી મંત્રો ભણતા.

ઘણીવાર આ શબ્દો સમજતા જ નહિ; છતાં તે હજારો વર્ષ પૂર્વે લખાએલા હતા માટે તે પવિત્ર હતા. કારણ કે અજ્ઞાનની એ ખીણમાં જે કાંઈ જૂનું હતું તે સોનું ગણાતું; અને વડીલોના એ જ્ઞાનની વિરુદ્ધ હરફ પણ ઉચ્ચારવાની જે કોઇ ધૃષ્ટતા કરતો તેને સૌ તજી દેતા.

અને એ રીતે તેઓ શાંતિ સાચવતા.

એવા માથું ઉચકનારાઓને હમેશાં ભય પણ રહેતોઃ હરિયાળાં ખેતરોના પાકમાંથી એમનો પ્રજાભાગ દેવાની મના ફરમાવાય તો?

છતાં એ નાની વસાહતની શેરીઓમાં ક્યારેક ક્યારેક રાતના મોડેથી છાનીછાની વાતો પણ સંભળાતી,—પેલા પ્રશ્નો પૂછનારા કુતૂહલવશ ઘેલા સાહસિકોની.

અને એમાંના કેટલાકે તો અસ્તાચળની ટેકરીઓ પાર ઊતરવાની ધૃષ્ટતા પણ કરેલી. એમનાં સફેદ હાડકાં એ ટેકરીઓની તળેટીમાં જ પડ્યાં હતાં.

અને તેથી જ વર્ષો આવતાં ને એમ ને એમ વીત્યે જતાં; પણ અજ્ઞાનની એ ખીણમાં માનવજાત સુખ અને શાંતિથી રહેતી.

રાત્રિના અંધકારમાં એકદા એક પુરુષ આવ્યો.



એના હાથમાં ફોલ્લા પડ્યા હતા. પગમાં ચીરાડો પડી હતી. પગે તેણે ચીંથરાં વીંટ્યાં હતાં, પણ એમાંથી લોહી ઝમતું હતું.

એણે ગામની પરવાડે આવેલા છેલ્લા ઘરની સાંકળ ખખડાવી. અને ત્યાં જ એ ઢગલો થઈ પડ્યો. ભયે થરથરતા કોડિયાના પ્રકાશે તેને એ ઝૂંપડીના ખાટલા ઉપર પોઢાડ્યાં. સવાર પડતાં તો આખા ગામમાં વાત ફેલાઇ ગઈઃ 'પેલો પાછો આવ્યો છે!'

પાડોશીઓ ચોમેર ટોળે વળી માથાં ધુણાવતા હતા. તેઓ જાણતા જ હતા કે આવું પરિણામ આવવાનું છે. એ પર્વતમાળાની મર્યાદાને ઉવેખવાનું સાહસ કરનારનું ભાગ્ય નિર્માણ થએલું જ હોય છે.

અને ગામને એક ખૂણે વૃદ્ધ પ્રજ્ઞો પણ માથું ધુણાવતા બેઠા. એમનાં મોંમાંથી તીખા અગ્નિ જેવા શબ્દો ઝરતા હતા.

તેમને કાંઈ ઘાતકી થવું ગમતું નહોતું; પણ કાયદો એ કાયદો! પ્રજ્ઞો અને શાસ્ત્રોની આજ્ઞાની અવજ્ઞા કરી એણે ઘોર પાપ કર્યું હતું. જેવા એના ઘા રૂઝાઈ જાય કે તરત એને ન્યાય માટે ખડો કરવો જોઇએ.

એમને તો ઉદાર થવું હતું. ચમકતી આંખવાળી એની મા એમને યાદ આવી. ત્રીસ વર્ષ પહેલાં એના પિતાએ પણ એ પર્વતમાળાની અંદર અટવાઈ કેવું કારમું મોત વહોરી લીધું હતું એ પણ એમને યાદ આવ્યું. પણ ન્યાય એ ન્યાય! કાયદો પાળવો જ જોઇએ!

અને પ્રજ્ઞોની એ જોતા રહેવાની ફરજ હતી.

એમણે એ રખડુને બજારના ચોગાનમાં ઊભો રાખ્યો. લોકગણ અદબ વાળી શાંત ઊભો રહ્યો.

એ હજી ભૂખ અને તરસથી નબળો લાગતો હતો. વડેરાઓએ એને બેસવા ફરમાવ્યું. પણ એ બેઠો નહિ.

એમણે એને ચૂપ રહેવા આજ્ઞા કરી પણ એણે બોલ્યે જ રાખ્યું.

એણે વૃદ્ધ પ્રજ્ઞો તરફ પીઠ ફેરવી, અને જે લોકો થોડી ક્ષણ પહેલાં એના મિત્રો હતા તેના તરફ એણે આંખ માંડી.

'મારી વાત સાંભળો.' એણે કહ્યુંઃ 'એમાં તમારું કલ્યાણ છે. હું આ પર્વતમાળાઓની પેલી પારથી પાછો આવું છું મારા પગોએ નવી ધરતી ઉપર ડગલાં ભર્યાં છે. મારા હાથ એ નવી પ્રજાના હાથને ભેટી આવ્યા છે. મારી આંખોએ અદ્ભુત દૃશ્યો જોયાં છે.

જ્યારે હું બાળક હતો ત્યારે મારા પિતાની વાડી એ મારી દુનિયા હતી. મોટો થયો ત્યારે એ દુનિયાની પૂર્વે અને પશ્ચિમે, ઉત્તરે અને દક્ષિણે કાળજૂના પર્વતોની મર્યાદા હતી.

જ્યારે હું પૂછતોઃ એની પેલી પાર શું છુપાએલું છે? ત્યારે નાકે





આંગળી મુકાતી, સિસ્કારો થતો, અને માથાં ધૂણતાં. જ્યારે હું હઠ ન છોડતો ત્યારે દેવતાઓની આજ્ઞાને અવગણનારાઓના કરુણ ફેજની સાક્ષી પૂરતાં તળેટીમાં પડેલાં પેલાં હાડકાંઓ તરફ આંગળી ચીંધાતી.

જ્યારે હું બૂમ પાડી કહેતો કે એ બધું જુઠ્ઠું છે, દેવતાઓ તો વીરોને વરદાન આપે છે, ત્યારે વૃદ્ધ પ્રજ્ઞો મારી પાસે આવી એમની પવિત્ર પોથીઓના મંત્રો વાંચતા, મને શાસ્ત્રો સમજાવતા, અને દેવોએ પાડેલા સ્વર્ગ અને મૃત્યુલોકના ભેદની વાતો કરતા. ખીણનો પ્રદેશ આપણે માટે છે. પશુઓ, ફૂલો, ફળો, ધનધાન્ય આપણે માટે, આપણા ઉપભોગ માટે છે; પણ પર્વતો ને એને પેલે પારનું બધું દેવોનું છે. એને પેલે પાર શું છે એ કાળના અંત સુધી અજાણ્યું જ રહેવાનું. તે જાણવાનો માનવીને અધિકાર નથી.

આમ તેઓ કહેતા. પણ એ બધું અસત્ય હતું. તેમણે મને અસત્ય કહ્યું; તમને પણ એ અસત્ય સમજાવ્યા કર્યું છે.


પર્વતોની પેલી મેર તો સુંદર ગોચરો છે; ફળદ્રુપમાં ફળદ્રુપ વાડીઓ છે; આપણા જેવાં જ ગરમ લોહીવાળાં સ્ત્રીઓ ને પુરુષો છે; અને હજારો વર્ષોના પ્રયત્ને સમૃદ્ધ બનેલાં શહેરો પણ છે.

ત્યાં નવી વસાહત માટે મેં સુંદર પ્રદેશ શોધ્યો છે, સુખી જીવનનું સ્વપ્ન મને ફળ્યું છે. મારી પાછળ આવશો તો હું તમને ત્યાં લઈ જઈશ. દેવોનું સ્મિત તો અહીં, ત્યાં ને સર્વત્ર સરખું જ કલ્યાણકારી છે.

તે શાંત થયો. એની આ ભયાનક વાતોથી લોક ભરખાઈ ગયા જેવા સ્તબ્ધ થઇ ગયા. જાણે વિનાશની કોઈ ઘોર ચીસ ઊઠે એમ વૃદ્ધ પ્રજ્ઞો બૂમ પાડી ઊઠ્યાઃ 'ભયંકર! ભયંકર! ભયંકર ધર્મદ્રોહ, રાજ્યદ્રોહ, પ્રજાદ્રોહ! એ શેતાનનો ભમાવેલો છે! એ દ્રોહનો બીજો કોઈ દંડ જ નથી. એની બુદ્ધિ ભ્રષ્ટ થઇ છે. હજારો વર્ષથી ઊતરી આવેલા પવિત્ર શાસ્ત્રનું આવું ઘોર અપમાન? આવી ક્રૂર અવહેલના? કાયદાનો છડેચોક ભંગ? મૃત્યુદંડને જ એ પાત્ર છે'

અને પછી એમણે મોટા પથ્થરો ઉપાડ્યા.

અને એના દેહને પર્વતોની તળેટીમાં ફેંકાવવામાં આવ્યો કે જેથી પ્રજ્ઞ પૂર્વજોના શાસ્ત્ર સામે પ્રશ્નો ઉઠાવનારને એનાં હાડકાંઓ ચેતવણી આપ્યા કરે.





ખરે જ, એ સાચો હતો.

થોડા વખત પછી એ પ્રદેશમાં કારમો દુષ્કાળ પડ્યો. જ્ઞાનનો નાનકડો ઝરો સુકાઈ ગયો, તરસથી ઢોરો મરી ગયાં, ખેતરોમાં પાક બળી ગયો અને અજ્ઞાનની ખીણમાં ભૂખમરો વ્યાપી ગયો.

વૃદ્ધ પ્રજ્ઞો એથી જરા યે ન ડગ્યા. એમને હુંયે શ્રદ્ધા હતી કે દેવો ફરીથી મંગલ વર્તાવશે. પવિત્ર પોથીમાં પણ એમ જ લખેલું હતું.

કાળો ઉનાળો આવ્યો. ગામ ઉજ્જડ બની ગયું હતું. અર્ધ ઉપરાંત વસતિ મરી પરવારી હતી. જે બચ્યાં હતાં એમની એકમાત્ર આશા હતી પર્વતોને પેલે પારની ભૂમિ. પણ શાસ્ત્રાજ્ઞા ન હતી.

અને મૃત્યુદંડને ભયે પણ એ પાળવી જોઈએ.

એક રાત્રે બળવો ફાટી નીકળ્યો. જેઓ ભયના માર્યા મૂંગા હતા એમને જીવનનાશના ભયે વાચા આપી. વૃદ્ધ પ્રજ્ઞોએ નબળો નબળો વિરોધ કર્યો પણ એમને બાજુએ હડસેલી નંખાયા.

એમણે 'દેવ!' કહી કપાળ કૂટ્યું, નવી પેઢીની કૃતઘ્નતા માટે બખાળા કાઢ્યા, અને હળાહળ કળિજુગ આવી ગયાના બળાપા કર્યા. પણ જ્યારે ગાડાં માગ બહાર નીકળ્યાં ત્યારે તેઓ ગાડાખેડુઓને વળગી પડ્યા અને પોતાને પણ સાથે બેસાડવા પગે પડ્યા.

અજ્ઞાનના પ્રદેશમાંથી અનંત આગમનનો પ્રવાસ શરૂ થયો.

× × ×

પેલા રખડુને પાછો આવ્યે વર્ષો વીત્યાં હતાં. એણે આંકી આપેલા માર્ગની નિશાનીઓ મેળવવી મુશ્કેલ હતી. પહેલો પડાવ નંખાય ત્યાર પહેલાં ભૂખે અને તરસે ઘણા પડ્યા હતા. પરંતુ ત્યાર પછી કેડીઓ પર કેડીઓ મળવા લાગી ને સફર સરળ બનતી ગઇ.

ખડકોના એ કરાળ ટેકરાઓમાં થઇ અને નિબિડ અરણ્યો સોંસરવો પણ પેલા પુરુષ પ્રવાસીએ સચોટ માર્ગ યોજ્યો હતો. સરળ ક્રમે એ માર્ગ નવી ભૂમિના હરિયાળા ઉપવન તરફ દોરી જતો હતો.

લોકો મૂંગામૂંગા એકબીજા તરફ જોતા હતા.

'ખરે જ, એ સાચો હતો;' તેઓ કહેતા: 'એ જ સાચો હતો અને આ વૃદ્ધ પાજીઓ જુઠ્ઠા હતા.'

'એ સત્યનો શોધક હતો, આ બુઢ્ઢાઓ તો જુઠ્ઠાણાંના જોડનાર હતા.... અરે રે! આજ એ બાપડાનાં હાડકાં તો તળેટીમાં સડે છે, અને એ જ ડાઘલાઓ આપણાં ગાડાંમાં બેઠાબેઠા કેવા લહેરથી હજુ યે પેલી પોથીઓના શ્લોકો ગાય છે!'

'અરેરે ! એણે આપણને તાર્યા, અને આપણે એનો વધ કર્યો !'

પછી તો એમણે એ નવી ભૂમિમાં ખેતરો ખેડયાં, ઘરો બાંધ્યાં, ગામે ય વસાવ્યાં ને પછી ઘણો કાળ આનંદથી ત્યાં વસ્યા.

થોડાં વર્ષો પછી એક ભવ્ય સ્મારકમાં એનાં અસ્થિઓને લાવી પધરાવવા એમણે નિર્ણય કર્યો

એક શાંત સરઘસ પેલી તજાએલી અજ્ઞાનની ખીણમાં ગયું. પણ ત્યાં તો એનાં અસ્થિ મળ્યાં જ નહિ. એનું નામોનિશાન પણ ત્યાં હતું નહિ. કોઈ ભુખાળવા શિયાળનાં એ ભક્ષ્ય થઈ ગયાં હશે.

પણ હવે તો તળેટીની ખીણમાં એક રાજમાર્ગ બન્યો હતો. ત્યાં એમણે એક શિલાલેખ ઊભો કર્યો. એની ઉપર અજ્ઞાનના અંધકાર સામે ઝૂઝનાર એ વીરનું નામ લખ્યું. અને લખ્યું કે 'तमसो मा ज्योतिर्गमयના મંત્રદ્રષ્ટા આ વીરની જીવનકથા સંસ્કૃતિના ભાવિ વારસોનો ધ્રુવતારલો બનો.'



એ તો શરૂઆત હતી. આજે યે એવું જ છે;—પણ હવે કોઈ દિવસે ય એવું ન હોય એ અભ્યર્થના.

(અંગ્રેજી ઉપરથી)


પી. ક્. ભારદ્વાજ

કસોટી

(૧) એક જ કુટુંબનાં છોકરાં વાતો કરતાં હતાં. તેમાં એક ભાઈ કહે, 'મારે જેટલા ભાઈ છે તેથી બમણી બહેનો છે'. ત્યારે એક બહેન કહે કે મારે જેટલા ભાઈ છે તેટલી જ બહેનો છે.' તો તે બધાં મળીને કેટલાં ભાંડુ હશે ? (૨) ગણિતશિક્ષકે નીચેના વિચિત્ર દાખલા પાટિયા ઉપર લખ્યા:

બમણા ૧૦=૩૧   ૭નો વર્ગ=૬૬૩૩   ૮નો ઘન=૬૧૮

લખી રહીને પછી એમણે ખુલાસો કર્યો કે આ બધા દાખલાના અંકો મેં ઇરાદાપૂર્વક અમુક યોજનાબદ્ધ રીતે ફેરવી નાખેલા છે. એ શોધી કાઢશો એટલે ત્રણે દાખલા સરખા મળી રહેશે. તો એ ફેરફાર શો હશે ? (૩) કલાની દૃષ્ટિએ હિંદમાં કયો મિનારો, કઈ મસ્જિદ, કયું મંદિર, કયો મંડપ, કયો રોજો અને કયો ઘુમટ શ્રેષ્ઠ ગણાય છે ? (૪) ઓરડામાં અમે કેટલાક મિત્રો બેઠા હતા. તેમાં એક મીણબત્તી મેં એવી રીતે ગોઠવીને મૂકી કે માત્ર એક મિત્ર સિવાય બધા જ તે જોઈ શકતા હતા. પેલા મિત્રની આંખે પાટા પણ નહોતા બાંધેલા, તેમજ એને ઓરડામાં ચાહે તેમ ફરવાની પણ છૂટ હતી.




છતાં તેને એ દેખાતી ન હતી. તો એ મીણબત્તી કયે સ્થળે હશે ? (૫) આ આકૃતિમાં કઈ લીટી મોટી છે? अब કે अक?

આ પ્રશ્નોના ઉત્તર તમે ન શોધી શકો તો આગળ બીજે આપ્યા છે.

હૂપાહૂપનાં પરાક્રમો (૧)

ચિત્રકાર : चकोर



આળવીતરો હૂપાહૂપ આરામ કરતો હતો, ત્યાં તેને એક ટીખળ સૂઝ્યું; પણ એ તેને કેવું ભારે પડી ગયું તે જુઓ પૃ. ૨૩૬ ઉપર

સત્યાન્વેષી

સદા અવનવાં ક્ષેત્રોની વાર્તાઓ આપતા આ વિખ્યાત લેખકની એક અનોખી વાર્તા



મૂળ લેખક
શ્રી શરદિન્દુ વંદ્યોપાધ્યાય
અનુવાદક: રમણિક મેઘાણી

ઇ. **૧૯૨૫માં** યુનિવર્સિટિની પરીક્ષાઓ પૂરી કરી હું તાજો જ બહાર નીકળ્યો હતો. પૈસાની ખાસ ખેંચ હતી નહિ, કારણ પિતા બૅંકમાં જે પૂંજી મૂકી ગયા હતા એનું વ્યાજ હું કલકત્તાના એક મેસ (લૉજ)માં આનંદપૂર્વક રહી શકું એ માટે પૂરતું હતું. એથી મેં નક્કી કર્યું હતું કે આજીવન કૌમાર્ય લઈ સાહિત્યસેવામાં જ જીવન ગાળીશ.

કલકત્તામાં એક અમુક લત્તો એવો છે જ્યાં એક બાજુ સામાન્ય સ્થિતિના ગુજરાતી–મારવાડીઓ વસે છે, બીજી બાજુ કાચાં મકાનો છે ને ત્રીજી બાજુ તિરછી આંખોવાળા પીળચટ્ટા ચીનાઓનો લત્તો આવેલો છે. આ ત્રિવેણીસંગમની વચ્ચે જે એક દ્વીપ ખડો છે ત્યાં દિવસના કામકાજના વખતમાં જોતાં એની અસાધારણતા ને અસ્વાભાવિક વિશિષ્ટતાનો જરા યે ખ્યાલ ન આવે. પરંતુ સાંજ પડતાં જ એ લત્તામાં અજબ પરિવર્તન થાય છે. આઠ વાગે ન વાગે ત્યાં તો હાટ-દુકાન બધું જ બંધ થઈ જાય છે ને લત્તો એકદમ સુમસામ થઈ જાય છે. માત્ર દૂરદૂરની પાનબીડીની બેત્રણ દુકાનો ઉઘાડી હોય છે. એ વખતે એ લત્તામાં ફરનારા વધુ ભાગે નીરવ છાયામૂર્તિ જેમ જ હરેફરે છે. અને જો કે ઈ પણ અણજાણ રાહદારી અણધાર્યો એ રસ્તે આવી ચડે છે તો તે પણ ઉતાવળે ઉતાવળે ભયભીતની જેમ એ લત્તો વટાવીને ચાલ્યો જાય છે.

હું કઇ રીતે આ લત્તામાં આવી ને એક મેસનો રહેવાશી બન્યો તે વિશદ રીતે કહેવા જતાં લંબાણ વધુ થઈ જશે, એટલે એટલું જ કહું કે એ મેસને બીજે માળે એક સરસ મોટો હવાઉજાસવાળો ઓરડો બહુ સસ્તા ભાડામાં મળી જતાં વધુ રકઝક કર્યા વિના મેં એ લખાવી લીધો હતો. પણ પછી જ્યારે ખબર પડી કે આ લત્તામાં મહિને બેત્રણ જખમી થએલા શબો રસ્તામાં પડેલાં દેખાય છે, અને વિવિધ કારણે અઠવાડિયે આઠમાં એકવાર તો પોલીસ ટુકડી અચાનક આવી જ ચડે છે, ત્યારે, ન જાણે કેમ, મને મારા એ નિવાસ પર એવી મમતા જન્મી કે ફરીને મકાન માટે તપાસ કરવા નીકળવાનું મન જ ન થયું. ખાસ કરીને સાંજ પછી હું મારા લખવા વાંચવાનાં કામમાં પરોવાએલો રહેતો; બહાર જવાનું મારે કંઇ કારણ નહોતું; એથી વ્યક્તિગત હિસાબે આફતમાં સપડાવાની શંકા હતી જ નહિ.

અમારા મકાનમાં ઉપલે માળે બધા મળીને પાંચ ઓરડા હતા. દરેકમાં એક એક જણ રહેતો. એ બધા જ નોકરિયાત ને આધેડ હતા. શનિ-શનિવારે ઘેર જતા, ને પાછા સોમવારે આવી ઑફિસને કામે લાગી જતા. સાંજ પછી પાનાં યા ચોપાટ જામતાં એ વખતે મેસમાં રહેનારાઓનો અવાજ ને ઉત્તેજના જરા ઉગ્ર બનતાં. પછી નવેક વાગ્યે રસોયો આવીને ખબર આપતો કે ભોજન તૈયાર છે, ત્યારે સૌ શાન્તિપૂર્વક ઊઠીને ભોજન કરી પોતપોતાના ઓરડામાં જઇને સૂઇ જતા. આ રીતે વિના તકલિફે-શાન્તિપૂર્વક મેસનું જીવન વીતતું હતું. મેં પણ આવીને આ પ્રશાન્ત જીવનયાત્રા સ્વીકારી લીધી હતી.

મકાનની નીચેના ભાગમાં મકાનધણી પોતે જ રહેતા. એ અનુકૂલ બાબુ નામે એક હોમિયોપૅથ ડાક્ટર હતા. એ સીધા, સરળ ને શાન્ત માણસ હતા. એમણે લગ્ન નહિ કર્યા હોય એમ લાગતું હતું, કારણ તેમને ત્યાં કોઈ સ્ત્રીબાળકો ન હતાં. મેસનાં રસોઈપાણી અને ભાડુતોનાં સુખસગવડનો એ પૂરો ખ્યાલ રાખતા. એટલી બધી કાળજી રાખીને એ આ બધું કરતા કે કોઈને કશી ફરિયાદ કરવાપણું રહેતું જ નહિ. મહિનાની શરૂમાં ભાડા અને ખોરાકી માટે ૨૫ રૂપિયા એમના હાથમાં મૂકયા એટલે સૌ બધી વાતે નચિંત થઇ જતા.

એ લત્તાના ગરીબ લોકોની વચ્ચે ડાક્ટરનો પ્રસાર સારી પેઠે હતો. સવાર સાંજ એમના દવાખાનામાં ભીડ જામેલી રહેતી. એ દવાખાનામાં જ બેઠાબેઠા સાધારણ કિંમતે દવા વેચતા. દરદીને ત્યાં વિઝિટે બહુ જતા નહિ, ને જતા તો ફી ન લેતા. એ કારણે આજુબાજુનાં સૌને એમને માટે અત્યંત માન હતું. હું પણ થોડા જ વખતમાં એમનો ભારે ભક્ત થઇ ગયો હતો. સવારે દસ વાગ્યામાં તો સૌ ઑફિસે ચાલ્યા જતા હતા. મેસમાં અમે બે જ બાકી રહેતા. નહાવું–જમવું લગભગ સાથે જ કરતા. ને પછી બપોર પણ ગપસપ ને છાપાંની ખબરો પરની ચર્ચામાં સાથે જ વીતતી. ડાક્ટર અત્યંત ભોળા અને ભલા માણસ હોવા છતાં બહુ સરસ રીતે વાતો કરી જાણતા. ઉંમરે એ લગભગ ચાળીસીએ પહોંચવા આવ્યા હતા. યુનિવર્સિટિની કોઈ ઉપાધિ એમણે મેળવી નહોતી; છતાં ઘેર બેઠાં એટલા વિવિધ વિષયનું જ્ઞાન એમણે મેળવ્યું હતું કે એમની વાતો સાંભળતાં વિસ્મય થતું ને હું આશ્ચર્ય પ્રગટ કરતો. એ શરમાઇને કહેતા: 'બીજું તો કંઈ કામ નથી. ઘેર બેઠાંબેઠાં પુસ્તકો વાંચ્યા કરું છું. હું જે કંઈ જાણું છું તે બધું પુસ્તકમાંથી જ જાણ્યું છે.'

એ મેસમાં રહેતાં બે મહિના વીતી ગયા પછી એક દિવસ લગભગ દસ વાગે હું ડાક્ટરને ત્યાં બેઠાબેઠા છાપાનાં પાનાં ફેરવતો હતો. અશ્વિનીબાબુ પાન ચાવતાચાવતા ઑફિસે ચાલ્યા ગયા. પછી ઘનશ્યામબાબુ બહાર નીકળ્યા. દાંતની પીડાને અંગે ડાક્ટર પાસેથી દવા લઇ એ ઑફિસે ચાલ્યા. બીજા બે જણ પણ એક પછી એક ચાલ્યા ગયા, ને પછી આખા દિવસ માટે મેસ ખાલી થઈ ગયો.

ડાક્ટર પાસે બેત્રણ દરદી ઊભા હતા. તેઓ એક પછી એક દવા લઈ ગયા. તે પછી કપાળે ચશ્માં ચડાવી ડાક્ટરે મને પૂછ્યું, 'કેમ, કંઈ નવીન છે છાપામાં?'

'કાલે સાંજે આપણા લત્તામાં પોલીસ જડતીએ આવી હતી.'

ડાક્ટર હસ્યા: 'એ તો રોજિંદી વાત થઈ. કયાં તપાસ થઈ?'

'પાસેજ ૩૬ નંબરમાં; શેખ અબ્દુલ ગફુર નામના કોઇકને ત્યાં.'

ડાક્ટર બોલ્યા, 'ઓહ, એને તો હું ઓળખું છું. રોજ મારી પાસે દવા લેવા આવે છે. શા માટે જડતી લેવાઇ? કંઇ લખ્યું છે?'

'લોકેન, આ વાંચોને!' કહી મેં દૈનિક 'કાલકેતુ' ડાક્ટર સામે ધર્યું.

ડાક્ટર ચશ્માં કપાળેથી નીચાં ઉતારી વાંચવા લાગ્યા: 'ગઈ કાલે છત્રીસ નંબર .... સ્ટ્રીટમાં શેખ અબ્દુલ ગફુર નામના એક

ચામડાના વેપારીને ત્યાં પોલીસ-જડતી થઈ હતી, પરંતુ કોઇપણ ગેરકાયદે ચીજ મળી નથી. પોલીસનું અનુમાન છે કે આ લત્તામાં ક્યાંક પણ કોકેનની છૂપી આડત છે. કોઇક એક ચાલાક ટોળી પોલીસની આંખમાં ધૂળ નાખી ઘણા સમયથી આ ગેરકાયદે ધંધો ચલાવી રહી છે. પરંતુ કમનસીબીની વાત છે કે આ ટોળીનો અગ્રણી કોણ છે, એનું છૂપું સ્થાન કયું છે, તેનો પત્તો હજુ યે મળી શક્યો નથી.'

જરા વિચારમાં પડી જઈ ડાકટર બોલ્યા, 'બરાબર છે. મને પણ લાગતું હતું કે આ બાજુ ક્યાંક કોકેનનો જબ્બર સંઘરો હોવો જોઇએ. બેએકવાર એની ગંધ મને પણ આવેલી;—જાણો છો ને, વિવિધ પ્રકારના લોકો મારે ત્યાં દવા લેવા આવે છે. બીજું ગમે તે કરતા હોય, પરંતુ કોકેનખોરો ડાકટર પાસે જાત ગોપવી શકતા નથી. પરંતુ આ અબ્દુલ ગફુર તો મને કદી યે કોકેનખોર નથી લાગ્યો. હા, એ પાકો અફીણિયો છે એ હું ભારપૂર્વક કહી શકું અને એ તો એ પોતે પણ એ છુપાવતો નથી'. કહી આળસ મરડી એ ઊભા થઇ ગયા.

હું યે ઊઠુંઊઠું જ કરતો હતો. એવામાં એક માણસ આવ્યો. એ ચોવીસ-પચ્ચીસ વર્ષનો ભણેલો ભદ્ર જુવાન જણાયો. વાને રૂપાળો, સુડોળ સુંદર મોં, અને મોં ઉપર તેજસ્વિતા. છતાં લાગતું'તું જાણે હમણાં કંઈ ઉપાધિમાં આવી પડ્યો છે; કારણ એનાં કપડાંનો જરાયે ધડો નહોતો, વાળ તેલવિહોણા વિખરાએલા, ખમીસ મેલું, અને પગના જોડા પણ પૉલિશને અભાવે રુક્ષતા બતાવતા હતા. મોં ઉપર એક ઉત્કંઠિત યાચનાનો ભાવ જણાતો હતો. મારા તરફથી ડાકટર બાબુ તરફ નજર ફેરવીને એણે પૂછ્યું, 'સાંભળ્યું છે કે આ એક મેસ છે. કોઈ જગ્યા ખાલી છે?'

જરા વિસ્મય પામી અમે બંને એના તરફ જોઇ રહ્યા હતા. ડાકટર બાબુએ માથું હલાવી કહ્યું, 'ના; તમે શું કામ કરો છો?'

એ થાકેલ માંદાની જેમ બાંકડા પર બેસી ગયો ને બોલ્યો, 'હમણાં તો નોકરી માટે અરજીઓ કરું છું, ને ક્યાંક પડી રહેવા ઠેકાણું શોધું છું. પરંતુ આ હતભાગી શહેરમાં કોઇપણ મેસમાં એકાદ જગ્યા પણ ક્યાં ખાલી છે? બધે એકેએક જગ્યા ભરાએલી જ છે.'

સહાનુભૂતિ બતાવતા ડૉકટર બોલ્યા, 'સીઝન વખતે જગ્યા મેળવવી બહુ મુશ્કેલ છે. શું નામ આપનું?'

'અતુલચંદ્ર મિત્ર. કલકત્તા આવ્યો ત્યારનો નોકરી શોધતો ફરું છું. દેશમાંથી વાસણકુસણ વેચીને જે થોડાક રૂપિયા લાવ્યો હતો એ પણ હવે તો લગભગ પૂરા થવા આવ્યા છે. પચીસ ત્રીસ જ બાકી રહ્યા હશે. પણ બે વાર જો હૉટેલમાં ખાઉં તો એ પણ હવે કેટલા દિ' ચાલે? એથી જ કોઈ સારો મેસ શોધું છું. વધુ દિવસ માટે નહિ;—એકાદ મહિનામાં તો ક્યાંક ઠેકાણે પડી જઇશ. એટલા દિવસ બે ટંક શાક ભાત અને રહેઠાણ મળે તો વધુ જરૂર મારે નથી.'

ડાકટર બોલ્યા, 'બહુ દિલગીર છું અતુલ બાબુ, પણ મારે ત્યાં જરા યે જગ્યા ખાલી નથી બધી જ ઓરડીઓ અપાઈ ગઈ છે.'

એક નિસાસો નાખી અતુલ બોલ્યો, 'તો બીજો શો ઉપાય? જાઉં પાછો. જોઉં જો કોઈક જગ્યા મળે તો. જરા પાણી પાશો કે?'

ડાકટર પાણી લેવા ઊઠ્યા. એની અસહાય સ્થિતિ જોઇ મને બહુ દયા આવી. જરા અચકાતાં મેં કહ્યુ, 'મારી રૂમ ઠીકઠીક મોટી છે. બે જણ રહેશું તો તકલિફ નહિ પડે. જો તમને વાંધો ન હોય તો—'

અતુલ આનંદિત થઇ કુદકો મારતાં બોલી ઊઠ્યો, 'વાંધો? તમે કહો છો શું? સ્વર્ગ થશે સ્વર્ગ, મારે માટે તો એ.' ને ઝટપટ કમરેથી થોડાક રૂપિયા કાઢી એ બોલ્યો, 'બોલો, શું આપવું પડશે? પૈસા પહેલાં લઈ લ્યો એટલે નિરાંત થાયને? મારી પાસે પાછા—'

એની આતુરતા જોઇ હસીને મેં કહ્યું, 'રહેવા દો. રૂપિયા પછી આપજો; અત્યારે કંઇ ઉતાવળ નથી.' ડાકટર પાણી લઇને પાછા ફર્યા. મેં એમને કહ્યું, 'આ બીચારા બહુ મુશ્કેલીમાં છે, તો હમણાં મારા રૂમમાં જ ભલેને રહેતા. મને કંઇ તકલિફ જેવું નથી.'

કૃતજ્ઞતાથી ગદ્ગદ્ થતો અતુલ બોલ્યો, 'મારા ઉપર બહુ દયા કરી છે એમણે. આ દરમિયાન જો બીજે ક્યાંક જગ્યા મળશે તો તુરત ત્યાં ચાલ્યો જઇશ.' કહી એણે પ્યાલો ખાલી કરી નીચે મૂક્યો.

ડાકટર જરા ચમકી મારા તરફ જોઇને બોલ્યા, 'તમારા રૂમમાં? એમ? સારૂં સારૂં. તમને જો વાંધો ન હોય તો પછી મારે શું કહેવાનું છે? તમારે સગવડ પણ થશે. ભાડું અધુંઅર્ધું થઇ જશે.'

હું બોલી ઊઠ્યો, 'ના, એ માટે નહિ. એ તકલિફમાં છે એથી જ.'

ડાકટર હસીને બોલ્યા, 'એ તો છે જ. તો તમે તમારો સરસામાન લઇ આવો અતુલબાબુ, હમણાં અહીં જ રહેજો.'

'જી હા, સામાનમાં શું છે મારે? એક બિસ્તરાનું અને એક કૅન્વાસની બૅગ. એક હૉટેલના દરવાન પાસે મૂકી આવ્યો છું. હમણાં જ લઇ આવું છું.' કહી એ ચાલ્યો ગયો.

એના ગયા પછી થોડીવાર અમે ચૂપચાપ બેસી રહ્યા. ડાકટરબાબુ અન્યમનસ્કપણે ચશ્માં સાફ કરવા લાગ્યા. મેં પૂછ્યું, 'શું વિચારો છો ડાકટર બાબુ?' ડાકટર ચમકીને બોલી ઊઠ્યા, 'કંઇ નહિ, મુશ્કેલીમાં આવેલાને આશરો દેવો એ સારૂં છે. તમે સારૂં કામ કર્યું છે. છતાં પેલું જાણો છો ને? શાસ્ત્રમાં વચન છે કે 'અજ્ઞાત કુલ શીલસ્ય'. —પણ જવા દો. એ વાત. આપણે આશા રાખીએ કે કંઇ તકલિફ ઊભી ન થાય.' કહી એ ઊભા થઇ ગયા.

અતુલ આવીને મારી સાથે રહેવા લાગ્યો.

અતુલ દિવસે વધુ ભાગે મેસમાં ન રહેતો. વહેલી સવારે ઊઠી નોકરીની શોધમાં નીકળી પડતો ને દસ-અગિયારે પાછો ફરતો. આવીને સ્નાન ભોજન પતાવીને પાછો એ બહાર નીકળી જતો. છતાં જેટલો વખત એ મેસમાં રહેતો એટલા વખતમાં એણે સૌની સાથે દોસ્તી જમાવી લીધી હતી. સાંજ પછી રમતમાં એને સાદ દેવાતો.



પરંતુ એ ગંજીપો કે શેતરંજ જાણતો ન હતો. એટલે થોડીકવાર ત્યાં બેસી ધીરેકથી નીચે ચાલ્યો જતો, ને ત્યાં ડાકટર સાથે અલક-મલકની હાંકતો. મારી સાથે એને સારૂં ફાવી ગયું હતું. અમે બને એકસરખી ઉમરના ને વધારેમાં એક જ રૂમમાં સૂવા ઊઠવા ને બેસવાનું એટલે અમે બહુ જલદી નિકટના મિત્રો બની ગયા.

મતુલ આવ્યા પછી આઠદસ દિવસ મોજથી ચાલ્યા ગયા. એ પછી મેસમાં વિવિધ પ્રકારની વિચિત્ર વાતો બનવી શરૂ થઈ.

સાંજ પછી અતુલ અને હું ડાકટર પાસે બેસી વાતોના તડાકા મારતા હતા. દરદીઓની ભીડ ઓછી થઈ ગઈ હતી. વચ્ચેવચ્ચે બેએક જણ આવી, બીમારીની વાત કરી દવા લઈ જતા હતા. ડાકટર અમારી સાથે વાતો કરતાકરતા એમને પતાવ્યે જતા હતા. ગઈ રાતે અમારા મેસની સામે જ એક ખૂન થઈ ગયું હતું. આજે સવારે રસ્તા પર એ શબ દેખાતાં જરા ઉત્તેજના પ્રસરી હતી. અમે એ વિષે જ ચર્ચા કરતા હતા. ખાસ ઉત્તેજનાનું કારણ એ હતું કે શબ જોતાં તે માણસ ગરીબ લાગતો હતો, છતાં એની કમ્મરેથી સોસોની દસ નોટો મળી આવી હતી. ડાકટર કહેતા હતા કે 'આ કામ કોકીનખોર સિવાય બીજા કોઈનું નથી. વિચારી જુઓ, કે જો રૂપિયાને લોભે કોઇએ આ કામ કર્યું હોય તો તે એની કમ્મરેથી આ નોટો પણ ન લઇ જાય ? મને લાગે છે કે એ નક્કી કોકીનખોર હશે. કોકીન ખરી-દવા જતાં વેપારીઓ વિષેની કંઇ ગુપ્ત વાત એ જાણી ગયો હશે. કાં તો એણે પોલીસનો ભય દેખાડ્યો હશે ને કાં તો બ્લૅકમેઈલ કરવાનો પ્રયત્ન કર્યો હશે. અને પછી—બસ, ખેલ ખતમ !'

અતુલ બોલ્યો, 'કોણ જાણે, પણ મને તો બહુ બીક લાગે છે. તમે આ મહોલ્લામાં રહી કેમ શકો છો ? પહેલેથી જાણતો હોત તો હું—'

ઓચિંતો પાછળ 'ખટ્' અવાજ સંભળાતાં પાછળ જોયું તો અમારા મેસના અશ્વિનીબાબુ દરવાજા પાસે ઊભાઊભા અમારી વાતો સાંભ-ળતા હતા. એમના મોં પરની અસ્વાભાવિક ફિક્કાશ જોતાં હું ચમક્યો. મેં પૂછ્યું, 'શું થયું છે અશ્વિનીબાબુ ? તમે અત્યારે નીચે કેમ ?'

અશ્વિનીબાબુ જરા છોભીલા પડી જઈ બોલ્યા, 'ના, કંઇ નહિ; અમસ્તો જ; આ જરાક—બીડી લેવા.' એમ બોલતા એ ઉપર ચાલ્યા ગયા. અમે સામસામા તાકી રહ્યા. પ્રૌઢ ને ગંભીર પ્રકૃતિના અશ્વિની-બાબુને અમે બધા માનની નજરે જોતા. એ ઓચિંતા નીરવપણે નીચે આવી બારણા આડે ઊભા રહી અમારી વાતો શીદ સાંભળતા હશે ?

રાત્રે વાળુ કરવા બેઠા ત્યારે જણાયું કે અશ્વિનીબાબુએ આજ વહેલું જ વાળુ કરી લીધું છે. જમી કરીને નિયમ મુજબ સીગારેટ ફૂંકતો ફૂંકતો હું રૂમમાં આવ્યો ને જોયું તો અતુલ માત્ર એક ઓ-શીકું લઈ, કંઈ પણ પાથર્યા વિના જમીન ઉપર જ આડો પડ્યો છે. ઓરડામાં અંધકાર હતો. અતુલ કંઇ બોલ્યો નહિ; એથી વિચાર્યું કે એ થાકીને ઊંઘી ગયો છે. મને જરા યે ઊંઘ નહોતી આવતી; પણ બત્તી કરીને વાંચવા-લખવા બેસતાં અતુલની ઊંઘમાં ખલેલ પડશે એમ વિચારી હું ધીરે પગલે ઘરમાં અંધારામાં જ આંટા મારવા લાગ્યો. થોડી વાર એ જ રીતે ફર્યા બાદ ઓચિંતું મને થયું કે જઇને અશ્વિની-બાબુને પૂછું તો ખરો કે તમને કંઈ ઠીક નથી કે શું ? મારી ઓરડી પછી બીજી નહિ ને ત્રીજી જ ઓરડી એમની હતી. જઇને જોયું તો એમનું બારણું ખુલ્લું હતું. બહારથી સાદ દેતાં અંદરથી કંઇ જ ઉત્તર ન સંભળાયો. કુતૂહલ થતાં અંદર ગયો. બારણાની બાજુમાં જ સ્વિચ હતી. પ્રકાશ કરીને જોયું તો ઓરડીમાં કોઇ જ ન હોતું.

અરે ! આટલી રાત્રે એ ક્યાં ગયા હશે ? ધાર્યું કે કદાચ ડાકટર પાસે ગયા હશે. નીચે ગયો તો ડાકટરનો દરવાજો અંદરથી બંધ હતો. મને થયું એ સૂઈ ગયા હશે. દરવાજા પાસે થોડી વાર અનિશ્ચિતપણે ઊભો રહી પાછો ફરતો હતો ત્યાં અંદરથી કોઇનો અવાજ સંભળાયો. અત્યંત ઉત્તેજિતપણે પણ દબાએલા અવાજે અશ્વિનીબાબુ બોલતા હતા.

એકવાર થયું કે કાન માંડીને સાંભળું કે શી વાત છે. પણ બીજી જ પળે એ ઈચ્છાને મેં દાબી દીધી. કદાચ અશ્વિનીબાબુ પોતાના કોઇ છૂપા રોગની વાતો કરતા હોય તો એ મારે સાંભળવી ન જોઇએ. એટલે હું બિલ્લી પગે પાછો ઉપર ચડી મારી રૂમમાં ગયો.

અતુલ અગાઉની જેમ જ જમીન પર સૂતો છે. મને જોઈ માથું ઊંચું કરી એ બોલ્યો 'કેમ ? અશ્વિનીબાબુ ઓરડીમાં નથી ને ?'

ચમકીને મેં કહ્યું, 'ના; તું જાગતો હતો કે શું ?'

'હા; અશ્વિનીબાબુ નીચે ડાકટરની રૂમમાં છે.'

'તેં કેવી રીતે જાણ્યું ?'

'એ જાણવું હોય તો આ ઓશીકા પર કાન રાખી સૂઈ જો.'

કુતૂહલવશ થઈ અતુલના માથા પાસે માથું રાખી હું સૂતો. થોડી વારે અસ્પષ્ટ વાતચિત કાને પડવા લાગી ને પછી તો સાફ સંભળાવા લાગ્યું. ડાકટર કહેતા હતા, 'તમે બહુ ઉત્તેજિત થઈ ગયા છો. એ તમારા દૃષ્ટિભ્રમ સિવાય બીજું કંઈ નથી આ દરદમાં ઊંઘમા વચ્ચે-વચ્ચે એમ થયા કરે છે. હું આ દવા દઉં છું તે ખાઇને સૂઇ જાઓ. સવારે ઊઠ્યા પછી પણ તમને એમ જ લાગે તો જે કરવું ઘટે એ કરજો.'

જવાબમાં અશ્વિનીબાબુ શું બોલ્યા તે સંભળાયું નહિ. ખુરશી ખેંચાવાના અવાજથી જાણ્યું કે બંને હવે ઊઠ્યા.

મેં ઊભા થઇ કહ્યું, 'ડાકટરનો રૂમ આપણા રૂમની નીચે જ છે એ તો મને ખ્યાલ જ નહોતો. પણ શી વાત છે ? અશ્વિનીબાબુને શું થયું છે?'

અતુલ ભવાં ખેંચીને બોલ્યો, 'ભગવાન જાણે ! રાત બહુ થઈ છે. હવે સૂઈ જઇએ.' મેં શંકાથી પૂછ્યું, 'તું નીચે શા માટે સૂતો હતો ?'

'આખો દિ ફરીફરીને થાકી ગયો હતો. જમીન પર મઝાની ટાઢક લાગી એટલે સૂતો હતો. ઊંઘ પણ આવી હતી. ત્યાં અચાનક વાતચિતનો અવાજ સાંભળી ઊંઘ ઊડી ગઈ.'

દાદર પર અશ્વિનીબાબુનાં પગલાં સંભળાયાં. એમણે પોતાના રૂમમાં જઈ જોરથી બારણું બંધ કર્યું.

ઘડિયાળમાં જોયું તો રાતના અગિયારનો શુમાર હતો. અતુલ સૂઈ ગયો હતો. મેસ પણ તદ્દન નીરવ હતો. હું પથારીમાં પડી અશ્વિનીબાબુની વાત વિચારતોવિચારતો ઊંઘી ગયો.

સવારે અતુલનો ધબ્બો ખાતાં હાંફળોફાંફળો ઊઠ્યો. સાત વાગી ગયા હતા. અતુલ બોલ્યો, 'અઈ ઊઠ ! ઊઠ ! . . . બધું બરાબર નથી લાગતું. અશ્વિનીબાબુ—'

'કેમ ? શું થયું છે એમને ?'

'અશ્વિનીબાબુના રૂમનું બારણું ખુલતું નથી. બૂમાબૂમ કરવા છતાં યે કંઇ જવાબ મળતો નથી !'

'કંઈ થયું છે એમને ?'

'એ કેમ કહેવાય ? તું આવને !' અમે ઝટપટ બહાર નીકળ્યા.

બહાર આવીને જોયું તો અશ્વિનીબાબુના રૂમ પાસે બધા ઊભા છે. ઊંચે સાદે બૂમાબૂમ ને બારણાંને ધક્કાધક્કી થઈ રહી છે નીચે-થી ડાકટર પણ આવ્યા છે ચિંતા ને આતુરતા વધ્યે જાય છે, કારણ અશ્વિનીબાબુ આટલે મોડે સુધી સૂતા હોતા નથી. વદુપરાંત જો સૂતા જ હોય તો આટઆટલી બૂમાબૂમ છતાં યે જાગતા કેમ નથી ?

અતુલે ડાકટરને પૂછ્યું, 'કહો તો દરવાજો તોડાવી નાખીએ.'

ડાકટર બોલ્યા, 'હા, હા, એમાં કહેવાનું શું છે ? કદાચ એ બી-ચારા મૂર્છિત થઇને પડ્યા હોય. નહિ તો જવાબ શા માટે ન દે ?

મોડું કરો મા અતુલબાબુ, બારણાં તોડી નાખો.'

અતુલ અને બીજા ત્રણ જણાના એકસામટા ધક્કાએ લોખંડી આપ-આગળો (ઑટોમૅટિક-લૉક) તૂટી પડયાં ને ત્રણ્ ત્રણ્ કરતો દરવાજો ખૂલી ગયો. ત્યારે ઉઘાડા બારણામાંથી જે દૃશ્ય સૌની નજરે પડ્યું તે જોઈ વિસ્મય ને ભયથી કોઈના મોંમાંથી એક શબ્દ સરખો ન નીકળ્યો. બરાબર બારણાની સામે જ અશ્વિનીબાબુ ચત્તાપાટ પડ્યા હતા. એમના ગળા પર એક બાજુથી બીજી બાજુ સુધી કાપ થયો હતો. માથા ને ખભા નીચે લોહી જામી ગયું હતું;—જાણે લાલ મખમલનો ગાલીચો ન બિછાવ્યો હોય! તેમના જમણા હાથમાં એક લોહિયાળ અસ્ત્રો ત્યારે પણ જાણે હસતો હતો!

અમે સૌ તદ્દન જડની જેમ થોડા વાર ઊભા રહ્યા. પછી અતુલ અને ડાક્ટર એકીસાથે ઓરડામાં પ્રવેશ્યા. ડાક્ટર વિહ્વળપણે અશ્વિનીબાબુના ચીતરી ચડે તેવા શબ તરફ તાકતા રહી ધ્રૂજતે સાદે બોલ્યા, 'કેટલું ભયાનક! આખરે એમને આપઘાત કરવો પડયાં!'

પણ અતુલની આંખ શબ તરફ નહોતી. એની આંખો ત્વરાથી રૂમમાં ચોતરફ ફરતી હતી. એણે એક વાર બિછાનું જોયું, રસ્તા તરફની ઉઘાડી બારી વાટે નીચે ડોકિયું કર્યું ને પછી એ બોલ્યો, 'આ આપઘાત નથી, ડાક્ટર! ખૂન છે—નૃશંસ માનવહત્યા છે! હું પોલીસને બોલાવવા જાઉં છું. તમે કોઇ કોઈપણ ચીજને ન અડતા.'

ડાક્ટર બોલ્યા, 'શું કહો છો, અતુલબાબુ? ખૂન? પણ બારણું તો અંદરથી બંધ હતું. તદુપરાંત પેલું—'કહી એમણે મૃતકના હાથમાંનો લોહિયાળ અસ્ત્રો બતાવ્યો.

પોલીસે મેસના રસોયાથી માંડીને અમારા સૌની જુબાની લીધી. જે જે જાણતા હતા તે તેમણે કીધું. પરંતુ કોઇની જુબાનીમાંથી એવું કંઈ ન જડ્યું જેથી અશ્વિનીબાબુના મૃત્યુનું રહસ્ય ઉકેલી શકાય. અશ્વિનીબાબુ અત્યંત સાદા સરળ માનવી હતા. કોઈની સાથે એમને વેરઝેર નહોતું. મેસ અને ઑફિસ સિવાય બીજે ક્યાંયે કોઈ એમનું મિત્રમંડળ નહોતું. દર શનિવારે એ અચૂક ઘેર જતા. દસબાર વર્ષથી આમ જ ચાલ્યા કરતું. થોડા દિવસથી તેઓ બહુમૂત્રના રોગથી પીડાતા હતા. આમ, થોડીક સાધારણ હકીકત મળી.

ડાક્ટરે પણ જુબાની આપી. એમણે જે કહ્યું તે પરથી રહસ્ય જડ્યું નહિ; ઊલટું વધુ જટિલ થઈ પડ્યું. એમણે કહ્યું: 'છેલ્લાં બાર વર્ષથી અશ્વિનીબાબુ મારા મેસમાં રહેતા હતા. એમનું ગામ બર્દવાન જિલ્લામાં હરિહરપુર. એ એક વેપારી પેઢીમાં કામ કરતા સો-સવા સો રૂપિયા તેમને પગાર મળતો. એટલી આવકમાં આખું કુટુંબ લઇ કલકત્તામાં રહેવું સુગમ ન હોઇને એ એકલા જ મેસમાં રહેતા. મેસમાં રહેનાર લગભગ બધા એ રીતે જ રહેતા હોય છે.

અશ્વિનીબાબુને હું ઓળખું છું ત્યાં સુધી એ સરળ પ્રકૃતિના કર્તવ્યનિષ્ઠ માણસ હતા. ક્યારે ય કોઈનું લેણું બાકી રાખતા નહિ. કોઈ ખોટે રસ્તે એ જતા હોય કે ખોટો નશો એમને હોય એવું અમે જાણ્યું નથી. આ વિષે મેસમાંના સૌની સાક્ષી એક જ કહેશે. આ બાર વર્ષના ગાળામાં તેમના સંબંધે અસ્વાભાવિક કે સંદેહજનક કંઇ જ જણાયું નથી. છેલ્લા થોડાક મહિનાથી એ મૂત્રરોગથી પીડાતા હતા. મારી જ દવા કરતા હતા. પણ એમનામાં માનસિક રોગનાં કંઇ જ લક્ષણો દેખાયાં નથી. કાલે ઓચિંતી જ એમની વર્તણૂકમાં એક અસ્વાભાવિકતા દેખાઇ હતી.

કાલે લગભગ પોણા દસે હું દવાખાનામાં બેઠો હતો, ત્યાં ઓચિંતા આવી એમણે કહ્યું, ડાક્ટર, તમારી સાથે થોડી વાત કરવી છે. જરા ચમકીને હું એમની સામે જોઇ રહ્યો. એ અત્યંત વ્યાકુળ દેખાયા. મેં પૂછ્યું, શી વાત છે? એમણે ચોતરફ જોઈ ધીરે સાદે કહ્યું, અત્યારે નહિ; ફરી ક્યારેક. ને આટલું કહી એ ઉતાવળે જતા રહ્યા.

સાંજ પછી હું, અજિતબાબુ ને અતુલબાબુ મારી રૂમમાં બેઠા વાતો કરતા હતા. એવામાં અજિતબાબુએ દરવાજા પાસે ઊભા રહીને અમારી વાતો સાંભળતા અશ્વિનીબાબુને જોયા. એમને બોલાવતાં એ જેમતેમ ખુલાસો કરી ઝડપથી ઉપર ચાલ્યા ગયા. અમે અવાક થઈ ગયા ને વિચારમાં પડી ગયા કે અશ્વિનીબાબુને થયું છે શું?

તે પછી રાત્રે દસ વાગ્યે એ ચોરની જેમ ચૂપચાપ મારી પાસે આવીને ઊભા રહ્યા. એમના મોં પરથી જ હું સમજી ગયો કે એમની માનસિક સ્થિતિ સ્વાભાવિક નથી. બારણું બંધ કરી એ જેમતેમ ઘણું યે કહેવા લાગ્યા. ક્યારેક કહે કે પોતે ભયંકર સ્વપ્નો જુએ છે, તો ક્યારેક કહે કે કોઈ ભયાનક ભેદ એમણે જાણ્યો છે. એમને શાંત પાડવા મેં ઘણી મહેનત કરી, પણ વ્યર્થ. આખરે મેં એક પડીકી ઊંઘ માટે આપી કહ્યું કે આજે આ દવા ખાઇને સૂઈ જાઓ. કાલ સવારે તમારી બધી વાત સાંભળીશ. ને એ દવા લઇને ઉપર ચાલ્યા ગયા.

એ જ એમની સાથેનો મારો છેલ્લો મેળાપ. તે પછી આજ સવારે આ બનાવ! એમનું વર્તન જોતાં એમની માનસિક દશા વિષે મને શંકા થઈ હતી ખરી, પરંતુ ક્ષણિક ઉત્તેજનાવશ તેઓ આમ આપઘાત કરશે એવી તો મને કલ્પના પણ ન હતી.'

દારોગાએ પૂછ્યું, 'તમે આને આત્મહત્યા માનો છો?'

ડાક્ટર બોલ્યા, 'બીજું હોઇ પણ શું શકે? છતાં અતુલબાબુ કહે કહે છે કે આ આત્મહત્યા નથી, કંઇક બીજું છે. આ બાબત કદાચ એ કંઈ વધુ જાણતા હશે, તો પોતે કહી શકશે.'

દારોગાજી અતુલ તરફ ફરીને બોલ્યા, 'તમે જ અતુલબાબુ ને? આ આપઘાત નથી એમ માનવાનું કંઇ કારણ છે?'

'છે. પોતાને જ હાથે માણસ આટલી નિર્દયતાપૂર્વક ગળું કાપી ન શકે. તમે લાશ જોઇ છે. વિચારી જુઓ. આપઘાત અશક્ય છે.'

થોડી વાર વિચાર કરી દારોગાજી બોલ્યા, 'ખૂની કોણ હશે? તમને કોઇના પર શક આવે છે ખરો?'

'ના.'

'ખૂનનું કારણ કંઈ કલ્પી શકો છો?'

અતુલે રસ્તા તરફની બારી બાજુ આંખો ઠેરવી કહ્યું, 'આ બારી ખૂનનું કારણ છે.'

દારોગાજીએ ચમકીને પૂછ્યું, 'ખૂનનું કારણ બારી? તમે કહેવા શું માગો છો? ખૂની એ બારી વાટે અંદર આવ્યો હતો?'

'ના. ખૂની બારણા વાટે જ અંદર આવ્યો હતો.'

દારોગાજીએ મૃદુ હસીને કહ્યું, 'કદાચ ભૂલી ગયા લાગો છો કે બારણું અંદરથી વાસેલું હતું.'

'ના, યાદ છે.'

'સહેજ પરિહાસના અવાજે દારોગાજીએ કહ્યુ.'તો શું અશ્વિનીબાબુએ મર્યા પછી ઊભા થઇને બારણું બંધ કરી દીધું?'

'ના, ખૂનીએ ખૂન કર્યા બાદ બહારથી જ બારણું વાસી દીધું છે.'

'એ કેમ કરીને બને?'

'બહુ જ સહેલાઈથી. જરાક વિચારો એટલે તરત સમજાશે.'

ડાક્ટર આટલો વખત બારણા તરફ જ તાકી રહ્યા હતા તે બોલી ઊઠ્યા, 'બરાબર છે, બરાબર છે. બારણું બહારથી બહુ સહેલાઈથી વાસી શકાય છે. આટલીવાર સુધી આપણને એ ખ્યાલમાં જ નહોતું આવ્યું. જુઓને, બારણામાં ઑટોમૅટિક લૉક છે.'(આગળ પૃ.૨૨૬મે)


અણુ-શક્તિ

સૃષ્ટિના ઇતિહાસપથ ઉપર એક નવું સીમાચિહ્ન
જેની વિરાટ-ભીષણ તાકાત આ સૃષ્ટિની શકલ પલટી નાખશે
—પોતાની સર્જનશક્તિથી, યા સંહારશક્તિથી

ગઈ છઠ્ઠી ઑગસ્ટે આ સૃષ્ટિ પર એક નવો યુગ શરૂ થયો! સૃષ્ટિના ઇતિહાસના અભ્યાસીઓ જાણે છે કે પહેલાં અંધકાર યુગ હતો; પછી પત્થર યુગ આવ્યો; પછી લોહ યુગ, તે પછી વરાળ યુગ, ને તે પછી વિજળી યુગમાં જગત હતું. પણ ગઈ ૬ઠ્ઠી ઑગસ્ટે જાપાનના હીરોશીમા શહેર પર પહેલો અણુબૉંબ ફેંકવામાં આવ્યો અને તેનું પરિણામ જોઇ જગત વિચારવા લાગ્યું કે શું વીજળી યુગ પૂરો થઇને પરમાણુ યુગ શરૂ થઇ ગયો!? માણસે અણુને વશ કર્યો છે અને અણુછેદનથી જે વિરાટ શક્તિ ઉત્પન્ન થાય છે તેને પોતાની સેવામાં યોજી છે.

પરંતુ એ શક્તિનો માનવીએ આજે જે ઉપયોગ કર્યો છે તે જોઇને તો દુનિયાના વિવેકશીલ લોકો હબકી ગયા છે; કેમકે તે ઉપયોગ સૃષ્ટિના કલ્યાણ માટે નહિ પણ વિનાશ માટે થયો છે. અને વિનાશ પણ કેવો? એ એક જ બૉમ્બે અઢી-અઢી માઈલ લંબાઇ પહોળાઇના અને સાડાત્રણ લાખની વસતિવાળા જાપાનના એ ધીકતા નગરને નૃશંસપણે એક જ પળમાં ભસ્મસાત્ કરી નાખ્યું. તે ફાટ્યો ત્યારે એમાંથી પ્રકાશનો એટલો તેજસ્વી સ્ફોટ થયો કે જે સૂર્ય કરતાં ત્રણ ગણો તેજસ્વી હતો, ને ૧૨૦ માઈલ દૂરના નગરમાંની એક આંધળી છોકરીએ પણ પૂછ્યું કે આ શાનો ઝબકારો થયો! પ્રકાશ, ધૂળ અને ધુમાડાનો ગોટ તો ચાળીસ હજાર ફીટ ઊંચે (હિમાલયના માઉન્ટ એવરેસ્ટથી યે દોઢી—આઠ માઈલની—ઊંચાઇએ) ચડ્યો હતો. તેના ફાટવાથી થએલા હવાના દબાણને લીધે પાંચ માઇલ દૂરનાં માણસો જમીન પર ગબડી પડેલાં, ને અઢીસો માઇલ દૂર આવેલા શહેરનાં બારીબારણાં ગડગડી ઊઠેલાં!

આથી, જગતના વિજ્ઞાનીઓ પણ આજે વિમાસણમાં પડ્યા છે કે કેવી આ શક્તિ, ને કેવો આ ઉપયોગ! એચ.જી. વેલ્સે પોતાની 'થિંગ્સ ટુ કમ' (આવતી કાલનું જગત) નામે કથામાં એ અણુ-શક્તિની કલ્પના કરી છે. તે યે આજે તેના ઉપયોગથી આભો બની ગયો છે!



કુલ એંશી અબજ રૂપિયાના ખર્ચે જે ત્રણ જંગી કારખાનાઓમાં અણુ-બૉમ્બની બનાવટના પ્રયોગો અને કાર્ય ચાલ્યાં તેમાંનું એક—ટેનેસી પ્રાંતમાં ઓક રિજ મુકામે ક્લિન્ટન કારખાનું.

જો માણસે માનવતાનું દેવાળું ન કાઢ્યું હોય અને આ ક્રાંતિકારી શક્તિનો ઉપયોગ જનહિતનાં કાર્યોમાં જ કરવામાં આવે તો સંસારમાં રામરાજ્ય પ્રવર્તી જાય. એ શક્તિના માત્ર થોડા શા અંશ વડે મોટમોટાં કારખાનાં વર્ષો સુધી ચલાવી શકાય; જંગી જહાજો, ટ્રેનો ને વિમાનો, તેલ કે કોલસાની તંગીની ફિકર વિના સતત ચાલુ રાખી શકાય; વર્ષો વછી ફળતાં વૃક્ષો ગણત્રીના દિવસોમાં ફળ આપતાં થઈ જાય; અરે, ચન્દ્રલોક સુધીની સફરો પણ કરી શકાય!

પણ—પણ માનવી કલ્યાણકામી થશે?

પદાર્થના ઝીણામાં ઝીણા એક અણુમાંથી આવી અમાપ અપ્રતિમ શક્તિ કઇ રીતે શોધાઈ તેનો ઇતિહાસ રસમય છે. અને આ નીચેના બીજા લેખમાં તેની વૈજ્ઞાનિક પ્રક્રિયાની સમજણ પણ આપવાનો પ્રયત્ન કર્યો છે. એની શકયતાનો પહેલવહેલો ખ્યાલ ઇ. ૧૯૩૮માં આવ્યો. તે પહેલાં વિજ્ઞાનીઓ એટલું તો માનતા થયા હતા કે અણુને જો છેદવામાં આવે તો તેમાંથી અમાપ શક્તિ મેળવી શકાય. પણ એ સૂક્ષ્માતિસૂક્ષ્મ વસ્તુને ભાંગવી કઈ રીતે, તેની શોધમાં વિજ્ઞાનીઓ પડ્યા હતા. ઈ. ૧૯૩૮ની આખરમાં, ઈટાલીના રોમની યુનિવર્સિટીના પ્રોફેસર અને નોબેલ ઈનામના વિજેતા ડૉ. એનરિકો ફર્મીએ પ્રયોગોથી શોધી કાઢ્યું કે જો યુરેનિયમ નામની આ જગતની ભારેમાં ભારે ધાતુના પરમાણુ પર ન્યૂટ્રોન નામના પ્રાથમિક કણો ફેંકવામાં આવે તો તે યુરેનિયમના પરમાણુમાં પેસીને ખૂંચી જાય છે; એટલું જ નહિ, પણ તેને ભાંગી નાખીને તેમાંથી બીજી ભારે ધાતુઓ ઉપજાવે છે. આની વિગતવાર સમજણ નીચેના લેખમાંથી મળશે. આ પછી આ શોધ પર જુદાજુદા દેશના વિજ્ઞાનીઓ તેમના પ્રયોગો કર્યે જતા હતા.

એવામાં યુદ્ધ શરૂ થયું; અને યુદ્ધે ચડેલા દેશોને કલ્પના આવી કે જો અણુને ભાંગી શકાય તો તેમાંથી નીપજતી વિરાટ શક્તિને બૉંબ જેવાં યુદ્ધનાં શસ્ત્ર બનાવવામાં વાપરી શકાય. એ વખતે જર્મનીમાં કૈઝર વિલ્હેલ્મ ઇન્સ્ટીટ્યુટમાં પ્રયોગ કરતી ડૉ. લીઝે માઇતનેર નામની ૬૧ વર્ષની ઑસ્ટ્રિયન વિજ્ઞાની બાઇને એ અણુશક્તિ મેળવવાની ગણિતી ચાવી હાથ લાગી. પણ એ બાઈ જાતે યહૂદી હતી, એટલે યહૂદીવિરોધી કાયદાને કારણે હિટલરે એને દેશનિકાલ કરી. એક માન્યતા એવી છે કે નાઝીઓએ તેને જર્મનીમાં જ રાખવાને દબાણ કર્યું; પરંતુ પોતાના જાતિભાઇઓ—યહૂદીઓ પર થતા ફાશિસ્ટ જુલમથી ઘણા પામીને, એ શોધનો લાભ વિનાશક મનોવૃત્તિના નાઝી જર્મનીને ન મળે તે ખાતર તે ત્યાંથી છટકીને હોલાંડની સરહદને માર્ગે ડેન્માર્કમાં ગઈ અને ત્યાં કોપનહાગન યુનિવર્સિટીમાં પોતાનું કાર્ય આગળ ચલાવ્યું.

એ વખતે ત્યાં પરમાણુશાસ્ત્રના પારંગત અને નોબેલ ઈનામના વિજેતા ડૅનિશ વિજ્ઞાની ડૉ. નીલ્સ બોહર પણ અણુશક્તિ મેળવવાના પ્રયોગ ઉપર જ કામ કરતા હતા. ડૉ. માઈતનેર તેમની સાથે જોડાઇ અને બંનેએ સાથે પ્રયોગ શરૂ કર્યા. અને ઘણી સિદ્ધિ મેળવી. જર્મન જાસૂસોએ તેનું રહસ્ય મેળવવા બહુ યે ફાંફાં માર્યાં, પણ ડેન







આણુશક્તિ શોધનારા ત્રણ મુખ્ય શોધકો: આણુ જેવી સૂક્ષ્માતિસૂક્ષ્મ વસ્તુને કેવી રીતે ભાંગવી એના પ્રયોગો કરતા અનેક વિજ્ઞાનીઓમાંથી ઈટાલીના ડૉ. એનરિકો ફર્મિ (ડાબી બાજુ) પહેલું શોધી કાઢ્યું કે યુરેનિયમના પરમાણુને ન્યૂટ્રોન કણો વડે ભાંગી શકાય છે. (ઉપર વચ્ચે) જર્મનીમાં ડૉ. લીઝે મ ઈતનેર નામની ઑસ્ટ્રિયન યહુદી બાઈએ એ તૂટેલા આણુમાંથી અણુશક્તિ મેળવવાની ગણિતી ચાવી શોધી કાઢી અને (જમણી બાજુ) પરમાણુશાસ્ત્રના પારંગત ડૅનિશ વિજ્ઞાની ડૉ. નીલ્સ બોહરે અમેરિકામાં પ્રયોગો કરીને અણુશક્તિ હાથ કરી.

બહુ પાકો હતો. પણ ત્યાં તો ૧૯૪૦ના એપ્રિલમાં જર્મનોએ ડેન્માર્ક જીતી લીધું. એટલે બંને ત્યાંથી છટકીને નાઝી નાની નજર ચુકાવી સ્વીડનમાં સ્ટૉકહોમ મુકામે પહોંચ્યાં. જ્યાંથી ડૉ. બોહર ૧૯૪૩માં ઇંગ્લંડ આવ્યા. ઇંગ્લંડમાં પણ વિજ્ઞાનીઓ એ શોધ પાછળ જ મચેલા હતા. પણ ત્યાં જર્મન બૉમ્બમારો વધતા ચાલ્યા, એટલે તેને કારણે એ શોધ ત્યાં પોતાને જ વિનાશકારક નીવડવાનો ભય ઊભો થયો. આથી ચર્ચિલ અને રૂઝવેલ્ટે મંતલસ કરી અમેરિકામાં જ એ પ્રયોગો કરવાનું ઠરાવ્યું. અને એ માટે કરોડો રૂપિયાના ખર્ચે ધમધોકાર તૈયારીઓ શરૂ કરવામાં આવી તે માટે ત્રણ જુદે જુદે સ્થળે જંગી કારખાનાં ઊભાં કરવામાં આવ્યાં: એક, ટેનેસી વૅલીમાં ઓક રિજ મુકામે—જ્યાં ટેનેસી જલબંધને કારણે પાણી ને વીજળી વિપુલ પ્રમાણમાં મળે તેમ હતાં; બીજું, અમેરિકાને છેક વાયવ્ય ખૂણે વૉશિંગ્ટન પ્રાંતમાં રિચલૅન્ડ નામના અંતરિયાળ નાનકડા ગામડામાં; અને ત્રીજું ન્યૂ મેક્સિકો પ્રાંતના ઉજ્જડ રણમાં—જ્યાં એ બૉમ્બનો પ્રયોગ કરવો હતો.

આ કાર્યમાં એટલી તો ગુપ્તતા જાળવવામાં આવતી હતી કે નાનાંનાનાં ગામ જેવડાં મહાકાય કારખાનાંઓ ઊભાં કરવામાં આવતાં છતાં 'માનહટ્ટન યોજના'ને નામે ચલાવાતી એ પ્રવૃત્તિ વિષે એમાં કામ કરતા ગણ્યાગાંઠ્યા વિજ્ઞાનીઓ ને પ્રમુખ રૂઝવેલ્ટ સિવાય બીજા કોઈને તેની ગંધ પણ આવવા દીધેલી નહિ. એનાં કરોડોનાં જંગી ખર્ચ પણ ભળતાં જ ખાતાંઓમાં નાખી દેવામાં આવતાં. ખુદ હાલના પ્રેસિડેન્ટ ટ્રુમેને પણ પ્રમુખપદે આવ્યા બાદ જ એ વાત જાણેલી; ને હીરોશીમા પર તે બૉમ્બ ફેંકવામાં આવ્યો ત્યારે વિમાનમાંના માત્ર ત્રણ જણ સિવાય કોઈ જાણતું ન હતું કે એ નવો બૉમ્બ ક્યા પ્રકારનો છે. દરેકને ફક્ત એક અકલ્પિત ઝબકારા અને આંચકા માટે તૈયાર રહેવાનું કહેવામાં આવેલું અને કાળાં બંધ ચશ્માં આપી રાખવામાં આવેલાં.

અને—પરિણામ શું આવ્યું તે તો આપણે સૌ જાણીએ છીએ.

ઈ. ૧૯૧૭માં જ્યારે ૩૦૦૦ ટન ટી. એન. ટી. (Trinitro-toluol)-સ્ફોટક પદાર્થ-થી ભરેલું વહાણ 'મોન્ટ બ્લાન્ક' ફાટ્યું ત્યારે એ ધડાકાની અસર ૧૫૦ માઈલ સુધી માલૂમ પડી હતી. અને જ્યારે આશરે બાવન રતલનો આણુબૉમ્બ આ યુદ્ધમાં હીરોશીમા શહેર (વસ્તી ૩,૪૪,૦૦૦) ઉપર પડ્યો ત્યારે તે લગભગ સાત ગણા જોરથી (૨૦,૦૦૦ ટન T. N. T.થી) ફાટ્યો હતો. આ દાખલા પરથી એ નવા બૉમ્બની ભયાનકતાનો ખ્યાલ આવશે. આણુ દારૂગોળા નું કામ કેવી રીતે કરે છે તે તો હજી ખૂબ સંભાળપૂર્વક છૂપું રાખવામાં આવ્યું છે; પણ એ નવા બૉમ્બના મૂળભૂત સિદ્ધાન્તો તો જાણીતા છે, અને સામાન્ય માણસ પણ તે સમજી શકે એમ છે.

આણુમાં આટલી ગજબ શક્તિ રહેલી છે તે તો જ્યારે જગવિખ્યાત વિજ્ઞાની આઈન્સ્ટાઇને ઈ. ૧૯૦૫માં ગણિતના પદ (ફૉર્મ્યુલા) થી બતાવ્યું ત્યારે જ આપણને ખ્યાલમાં આવ્યું.[૨] તેમાં તેમણે ગણિતથી બતાવ્યું કે એક ગ્રામ પદાર્થ (Matter)માં એટલી શક્તિ રહેલી છે. જેટલી ૨૫૦૦ ટન કોલસો બાળવાથી આપણને મળે. આઈન્સ્ટાઈનનું આ ગણિત એટલું બધું અકળાવતું કે બીજા વિજ્ઞાનીઓને આ વાત માનવી પડી અને તેઓ તેના પ્રત્યક્ષ પ્રમાણની શોધમાં પડ્યા. ૧૪ વર્ષ પછી ઈ. ૧૯૧૯માં લૉર્ડ રધરફોર્ડે પ્રયોગો કરી આઈન્સ્ટાઈનની વાત ખરી છે તે સાબિત કર્યું. પણ રધરફોર્ડના એ પ્રયોગ વિષે જાણતાં પહેલાં આ 'આણુ' શું છે તે જોઈએ (અનુ૦ પૃ૦ ૨૩૨મે)

---

૧. એમાં ૧૧૦૦થી વધુ માણસો મરણ પામ્યાં હતાં. અને હાલિફાક્સ બંદરનો બે ચોરસ માઇલનો વિસ્તાર મેદાનમેદાન થઇ ગયો હતો.
૨. આઈન્સ્ટાઇનની એ ફૉર્મ્યુલા આ મુજબ છે: $E=mc^2$. E=શક્તિ (Energy), m=વસ્તુ જથ્થો (mass) ગ્રામ વજનમાં, અને $c=3\times10^{10}$ સેન્ટીમીટર (આ પ્રકાશની ગતિ છે-૧,૮૬,૦૦૦ માઈલ). પદાર્થ જેમ ગ્રામમાં મપાય છે તેમ શક્તિ અર્ગ (Erg) માપમાં મપાય છે.

સત્યાન્વેષી . . . .

(અનુસંધાન પૃષ્ઠ ૨૨૩થી)

દારોગાજી જરા ચબરાક હતા. ગાલે હાથ મૂકી વિચાર કરતા એ બોલ્યા, 'એ તો બરાબર; પણ એક વાત જરા મૂંઝવે છે. અશ્વિનીબાબુ રાત્રે બારણું ઉઘાડું રાખી સૂતા હતા એનું કંઈ પ્રમાણ છે?'

અતુલ બોલ્યો, 'ના, એથી ઉલટું જ પ્રમાણ છે. રાત્રે એ બારણું બંધ કરીને સૂતા હતા. મેં એમને બારણું બંધ કરતાં સાંભળ્યા હતા.'

'ત્યારે? એમણે જાતે ઊઠીને ખૂનીને દરવાજો ઉઘાડી દીધો?'

અતુલ બોલ્યો, 'ના, પણ તમને ખબર છે ને કે છેલ્લા કેટલાક મહિનાથી તે મૂત્રરોગથી પીડાતા હતા?'

'હા! એ પણ બરાબર છે. તો તો આ મામલો વધુ ગુંચવાનો જ જાય છે. જો સાચેસાચ આ ખૂન હોય તો ખૂની ગજબ ચાલાક છે એમાં શંકા નથી. તમને કોના પર શક છે?' બોલતાંબોલતાં એણે હાજર હતા તે સૌના તરફ શંકિત આંખો દોડાવી.

સૌએ ચૂપચાપ માથાં હલાવ્યાં. ડાકટર બોલ્યા, 'જુઓ, આ બાજુ તો લગભગ રોજ એકાદબે ખૂન થાય છે. એ વાત ક્યાં નવી છે? પરમ દિવસે જ અમારા આ મેસની સામે જ એક ખૂન થઈ ગએલું. આ બધું જોતાં અમને લાગે છે કે આ બધા ખૂનમાં એક જ ટોળી કામ કરી રહી છે. એકનો પત્તો લાગ્યે બધાનો પત્તો લાગી જશે. બેશક, જો અશ્વિનીબાબુના મૃત્યુને ખૂન ગણવામાં આવે તો જ.'

દારોગાજી બોલ્યા, 'શક્ય છે; પણ બીજા ખૂનનો પત્તો મેળવવા બેઠા રહીશું તો તો કદાચ અનન્ત કાળ સુધી બેઠા રહેવું પડશે.'

પછી એમણે બધાના રૂમની સંપૂર્ણ જડતી લીધી; પણ ક્યાં ય કંઈ જ એવું મળ્યું નહિ કે જેથી આ મૃત્યુના રહસ્ય પર પ્રકાશ પડે.

અશ્વિનીબાબુનો ઓરડો પણ રીતસર તપાસવામાં આવ્યો. એકાદ બે કૌટુંબિક કાગળપત્રો સિવાય બીજું કંઈ જ હાથ ન લાગ્યું. અસ્ત્રાનું ખાલી ખોખું પથારી પાસે જ પડ્યું હતું. એ હાથે જ હજામત કરતા તે અમે જાણતા, એટલે ઘરૂં ઓળખતાં પણ વાર ન લાગી. એમનું શબ આ પહેલાં જ ફેરવવામાં આવ્યું હતું. તે પછી બારણાને તાળું મારી સીલ દઇને દારોગાજી દોઢેક વાગ્યે ચાલ્યા ગયા.

અશ્વિનીબાબુને ઘેર તાર કરવામાં આવ્યો હતો. સાંજે એમના દીકરા અને બીજાં સ્વજનો આવીને ઊભાં રહ્યાં. એમનાં વિસ્મયવિમૂઢતાએ શોકના ચિત્ર ઉપર ઘેરો પડદો ઢાળ્યો. અમે અનાત્મીય હોવા છતાં યે આવા કરપીણ મૃત્યુથી ઊંડો આઘાત પામ્યા હતા. વળી અમને અમારા જીવને માટે પણ ઓછો ભય નહોતો લાગતો. જ્યાં બ બાજુના જ રૂમમાં આવો બનાવ બને ત્યાં અમારી સલામતી પણ કેટલી? જાતજાતની શંકા અને વિષાદથી જડ જેવા અમે એ આફતભર્યો દિવસ માંડમાંડ વીતાવ્યો.

રાત્રે સૂતાં પહેલાં ડાકટરના રૂમમાં જઇને જોયું તો એ સ્તબ્ધ ગંભીર ચહેરે બેઠા છે. આ એક જ બનાવે એમના શાન્ત નચિંત મોં પર ચિંતાનાં કાળાં કુંડાળાં ફરી વળ્યાં હતાં. હું એમની પાસે બેસતાં બોલ્યો, 'મેસના સૌ તો મેસ છોડી ચાલ્યા જવાનો વિચાર કરે છે.'

મ્લાન હસીને એ બોલ્યા, 'એમાં એ લોકોને દોષ પણ કેમ દેવાય અજિતબાબુ? આવો બનાવ જ્યાં બને ત્યાં કોણ રહેવા ઈચ્છે? પણ એક વાત હું કેમે ય સમજી શકતો નથી કે આને ખૂન કઈ રીતે કહી શકાય? ને જો ખૂન હોય તો મેસ બહારનાંઓ દ્વારા તો એ સંભવિત લાગતું જ નથી. પહેલી વાત તો એ કે ખૂની ઉપર ચડ્યો કઇ રીતે? દાદરનો દરવાજો રાત્રે બંધ રહે છે એ તો તમે બધા જાણો છો. માની લઇએ કે એ કોઈ કુશળતાથી ઉપર ચડી ગયો તો યે અણે અશ્વિનીબાબુના અસ્ત્રાથી જ એમનું ખૂન કઈ રીતે કર્યું? એટલે બહારના કોઇના દ્વારા આ ખૂન નથી થયું એ નક્કી છે. ને તો બીજું કોણ રહ્યું? મેસમાં રહેનારાઓ જ. તેમાં અશ્વિનીબાબુનું ખૂન કરે એવું કોઈ છે ખરૂં? બધાંને આપણે ઘણા વખતથી ઓળખીએ છીએ કે કોઈ એવું કરે એમ નથી. હા, અતુલબાબુ હજુ થોડા દિવસથી જ આવ્યા છે; ને એમને વિષે આપણે કંઈ જાણતા યે નથી—'

મેં ચમકીને કહ્યું, 'અતુલ—?'

ડાકટર બોલ્યા, 'અતુલબાબુ માણસ તમને કેવા લાગે છે?'

મેં કહ્યું, 'અતુલ? ના, ના, એ કદી યે ન બને; એ શા માટે—'

ડાકટર બોલ્યા, 'તો જુઓ, તમારા મોંએ જ સાબિત થઈ જાય છે કે મેસમાંનો કોઇ આ કામ કરી શકે તેમ નથી. તો બાકી કોણ રહે છે? એમણે આપઘાત કર્યો છે એ વાત જ સાબિત નથી થતી?'

'પણ આપઘાત કરવાનું યે કંઈક કારણ હોવું જોઇએ ને?'

'એ વાત પણ મેં વિચારી જોઇ છે. તમને યાદ છે કે થોડા દિવસ પહેલાં હું કહેતો હતો કે આ મહોલ્લામાં જ ક્યાંક કોકેનખોરોનું છૂપું સ્થાન છે ને એમનો સરદાર કોણ છે તે કોઇ જાણતું નથી?'

'હા, યાદ છે.'

ડાકટર ધીરેધીરે બોલ્યા, 'હવે ધારો કે કદાચ અશ્વિનીબાબુ જ આ ટોળીના સરદાર હોય તો?'

મેં ચમકીને કહ્યું, 'હેં? એ શું શક્ય છે?'

ડાકટર બોલ્યા, 'અજિતબાબુ, દુનિયામાં અશક્ય કંઈ જ નથી. વળી કાલે રાત્રે અશ્વિનીબાબુ મને જે વાતો કરતા હતા તેથી પણ આ શંકા વધુ મજબૂત થાય છે. ખૂબ સંભવ છે કે એ બહુ જ ડરી ગયા હોય. વધુ ભયથી માણસની મતિ મુંઝાઈ જાય છે. કોણ કહી શકે કે કદાચ એ અસ્થિર દશામાં જ એમણે આપઘાત કર્યો ન હોય?'

આ નવી વિચારણા સાંભળી મારૂં ભેજું એકદમ ગુંચવાઈ ગયું. મેં કહ્યું, 'કોણ જાણે ડાકટર બાબુ, હું તો કંઈ જ નથી કલ્પી શકતો. તમે તમારી આ વાત પોલીસને કહો.'

ડાકટર ઊઠ્યા ને બોલ્યા, 'કાલે એ જ કહીશ. આ વાતનો નિકાલ નહિ આવે ત્યાં સુધી મને જંપ નહિ વળે.'

બે ત્રણ દિવસ બીજા વીતી ગયા. મનની અશાન્તિ ઉપર વધુમાં સી આઈ. ડી.ના વિવિધ માણસોની સતત આવજા ને સવાલજવાબથી જીવ ઊંચે આવી ગયો હતો. મેસમાંના સૌ ભાગુંભાગું કરી રહ્યા હતા, પરંતુ એ માટે હિંમત કોઇ નહોતું કરી શકતું. કોણ જાણે, ઉતાવળ કરીને મેસ મૂકી જઇએ ને પોલીસ શંકિત થઈ ઊઠે તો?

મેસમાંની જ કોઇ વ્યક્તિની આસપાસ ધીરેધીરે જાળ ગુંથાયે જાય છે એમ લાગતું હતું. પણ એ વ્યક્તિ કોણ છે તે કળવું મુશ્કેલ હતું. વચ્ચેવચ્ચે અજ્ઞાત ભયથી હૃદયનો ફફડાટ વધી જતો કે પોલીસે મારા પર તો શંકા નહિ આણી હોય ને!'

એ દિવસે સવારે અતુલ ને હું ડાકટરને ત્યાં બેઠાબેઠા છાપું વાંચતા હતા. ટપાલમાં પારસલથી ડાકટરને દવા આવી હતી. પારસલ પર અમેરિકાની પોસ્ટની છાપ હતી. ડાકટર જરૂર મુજબની દવા સીધી અમેરિકા ને જર્મનીથી જ મંગાવી લેતા. લગભગ દર મહિને એકાદ વાર તો દવા આવતી જ. ડાકટર કાળજીપૂર્વક પેટી ખોલી દવાની શીશીઓ ધ્યાન રાખી આગળપાછળ કબાટમાં ગોઠવતા હતા.

અતુલે પૂછ્યું, 'ડાકટરબાબુ, તમે આ પરદેશી દવા શા માટે મંગાવો છો; આપણી દેશી દવાઓ શું સારી નથી આવતી?

'એ પણ સારી હોય છે, પણ મને એથી સંતોષ નથી થતો.'

'પણ આ હોમિયોપથીથી સાચેસાચ રોગ મટે છે ખરો? મને તો એમાં શ્રદ્ધા જ નથી. સ્યુગર ઑવ મિલ્કમાં આવતી જરા સરખી દવાથી શું રોગ જાય?'

ડાકટર હસ્યા, 'તો પછી આ આટલા બધા માણસો દવા લેવા આવે છે તે શું અમસ્તા જ આવે છે?' એમણે કહ્યું.

અતુલ બોલ્યો, 'માંદગી તો કદાચ સમય થયે આપોઆપ જ ચાલી જાય છે અને લોકો માને છે કે તમારી દવાથી ગઈ! ખરૂં તો શ્રદ્ધા જ બહુ મોટું કામ કરી જાય છે ને?'

ડાકટરે માત્ર એક સ્મિત કર્યું. થોડી વાર નીરવ રહી એમણે પૂછ્યું, 'છાપામાં આપણા મેસ વિષે કંઈ છે ખરૂં?'

'છે.' કહી મેં વાંચી સંભળાવ્યું.'કમનસીબ અશ્વિનીકુમાર ચૌધરીના ખૂનનો ભેદ હજુ મળ્યો નથી. પોલિસનો સી. આઈ. ડી. વિભાગ એ ભેદ શોધવા મથી રહ્યો છે. અમુક પત્તો પણ હાથ લાગ્યો છે. હવે બહુ જલદી ખૂનીને ગિરફતાર કરવામાં આવશે એવી આશા છે.'

'ધૂળ ને પાલી રાખ, એમની આશા!' ડૉકટર બોલ્યા. પણ મોં ફેરવીને એમણે જોયું ને એ ચમકી ઊઠ્યા, 'આ શું! દારોગા બાબુ!'

દારોગો દવાખાનામાં આવ્યો. સાથે બે કૉન્સ્ટેબલ પણ હતા. કોઈ પણ જાતની પ્રસ્તાવના કર્યા વિના આગળ આવી એણે અતુલને કહ્યું, 'તમારા નામનું વૉરંટ છે. થાણામાં આવવું પડશે. તોફાન ન કરશો; એમાં ફાવશો નહિ.' ને પછી એ બોલ્યો, 'રામધનીસીંગ, હાથકડી લગાઓ!' અને તુરત જ બેમાંના એક કૉન્સ્ટેબલે આગળ આવી ચપળતાપૂર્વક અતુલને હાથકડી પહેરાવી દીધી. અમે ભયભીત બની ઊભા થઈ ગયા. અતુલ બોલી ઊઠ્યો, 'પણ છે શું?'

દારોગો બોલ્યો, 'આ રહ્યું વૉરંટ! અશ્વિનીકુમાર ચૌધરીના ખૂનના ગુનાસર તમને અતુલચંદ્ર મિત્રને ગિરફતાર કરવામાં આવે છે. તમે બંને આમને અતુલચંદ્ર મિત્ર તરીકે ઓળખો છો ને?'

ચૂપચાપ માથાં હલાવી મેં અને ડાકટરે હા ભણી.

અતુલ ધીમું હસીને બોલ્યો, 'આખરે મને જ પકડ્યો? ઠીક, ચાલો થાણામાં. અજિત કંઈ ચિંતા કરીશ મા. હું નિર્દોષ છું'

એટલી વારમાં તો એક ગાડી આવીને બારણા પાસે ઊભી રહી. અતુલને સાથે લઈ પોલિસના માણસો ચાલ્યા ગયા.

ફિક્કા પડી ગએલે ચહેરે ડાકટર બોલ્યા, 'અંતે અતુલબાબુ જ? ઓહ, કેવા ભયંકર! માણસના મોં પરથી કાંઈ ઓછી ખબર પડે છે?'

મારા મોંમાંથી એક શબ્દ સરખો ન નીકળી શકયો. અતુલ ખૂની? એક જ રૂમમાં થોડા દિવસ સાથે રહ્યા બાદ મારામાં એના પ્રત્યે પ્રેમ-મિત્રભાવ જન્મ્યો હતો. એનો સ્વભાવ એટલો તો સાલસ હતો કે થોડા જ દિવસમાં એણે મારૂં હૃદય જીતી લીધું હતું. એવો અતુલ જ શું ખૂની? કલ્પનાતીત વિસ્મય અને ક્ષોભથી આઘાત પામતો હું જાણે દિશાભૂલ્યો બની ગયો.

ડૉકટર બોલતા હતા, 'આ માટે જ તો શાસ્ત્રમાં અજ્ઞાત કુલ-શીલવાળાને આશરો આપવા સામે વિરોધ દર્શાવ્યો છે. પણ ત્યારે આપણે ઓછું જ જાણતા હતા કે આ માણસ આવો ભયંકર...?'

મને કંઈ જ ગમતું ન હતું. ઊભો થઇને હું રૂમમાં જઈ બારણું બંધ કરી આડો પડ્યો. નહાવા-ખાવાનું યે મન ન થયું. એક તરફ અતુલનો સરસામાન પડ્યો હતો એ તરફ જોતાં મને આંસુ આવી ગયાં.

જતાં જતાં એ કહેતો ગયો હતો કે પોતે નિર્દોષ છે. તો શું પોલીસે ભૂલ ખાધી? ને હું પથારીમાં બેઠો થઇ ગયો. જે રાતે અશ્વિનીબાબુનું ખૂન થયું તે રાતની બધી વાત હું યાદ કરવા લાગ્યો. જમીન પર એકમાત્ર ઓશીકા ભર સૂતેલો અતુલ, એનું કાન માંડીને અશ્વિનીબાબુ અને ડૉકટરની વાતોનું સાંભળવું.... શા માટે એ એમ કરતો હતો? કયા હેતુથી? ને પછી રાત્રે અગિયાર વાગ્યે હું ઊંઘી ગએલો, તે છેક સવારે ઊઠ્યો હતો. એ દરમ્યાન અતુલે જો....

પણ એ તો પ્રથમથી જ કહેતો આવ્યો છે કે આ આપઘાત નહિ પણ ખૂન છે. જો એ પોતે જ ખૂની હોય તો એમ બોલીને પોતાને માટે ફાંસીનો માંચડો શા માટે તૈયાર કરાવે? પરંતુ એ પણ શકય છે કે પોતા પર શંકા ન આવે તે માટે જ એ આમ બોલતો હોય, જેથી પોલીસ વિચારે કે જ્યારે આ માણસ ખુદ આમ કહે છે ત્યારે એ તો ખૂની ન જ હોઈ શકે.

આવા અનેક વિચારોથી પીડાતો હું તરફડતો હતો. કયારેક ઊઠીને રૂમમાં થોડાક આંટા મારતો. એમ કરતાં ત્રણ વાગ્યા. ઓચિંતો એક વિચાર આવ્યો કે કોઇ વકીલ પાસે જઇ એની સલાહ લઉં. આવા સંજોગોમાં આવી પડતાં શું કરવું-ન કરવું એ કંઈ જ હું જાણતો ન હતો. એટલે જભ્ભો ચડાવી હું બહાર જવાની તૈયારીમાં હતો ત્યાં કોઇએ બારણું ખખડાવ્યું. ખોલીને જોઉં છું અતુલ!

'અરે તું?' કહી હું આનંદમાં આવી એને ભેટી પડ્યો. એ ખૂની છે કે નિર્દોષ તે વાત જ મારા મનમાંથી ભુંસાઈ ગઈ.

વિખરાએલા રુક્ષ વાળ અને શુષ્ક મોં છતાં એ હસીને બોલ્યો, 'હા, ભાઇ હું....બહુ હેરાન થયો! માંડ માંડ જામીન પર છૂટ્યો છું. એક ભલો માણસ મળી ગયો ત્યારે. હં, પણ તું કયાં ઊપડે છે?'

જરા યે ઝંખવાયા વિના મેં કહ્યું, 'વકીલને ત્યાં.'

પ્રેમપૂર્વક મારો હાથ દાબતો એ બોલ્યો, 'મારે માટે? હવે એની જરૂર નથી, ભાઇ. હમણાં થોડા દિવસ માટે હું છુટ્ટો જ છું.'

અને પોતાનો મેલો જભ્ભો ઉતારતાં એ બોલ્યો,'ઓહ! માથું તો ફાટફાટ થઈ રહ્યું છે. નહાયા-ધોયા વિના જીવ જાણે ગળે આવી ગયો છે. અરે! તું યે નહાયો નથી શું? ચાલ, ચાલ. ઝટપટ બે ઘડા પાણી માથે નાખી થોડું ખાઈ લઇએ. ભૂખથી હું તો સાવ લેવાઈ ગયો છું.'

મનની મૂંઝવણ ટાળી હું પૂછવા મથ્યો, 'અતુલ,-તું—તેં?'

'મેં શું? અશ્વિનીબાબુનું ખૂન મેં કર્યું છે કે નહિ?' ને એ ધીમું હસ્યો. એ વાત પછી કરશું. પહેલાં નહાઈ-ખાઇ લઇએ. મને તો ભૂખ કકડીને લાગી છે ને માથું ચડ્યું છે.'

ત્યાં તો ડાકટર આવ્યા. એમને જોઈ અતુલ બોલ્યો, 'ડાકટર બાબુ. ઘસાએલી બે આનીની જેમ હું ફરી પાછો આવી ગયો! અંગ્રેજીમાં પેલી કહેવત છે ને, એમ મારૂં પણ થયું, ત્યાં યે કોઇએ મને ન સંઘર્યો; પાછો કાઢ્યો!'

જરા ગંભીર થઈ ડાકટર બોલ્યા, 'તમે પાછા આવ્યા એથી મને બહુ આનંદ થયો અતુલબાબુ; ને આશા રાખું કે પોલિસે તમને નિર્દોષ જાહેર કરી છોડી મૂકયા હોય. છતાં અહીં મારે ત્યાં હવે....તમે તો સમજો છો ને? ચારપાંચ જણને લઇને આ મેસ ચાલે છે. એક તો આમે ય એ સૌ ભાગુંભાગું કરી રહ્યા છે, ને તેમાં વળી જો ફરીથી તમને ....માઠું ન લગાડશો, તમારા પ્રત્યે મને દ્વેષ નથી પણ—'

અતુલ વચ્ચે જ બોલી ઊઠ્યો, 'ના, ના, એ શું બોલ્યા? હું તો હવે એક વાર થાણામાં જઈ આવેલો બદનામ. મને આશરો આપીને તમારે નાહક શા માટે હેરાન થવું? તો હું આજે જ ચાલ્યો જાઉં એમ તમે ઈચ્છો છો?'

થોડી વાર ચૂપ રહી ડાકટર અનિચ્છાપૂર્વક બોલ્યા, 'ના, આજની રાત ભલે રહો; પણ કાલ સવારે જ—'

'બેશક બેશક, કાલે તમને નહિ મૂંઝવું. કયાંક પણ જગ્યા મેળવી લઈશ. છેવટ પેલી હૉટલ તો છે જ!' કહી અતુલ જરા હસ્યો.

પછી ડાક્ટરે થાણામાં શું થયું તે પૂછ્યું. જેમતેમ જવાબ આપી અતુલ નહાવા ચાલ્યો ગયો. ડાક્ટરે મને કહ્યું, 'અતુલબાબુ મનોમન શરમાયા લાગે છે. પણ કહોને, બીજો ઉપાય પણ શો છે? આપણો મેસ બદનામ તો થઈ જ ચૂક્યો છે, અને એમાં વળી જો આવા બદનામ માણસને રાખીએ તો એ બીનજોખમી કહેવાય ખરું? તમે જ કહો.'

ડાક્ટરની સાવચેતી માટે એમને દોષ દઈ શકાય એમ નહોતું મેં કહ્યું, 'તમારો મેસ છે; મરજી પડે એમ કરો. હું કંઈ નથી કહી શકતો.' ને હું પણ નહાવા ઊપડ્યો. ડાક્ટર મોં વકાસી બેઠા રહ્યા.

સ્નાન-આહાર પતાવી અમે પાછા ફરતા હતા ત્યાં ઘનશ્યામબાબુ ઑફિસેથી આવતા દેખાયા. અતુલને જોતાં જ એ જાણે ભૂત જોઈને ભડક્યા હોય તેમ ચમકી ઊઠ્યા, 'અતુલબાબુ! તમે?—તમે?'

આછું હસતો અતુલ બોલ્યો, 'હા, હું જ છું, ઘનશ્યામબાબુ. કેમ? તમને કંઈ શંકા આવે છે?'

'પણ તમને તો પોલીસ પકડી?...' આટલું બોલી વાત અધૂરી જ મૂકી એ પોતાની ઓરડીમાં જઈ ભરાયા.

અતુલ આંખો ચમકાવી ધીમેથી બોલ્યો, 'વાઘ અડ્યે વીસ ને પોલીસ પકડ્યે પચ્ચાસ! ઘનશ્યામબાબુ મને જોઈ ડરી ગયા લાગે છે.'

સાંજે એણે મને કહ્યું, 'અલ્યા જો તો, આ બારણું કેમ બરાબર બંધ નથી થતું?'

મેં જોયું તાળામાં કંઈ ગોટો થયો હતો. ઘરધણી ડાક્ટરને બોલાવી દેખાડ્યું. એણે કહ્યું, 'આ વિલાયતી તાળાંમાં આ જ મુસીબત! સારું હોય ત્યાં સુધી ઉમદા, ને બગડ્યું એટલે પછી કારીગરને જ બોલાવવો પડે! એના કરતાં આપણો દેશી આગળો સારો. ખેર, કાલે જ ઠીક કરાવી દઈશ.' કહી એ ચાલ્યા ગયા.

રાત્રે સૂતાં પહેલાં અતુલે કહ્યું, 'અજિત, માથું વધુ ને વધુ ચડતું જાય છે. શું કરું, કહે તો?'

મેં કહ્યું, 'ચાલ, ડાક્ટર પાસે જઈને દવા લઈ લઈએ. મને ય આજે થોડી સુસ્તી લાગે છે.'

ડાક્ટર ત્યારે દવાખાનું બંધ કરવાની તૈયારીમાં હતા. અમને જોઈને એ જિજ્ઞાસુભાવે અમારી તરફ જોઈ રહ્યા. અતુલે કહ્યું, 'ડાક્ટર, માથું સખત ચડ્યું છે; કંઈ દવા આપશો?'

ડાક્ટર અનુકંપાપૂર્વક બોલ્યા, 'બેશક આપું, શા માટે નહિ? બેસો, હમણાં જ આપું છું.' કહી કબાટમાંથી એક શીશી કાઢી એમાંથી એક પડીકી વાળી આપીને કહ્યું, 'જાઓ, ખાઈને સૂઈ જાઓ. કાલ સવારે કંઈ જ નહિ હોય. અને અજિતબાબુ, તમને પણ આ ઉત્તેજના અને થાકને લીધે જ સુસ્તી લાગે છે. એક પડીકી તમે પણ લઈ લો. શરીર હળવું ફૂલ થઈ જશે.'

દવા લઈ અમે પાછા ફરતા હતા ત્યાં અતુલે ડાક્ટરને પૂછ્યું, 'ડાક્ટર! તમે વ્યોમકેશ બક્ષીને ઓળખો છો?'

જરા ચમકીને ડાક્ટરે પૂછ્યું, 'ના; કોણ છે, એ?'

'એની તો મને યે ખબર નથી. આજે થાણામાં એનું નામ સાંભળ્યું. કહે છે કે એ આ ખૂન બાબત તપાસ કરી રહ્યા છે.'

માથું હલાવતા ડાક્ટર બોલ્યા, 'ના, હું એને નથી ઓળખતો.'

રૂમમાં ગયા પછી મેં કહ્યું, 'અતુલ! હવે માંડીને બધી વાત કર.'

'શું કહું?' તેણે સામો પ્રશ્ન કર્યો.

'તું મારાથી કંઈક છુપાવતો લાગે છે. પણ એ નહિ બને તારે મને બધી વાત દિલ ખોલીને કહેવી જ પડશે.'

થોડીવાર ચૂપ રહી, પછી બારણા પાસે જઈ ચોમેર નજર ફેરવી બારણું બંધ કરી આવી એ બોલ્યો, 'ભલે, કહું છું; પહેલાં મારા બિછાનામાં બેસ. તારી પાસે છુપાવ્યે નહિ ચાલે, એ હું જાણતો જ હતો.'

દવાની પડીકી હજુ મારા હાથમાં જ હતી. એ ખાઈને નીરાંતે બેસી વાત સાંભળવાના વિચારે મેં જેવી પડીકી ખોલી કે મારો હાથ ખેંચી એ બોલ્યો, 'હમણાં થોભી જા, વાત પૂરી થયા પછી ખાજે.'

અને પછી સ્વિચ બંધ કરી, મારા કાન પાસે મોં રાખી, એ ગુસપુસ ગુસપુસ વાત કહેવા લાગ્યો. મંત્રમુગ્ધની જેમ હું એ સાંભળ્યે જતો હતો. વચ્ચેવચ્ચે વિસ્મયને અંગે મારાં રૂવાં ઊભાં થઈ જતાં હતાં.

થોડી વારે ટૂંકમાં વાત પૂરી કરતાં એ બોલ્યો, 'આજે આટલું જ. વધુ કાલે કહીશ.' ને પછી રેડિયમવાળા પોતાના ઘડિયાળ તરફ જોઈ એણે કહ્યું, 'હજુ વખત છે. રાતના બે વાગ્યા પહેલાં કંઈ બનતું નથી. તું એટલી વાર ઊંઘી જા. બરાબર વખતે હું તને જગાડીશ.'

ત્યારે લગભગ એક થયો હશે. ઊંઘ તો શાની આવે? અંધારામાં આંખો મીંચીને હું સૂતો હતો. કાન એવા તો સરવા થઈ ગયા હતા કે શ્વાસોચ્છ્વાસ સાથે પથારીમાં થતો શરીરનો થડકારો પણ સંભળાતો હતો. અતુલે આપેલી ચીજ જમણા હાથની મૂઠીમાં મજબૂત રીતે પકડીને હું સુતો હતો.

ઓચિંતો અતુલે મને સ્પર્શ કર્યો. હું સમજી ગયો કે હવે સમય થઈ ગયો છે. અમારા સંકેત મુજબ હું ઘોરવા લાગ્યો.

એ પછી ક્યારે બારણું ઊઘડ્યું એની તો ખબર ન પડી; પણ અચાનક અતુલની પથારી પર ધબ કરતોક એક ધબાકો થયો. ને સાથે જ બત્તી જળહળી ઊઠી! અને મારા હાથમાંના લોઢાના ડંગોરા સાથે હું કૂદકો મારતો પથારીમાંથી ઊભો થઈ ગયો!

'ઊઠીને જોઉં છું તો એક હાથ રિવૉલ્વર ઉપર અને બીજો હાથ વીજળીની સ્વિચ પર રાખી અતુલ ઊભો હતો અને એના બિછાના પર પગ વાળીને, મરણતોલ વાઘ જે રીતે શિકારી પ્રત્યે આંખો ફાડીને જુએ છે એ રીતે જોઈ રહ્યા હતા ડાક્ટર અનુકૂલબાબુ!!

અતુલ બોલ્યો, 'બહુ દિલગીરીની વાત છે ડાક્ટર બાબુ, કે તમારા જેવા પાકા માણસે આખરે ઓશીકાનું ખૂન કર્યું છે. બસ, જરા યે હલશો મા! છરી ફેંકી દો લેશમાત્ર હલ્યા છો તો ગોળીએ વીંધાઈ જશો. અજિત, તું રસ્તા તરફના દરવાજો ખોલી નાખ ને.



બહાર પોલીસ છે—ખબરદાર ડાકટર !'

ડાકટર વિજળીની ઝડપે ઊઠ્યા; પણ એ જ પળે અતુલનો પોલાદી મુક્કો એમની છાતી પર પડતાં એ જમીન પર ફસડાઈ પડ્યા.

વળ ખાતા એ બોલ્યા, 'વારૂ, તું જીત્યો; પણ મારો ગુનો તો કહે!'

'ગુનો ? ગુનો શું એક છે તે કહું ? એની તો મોટી યાદી પોલીસ ઑફિસમાં તૈયાર થઈ છે. ધીરે ધીરે બહાર પડશે. હમણાં તો—'

એટલામાં ચારપાંચ કૉન્સ્ટેબલને લઈ દારોગાજી ને ઇન્સ્પેકટર આવી પહોંચ્યા. અતુલ બોલ્યો, '—હમણાં તો વ્યોમકેશ બક્ષી સત્યાન્વેષીનું ખૂન કરવા મથવાના અપરાધસર તમને પોલીસને હવાલે કરવામાં આવે છે. ઈન્સ્પેકટર બાબુ, આ જ છે ગુનેગાર !'

ઈન્સ્પેકટરે ચૂપચાપ એમને હાથકડી પહેરાવી. ડાકટર ઝેરભરી નજરે જોતા બોલ્યા, 'આવું કાવત્રું ?! પોલીસે અને તેં—વ્યોમકેશ બક્ષીએ મળી મને ખોટેખોટો ફસાવ્યો છે. પણ હું યે તમને જોઇ લઇશ. દેશમાં કોર્ટ કાયદા છે—મારી પાસે યે પૈસાની ખોટ નથી.'

વ્યોમકેશ બોલ્યો, 'એ તો નથી જ. આટઆટલું કોકેન વેચો છો એના પૈસા સારી પેઠે હશે.'

મોં બગાડી ડાકટર બોલ્યા, 'હું કોકેન વેચું છું ? કંઈ સાબિતી ?'

'છે, છે, ડાકટર! તમારી પેલી સ્યુગર ઑવ મિલ્કની શીશીઓમાં જ એની સાબિતી પડી છે!'

જખો પર નીમક પડતાં જેવું થાય છે તેમ પળવારમાં જ ડાકટર વીલા પડી ગયા. એમના મોંમાંથી એક શબ્દ સરખો યે બહાર ન નીકળ્યો. માત્ર એમની બે ય આંખો પાંપણનો પલકારો યે કર્યા વિના વ્યોમકેશ તરફ શક્તિવિહીન ક્રોધનો અગ્નિ વરસાવી રહી.

મને થયું કે શું અમારા પેલા સીધા સાદા નિર્વિરોધી અનુકૂલ બાબુ સભ્યતાના સફેદ પોષાક પાછળ આવો ભયંકર નરઘાતક ગુંડો હતો! આની સાથે જ શું આટલા દિવસો પરમ મિત્રતાપૂર્વક મેં વિતાવ્યા હતા ? આ વિચારે હું ધ્રુજી ઊઠ્યો.

વ્યોમકેશે પૂછ્યું, 'અને આજ કઇ દવા અમને બંનેને આપી હતી તે યાદ કરશો, ડાકટર? મોર્ફિયા પાઉડર જ ને? નહિ કહો ? વાંધો નહિ. રાસાયણિક પરીક્ષામાં તો એ પકડાશે જ.'

પછી સિગારેટ સળગાવી પથારી પર આરામથી આડો પડતાં એ બોલ્યો, 'દારોગાબાબુ, હવે મારી કેફિયત લખો.'

પ્રાથમિક તપાસ-રિપોર્ટ લખાઇ ગયો. પછી ડાકટરના ઓરડાની જડતી લેતાં ત્યાંથી બે મોટા બાટલા કોકેનના નીકળ્યા. ડાકટરે એવી ચુપકીદી પકડેલી કે એક શબ્દ પણ તેમની પાસેથી નીકળી ન શક્યો. એ પછી એમને મુદ્દામાલ સાથે થાણામાં રવાના કરતાંકરતાં સવાર પડી ગઇ. એમને રવાના કરીને વ્યોમકેશે મને કહ્યું, 'અહીં તો બધું વેરવિખેર થઇ ગયું છે. ચાલ મારે ઘેર. ત્યાં જઇને ચાપાણી લઇશું'.

હેરિસન રોડના એક મકાનને બીજે માળે આવીને મેં પાટિયું જોયું: 'શ્રી વ્યોમકેશ બક્ષી, સત્યાન્વેષી'.

વ્યોમકેશ બોલ્યા, 'સ્વાગતમ! આ ગરીબની કુટિરને પાવન કરો.'

મેં પૂછ્યું, '"સત્યાન્વેષી", એ વળી શું ?'

'એ મારી ઓળખ છે. ડિટેક્ટિવ શબ્દ કાનને રૂચતો નથી. જાસૂસ તો એથી યે ખરાબ લાગે છે. એથી મેં જાતે જ મને પદવી આપી છે—સત્યાન્વેષી! કેમ, બરાબર નથી?'

એ આખો માળ એનો હતો. સરસહવાઉજાસવાળાને સુસજ્જિત ચારપાંચ ઓરડા હતા. મેં પૂછ્યું, 'એકલા જ રહેતા લાગો છો.'

'હા;—સાથીમાં માત્ર એક નોકર પુંટીરામ છે.'

મેં કહ્યું, 'જગ્યા તો ચીજ છે! કેટલા વખતથી અહીં રહો છો ?'

'લગભગ વરસેક દિવસથી; વચ્ચે થોડા દિવસ માટે તમારી મેસમાં રહી ગયો એટલું બાદ.'

નોકર પુંટીરામ ઝટપટ ચા બનાવી લાવ્યો. ગરમાગરમ કપ મોંએ અડકાડતાં વ્યોમકેશે કહ્યું, 'આ તમારા મેસમાં છૂપા વેશે થોડા દિવસ રહ્યો, પણ આવી તો મઝા! જોકે ડાકટર છેલ્લેછેલ્લે મને ઓળખી ગયા હતા, પણ એમાં દોષ મારો જ હતો.'

'કઈ રીતે ?'

'પોલીસ પાસે બારીની વાત કરતાં જ હું ઓળખાઇ ગએલો. સમજી ન શક્યો ? એ બારી વાટે જ અશ્વિની—'

'એમ નહિ; હવે પહેલેથી માંડીને જ બધી વાત કહો.'

ચાનો એક વધુ ઘૂંટ લઈ વ્યોમકેશ બોલ્યો, 'ભલે એમ કરૂં. થોડીક તો કાલે રાત્રે સાંભળી જ છે. બાકી હવે સાંભળ. તમારા એ લત્તામાં મહિનાઓથી આ એક પછી એક ખૂન થયા કરે છે તેથી પોલીસ સત્તાવાળા ખૂબ જ પરેશાન થઇ ગયા હતા. તેમાં એક બાજુ બંગાળ સરકારે અને બીજી બાજુ છાપાંવાળાઓએ પોલીસને વારંવાર ઠપકો આપીને અત્યંત વ્યાકુળ બનાવી દીધી હતી. આવી સ્થિતિમાં હું જઇને પોલીસ કમિશનરને મળ્યો ને કહ્યું કે હું એક બીન સરકારી ડિટેક્ટિવ છું. મને લાગે છે કે આ ખૂનનો પત્તો હું મેળવી શકીશ. ઘણી વાતો પછી એમણે મને રજા આપી. અને અમારી વચ્ચે શરત થઈ કે આ વાત એના ને મારા સિવાય બીજું કોઈ ન જાણે.

ત્યાર બાદ તમારા મેસમાં આવ્યો. કોઈ પણ તપાસ કરવી હોય તો બનાવવાળા સ્થળ પાસે જ રહેવું જોઇએ. તેથી તમારા મેસને જ મેં રહેઠાણ કરી દીધું. પણ ત્યારે ઓછું જ જાણતો હતો કે સામા પક્ષનું રહેઠાણ પણ એ જ સ્થળે હશે ?

ડાકટર મને મૂળથી જ વધુપડતો ભલો માણસ દેખાયો હતો. અને કોકેનનો વ્યવસાય કરવામાં હોમિયોપથ ડાકટર થઇ બેસવું બહુ સગવડભર્યું છે એ વાત પણ મારા મનમાં વારેવારે આવતી હતી.

એના પર મને પહેલી શંકા આવી અશ્વિનીબાબુના ખૂનને આગલે દિવસે, રસ્તા પરથી પેલા ગુજરાતીનું શબ મળી આવ્યું હતું તે દહાડે. ડાકટરે જ્યારે સાંભળ્યું કે એની કમ્મરેથી હજાર રૂપિયાની નોટો મળી છે ત્યારે પળવારને માટે તેના મોં પર એક લોલુપતા દેખાઇ આવેલી. એ જોઇને મને ડાકટરને માટે શંકા આવેલી.

એ પછી સાંજે અશ્વિનીબાબુ બારણા પાછળ ઊભા રહી વાતો સાંભળતા જણાયા. અશ્વિનીબાબુ આપણી વાતો સાંભળવા નહોતા આવ્યા, પણ ડાકટર સાથે વાતો કરવા આવ્યા હતા; પણ આપણને જોઈ એ ઝટપટ જે સૂઝ્યું તે કારણ દર્શાવી પાછા ઉપર ચાલ્યા ગયા.

અશ્વિનીબાબુની રીતભાતથી મને ફરી શંકા ગઈ કે કદાચ એ જ મૂળ ગુનેગાર હશે. રાત્રે જમીન પર સૂઈ કાન માંડીને જે વાતો સાંભળી તેથી પણ કંઇ વાત સ્પષ્ટ ન થઈ. માત્ર એટલું જ સમજાયું કે એમણે કંઈક ભયંકર દૃશ્ય જોયું છે. એ પછી એ રાત્રે જ્યારે એમનું ખૂન થયું ત્યારે બીજી કંઈ જ વાત જાણવી બાકી ન રહી. ડાકટર રસ્તા પર જ્યારે એ ગુજરાતીનું ખૂન કરતા હશે ત્યારે સંજોગવશાત્ અશ્વિનીબાબુએ પેશાબની હાજતે ઊઠતાં બારી વાટે એ દૃશ્ય જોયું હશે અને એ વાત જ એ છૂપી રીતે ડાકટરને કરવા ગયા હશે.

હવે તો બધું બરાબર સમજ્યોને ? ડાકટર કોકેનનો ધંધો કરતા પરંતુ કોઇને જાણવા ન દેતા કે એ કામના સરદાર પણ એ જ છે. જો ભોગજોગે કોઈ તે જાણી જતું તો તરત તેઓ તેનું ખૂન કરતા ને એમ કરીને જ એમણે આજ સુધી પોતાને મુક્ત રાખ્યા હતા.

સંભવ છે કે પેલો ગુજરાતી એમનો દલાલ હશે ને એની દ્વારા જ બજારમાં બધે કોકેન જતું હશે. તે રાત્રે એ ડાકટર પાસે આવ્યો ત્યારે કોઈપણ કારણે એમની વચ્ચે તકરાર થઇ હશે. કદાચ એણે ડાકટરને ડરાવવા એને ખુલ્લો પાડી દેવાની યા પોલીસની બીક દેખાડી હશે ને પછી એ મકાન બહાર નીકળતાં જ ડાકટરે એને પૂરો કર્યો હશે. અને અશ્વિનીબ બુએ એમની બારી વાટે એ દૃશ્ય જોઇને મૂર્ખાઈપૂર્વક એ વાત ડાકટરને કરી હશે. એમનો ઉદ્દેશ શો હશે એની આપણને ખબર નથી. ડાકટરનો એના પર ઉપકાર હતો, એટલે કદાચ એમને ચેતાવવા પણ ગયા હોય એ શક્ય છે. પણ પરિણામ અવળું આવ્યું., ડાકટરની આંખમાં એને જીવવાનો અધિકાર હવે નહોતો.

ડાકટર મને મૂળથી જ શંકાની નજરે જોતો હતો કે કેમ તે હું નથી કહી શકતો, પણ મેં જ્યારે પોલીસને કહ્યું કે આ બારી જ આ ખૂનનું કારણ છે, ત્યારે એ સમજી ગયો કે મેં થોડોથોડો અંદાજ કર્યો છે. પરિણામે હું પણ એની નજરે પેલી દુનિયાનો અધિકારી ગણાયો. એટલે પછીથી હું ખૂબ જ ચેતીચેતીને ચાલતો હતો.

એ પછી પોલીસ એક મોટી ભૂલ કરી બેઠી. એણે મને ગિરફ્તાર કર્યો આખરે કમિશ્નરે મને મુક્તિ આપી. હું ફરી મેસમાં આવ્યો ત્યારે ડાકટરને પાકી ખાતરી થઈ ગઈ કે હું ગુપ્તચર છું. પરંતુ એ ભાવ છુપાવીને એમણે એ રાત મને મેસમાં રહેવા દેવાની જે ઉદારતા બતાવી, એ ઉદારતાનો હેતુ મારું ખૂન કરવાનો જ હતો, કારણ એના વિષે હું જાણતો હતો એટલું બીજું કોઈ જ જાણતું નહોતું.

ડાકટરની સામે આ અગાઉ મારી પાસે પ્રત્યક્ષ કોઈ સાબિતી ન હતી. એને ત્યાંથી કોકેન પકડાવી હું એને સજા કરાવી શકત, પણ એ નિર્દય–નિર્મમ ખૂની છે તે વાત સાબિત ન થાત. એથી હું પણ એને લલચાવવા લાગ્યો બારણાના લોખંડી આપ-આગળા (ઑટોમૅટિક લૉક)માં ખીલી ભરાવી એ મેં પોતે જ ખોટકાવી દીધો હતો. ડાકટરે એ જાણ્યું ત્યારે એ ખુશ થઈ ગયો કે રાત્રે આપણે બારણું બંધ કરીને સૂઇ નહિ શકીએ અને એને સરળતા થશે.

એ પછી આપણે દવા માટે ગયા ત્યારે તો એને જાણે સ્વર્ગ હાથવેંતમાં જ હોય એમ લાગ્યું એ પણ મેં ઈરાદાપૂર્વક જ યોજ્યું હતું. આપણને બંનેને એકએક પડીકી મે ફિયા પાઉડરની આપી એણે માન્યું કે આપણે એ ખાઈને ઘસઘસાટ ઊંઘતા જ રહીશું, ને એ ઊંઘને મહાનિદ્રામાં પરિણમતી પણ આપણે જાણી શકીશું નહિ.

એ પછી તો વાઘ આવીને ફાંસલામાં ઝડપાઈ ગયો, બીજું શું?'

મેં કહ્યું, 'હવે હું જાઉં. તમે તો એ બાજુ હવે શાના આવો?'

'ના; પણ તું ક્યાં જાય છે, મેસમાં?'

'હાસ્તો.'

'શા માટે?'

'વાહ! શા માટે વળી શું? ઠેકાણે તો જવું જોઇએને?'

'હું કહું છું કે તારે એ મેસ મૂકી દેવો પડશે. તું અહીં ન રહી શકે? આ જગ્યા પણ સાવ નાખી દેવા જેવી નથી.'

'બદલો વાળો છો કે?' જરા ચૂપ રહી મેં કહ્યું.

મારા ખભે હાથ મૂકી એ બોલ્યા, 'ના ભાઈ, બદલો નથી વાળતો; પરંતુ હવે, ન જાણે કેમ પણ એવું લાગે છે કે આટલા દિવસ તારી સાથે રહ્યા પછી હવે એકલા નહિ રહી શકાય.'

'ખરેખર?'

'સાચ્ચેસાચ.'

'તો ભલે, હું હમણાં મારો સરસામાન લઇને આવી પહોંચું છું.'

પ્રસન્ન થઈ એણે કહ્યું, મારો યે સામાન લાવવો ન ભૂલતો, હો!'

ઍકવાટિન્ટની કલા અને

આ અંકમાં પાછલા પૂઠાની અંદરની બાજુએ આપેલું, શ્રી રમેન્દ્રનાથ ચક્રવર્તીનું ચિત્ર–'કિનારાની સૃષ્ટિ'–ઍકવાટિન્ટ નામની પદ્ધતિથી કોરેલું છે. ઈ. ૧૯૪૩ના ફેબ્રુઆરી અંક (૨૩૦)માં આ જ કલાકારની 'ડ્રાઈ પૉઈન્ટ' પદ્ધતિથી કરેલી કૃતિ આપી હતી તે વખતે એ પદ્ધતિ વિગતે સમજાવી હતી તેમ, આ 'ઍકવાટિન્ટ' પદ્ધતિમાં પણ કલાકાર સ્વહસ્તે પોતાની કૃતિ પતરા ઉપર કોરી કાઢે છે. ચિત્રકાર પીંછી કે કલમથી જે ચિત્ર આલેખે તેમાં તો એ એક જ કૃતિ તૈયાર થાય છે; પણ આ રીતે જસત કે ત્રાંબાના પતરા ઉપર તે પોતાની કૃતિ કોરી કાઢે છે તેનો લાભ એ છે કે પતરા ઉપર શાહી લગાડીને તે પર કાગળ દાબવાથી વધારે નકલો ઉતારી શકાય છે; અને તેમાં પણ કલાકારની ખુદની જ કૃતિ મળતી હોવાથી તેનાં મૂલ્ય ને મહત્તા મૂળ કૃતિ જેટલાં જ ગણાય છે.

ધાતુના પતરા ઉપર આ રીતે ચિત્ર ઉતારવાના પ્રકારોમાં ત્રણ મુખ્યત્વે જાણીતા છે: 'ઇચિંગ', 'ડ્રાઇ પૉઇન્ટ' અને 'ઍકવાટિન્ટ'. એમાંના પહેલા બે પ્રકારની ટૂંકી સમજણ ઉપર દર્શાવેલા ૨૩૦મા અંકમાં આપી ગયા છીએ. 'ઇચિંગ' અને 'ડ્રાઇપૉઇન્ટ'માં રેખાત્મક ચિત્ર જ મળી શકે છે; જ્યારે ઍકવાટિન્ટમાં જલરંગી (વૉટરકલર) ચિત્રની માફક ચડઊતરના વિવિધ 'ટોન'–પલટા–દર્શાવી શકાય છે. તેનું નામ પણ એ જ દર્શાવે છે: લેટિનમાં ઍકવા=પાણી; ટિંકટા=રંગેલું.

આ પદ્ધતિની શોધ અજબ રીતે થઈ મનાય છે. કહેવાય છે કે બાવેરિયાના એક પહેરેગીરે પોતાની બંદૂકની નળીનો થોડો ભાગ વિવિધ ઊંડાણવાળી સપાટીમાં કોઈ ચિત્રમય આકારે ખવાઈ ગએલો જોયો, ને તેમાં શાહી ભૂંસીને તે પર કાગળ દાબતાં વિવિધ પલટાવાળી છાપ નીકળી. અને પરિણામે ઇચિંગની રેખાત્મક પદ્ધતિને બદલે આ છાયાપ્રકાશના પલટા આપતી પદ્ધતિમાં લોકોએ પ્રયોગો શરૂ કર્યા. આ પદ્ધતિના કલાકારોમાં સૌ પ્રથમ ફ્રાન્સમાં જ્યાં બૅપ્ટિસ્ટ લ પ્રિન્સનું નામ બોલાય છે(ઇ ૧૭૫૦); પરંતુ તે પહેલાં હોલાંડના કલાકાર જાન વાન ડ વેલ્ડે ૧૬૫૮માં પોતાનાં તસ્વીરાલેખનોમાં ઇચિંગની સાથે આ પદ્ધતિનું મિશ્રણ કરી નવતર કૃતિઓ સર્જાવેલી કહેવાય છે. વિખ્યાત સ્પૅનિશ કલાકાર ગોયા પણ એ જ ઢબે ઇચિંગો કરતો.


'ઇચિંગ' ને 'ડ્રાઇ પૉઈન્ટ' કરતાં આ પદ્ધતિ સામાન્ય રીતે જરા અટપટી ને મુશ્કેલ મનાય છે, પણ એ એક ભ્રમ છે ખંતપૂર્વક મચ્યા રહેવાથી હથોટી પડી ગયા બાદ તે વડે બહુ મનોરમ પરિણામો મેળવી શકાય છે. આ નીચે એ પદ્ધતિની ક્રિયાત્મક સમજણ આપી છે અને તેને વધુ વિશદ કરતો આલેખ પણ સામે દર્શાવ્યો છે.

પહેલાં તો પોતાનું ચિત્ર એક કાગળ ઉપર 'બ્લૅક ઍન્ડ વ્હાઈટ વૉશ'માં આલેખવું. કાગળ મધ્યમ ભૂખરા રંગનો ઠીક પડશે; અને શરૂઆતના શિખાઉએ છાયાપ્રકાશના બહુ મુલાયમ કે અટપટા 'ટોન' ન નાખતાં તરત તરી આવે એવી ચોક્કસ કક્ષાઓના જ નાખવા—પોસ્ટરોમાં નાખીએ છીએ તેમ. શરૂમાં ત્રણ કક્ષાના બસ થઇ પડશે: કાળો, સફેદ ને વચલો–ભૂખરો. આ માટે ટેમ્પેરા રંગ વાપરવો ઠીક.

ચિત્ર તૈયાર થઈ ગયા પછી ૨૦ કે ૨૪ ગેજનું જસતનું પતરું બરોબર ચિત્રના જ માપનું કાપવું અને તેને ઍમોનિયાના પોતા વડે, અગર જરા 'વ્હાઇટિંગ'માં પાણી મેળવીને, અથવા કાંકરી વિનાના પોચા કોલસા તથા પાણી વડે ખૂબ ઘસીને તદ્દન સાફ કરી તેની સપાટી દર્પણ-સ્વચ્છ કરી નાખવી.

હવે બેએક ફુટ ઊંચા ને એકાદ ફુટ પહોળા લાકડાના ખોખા-

તેની છાપ ઉતારવાની રીત



ની આગલી ખુલ્લી બાજુ ઉપર કપડાનો એક પડદો જડી દઇને પાઉડર છાંટવાનું સાધન તૈયાર કરવું. પાઉડર એટલે રાળ અથવા બેરજાની બારીક ભૂકી. તે અતિશય બારીક (આંખમાં અંજાય એવી) ન હોવી જોઇએ. જુદાજુદા ચિત્રપ્રકારો માટે તેના જુદાજુદા કરકરા કણ પસંદ કરવામાં આવે છે. ખોખામાં એ પાઉડર ઉપરાંત લાકડાના બે નાના ટુકડા મૂકવા, જેના પર પેલી પતરાની પ્લેટ મૂકી શકાય.

આ પછી ખોખાનો પડદો ઢાળી દઇને તેની નીચેથી એક ધમણનું નાળચું અંદર નાખી હવા ધમવી, જેથી પાઉડર ઊડીને આખા ખોખામાં ફેલાઈ જશે. પછી તરત પડદો ઊંચો કરીને પતરાની પ્લેટને, સાફ કરેલી બાજુ ચત્તી રહે એ રીતે ખોખામાંના પેલા લાકડાના ટુકડા ઉપર મૂકી દેવી ને પડદો ઢાંકી દેવો. જો ચિત્રની છેલ્લી છાપ વધારે ખરબચડી ઘેરી કે જાડી જોઈતી હોય તો ધમણ ધમી રહીને તરત જ પ્લેટ અંદર મૂકી દેવી; પણ જો મુલાયમ પલટા લેવા હોય તો અરધીક મિનિટ રાહ જોઇને રાળના જાડા કરકરા કણને નીચે શમી જવા દીધા બાદ પ્લેટ મૂકવી. આ રીતે પ્લેટને ખોખામાં એકાદ મિનિટ રહેવા દેવાથી તેના પર રાળના કણનું એક આછું પડ પથરાઈ જશે. પછી, તેની સપાટીને જરા પણ ન અડાય એ રીતે કાળજીથી પ્લેટને ઉઠાવી લઈ તેને ગૅસના કે વીજળીના બર્નર ઉપર અથવા સ્ટવની ધીમી આંચ ઉપર ફેરવતા જઇને નીચેથી એકસરખી ગરમી આપવી, જેથી સપાટી પરના રાળના કણ ગરમ થઇને તેમાંથી આછી ધુમાડી નીકળવા માંડશે; એનો અર્થ એ કે રાળ પીગળીને તેના કણનું વાર્નિશ જેવું પડ એ પ્લેટ ઉપર બંધાઈ ગયું. આ પછી પ્લેટને ઠંડી પાડી તેની પાછળ શેલાક વાર્નિશનો એક હાથ મારી દેવો, તેથી એ ભાગ કોરાય નહિ.

કેટલાક કલાકારો ખોખાને બદલે રાળની ભૂકીની પોટલી પર ધીમી થાપટ મારીને પણ પ્લેટ પર ભૂકીનું પડ પાથરે છે; પરંતુ એમાં ચોક્કસાઈભરી ફાવટ જોઇએ.


હવે, મૂળ ચિત્રમાં જેટલા સફેદ ભાગ હોય તેટલા જ ભાગ એક પારદર્શક કાગળ પર ટ્રેસ કરી લઈ, તેને ઉલટાવીને, કાર્બનની મદદથી પતરાની પ્લેટ પર અવળા ઉતારવા; અને એટલા ભાગમાં—એટલે કે છાપમાં આપણને જે જે ભાગ સફેદ જોઇતા હોય તેટલા ભાગમાં—ઍસ્ફાલ્ટમ વાર્નિશ (જે બહુ ઝડપથી સુકાઈ જાય છે) પીંછી વડે ભરી દેવો.

પછી, ચિનાઈ માટીની, કે તેજાબથી ન ખવાય એવી બીજી કોઇ છીછરી રકાબીમાં એક ભાગ નાઇટ્રિક ઍસિડ ને પાંચ ભાગ પાણીનું મિશ્રણ તૈયાર કરવું. (રકાબીમાં પાણી પહેલું નાખીને પછી તેમાં તેજાબ રેડવો.) અને તેમાં પ્લેટ ચત્તી ડુબાડી દેવી. એક મિનિટ બાદ તેને બહાર કાઢી, ચોખ્ખા પાણીમાં સારી પેઠે ઝબોળી, કપડાથી સાફ કરી, સ્ટવ પર આછી ગરમી આપી સૂકવી નાખવી.

હવે મૂળ ચિત્રમાંનો વચલો 'ટોન' જેટલા ભાગમાં હોય તેટલો ભાગ પેલા કાગળ ઉપર ટ્રેસ કરી તેની અવળી છાપ ફરીથી પ્લેટ પર એટલી ચોક્કસાઈથી ઉતારવી, કે સફેદ ભાગવાળા ભાગની કિનારી સાથે તે બરોબર બંધ બેસે. આ પછી તે ભાગ પર વાર્નિશ ભરી દઈ તેજાબમાં પ્લેટને ડુબાડવી અને ત્રણ મિનિટ રહેવા દેવી. (અનુસંધાન પૃ૦ ૨૩૪મે)

અણુશક્તિ અનુસંધાન પૃ. ૨૨પથી

આપણી પૃથ્વી ૯૨ પ્રકારનાં મૂળતત્ત્વો (Elements)ની બનેલી છે. કોઇ પણ પદાર્થને-દાખલા તરીકે લોખંડને-આપણે બારીકમાં બારીક અને તેથી યે અતિશય બારીક કણમાં ટુકડા કર્યે જ જઈએ, તો અંતે એક એવો સૂક્ષ્માતિસૂક્ષ્મ કણ બાકી રહે કે જેને ભાંગી ન શકાય. આવા અભંજ કણને 'અણુ' કહે છે. આ અણુને પણ જો અંતે છેદવામાં આવે તો પછી તે મૂળતત્ત્વના સ્વરૂપમાં ન રહેતાં વિદ્યુત પરમાણુઓના રૂપમાં છૂટો પડી જાય છે. આ પરમાણુઓ ત્રણ જાતના છે: (૧) પ્રાણુ (પ્રોટોન–Proton), (૨) વિદ્યુત્અણુ (ઇલેક્ટ્રોન–Electron) ને (૩) શૂન્યાણુ (ન્યૂટ્રોન–Neutron). એમાં પ્રોટોન એ (+) વિદ્યુત(Positive Electricity) એટલે કે ધનભારવાહી અને ઇલેક્ટ્રોન એ (–) વિદ્યુત(Negative Electricity) એટલે કે ઋણ-ભારવાહી વિદ્યુત છે. ન્યૂટ્રોનમાં કોઈ પ્રકારની વિદ્યુતશક્તિ હોતી નથી. અણુના કેન્દ્રમાં પ્રોટોન અને ન્યૂટ્રોન હોય છે. અને એ કેન્દ્રની (એ બંનેની) આસપાસ, એક યા વધુ ઇલેક્ટ્રોન અતિશય વેગથી ફર્યા કરે છે. અણુની આ રચના સૂર્યમાળાની રચના સાથે સરખાવી શકાય. સૂર્યમાળામાં જેમ ગ્રહો સૂર્યની આસપાસ ફર્યા કરે છે, તેમ અણુમાં, પ્રાણુ અને શૂન્યાણુના બનેલા કેન્દ્રની આસપાસ વિદ્યુદઅણુઓ, નાનાં-મોટાં વર્તુલોમાં ફર્યા જ કરે છે. આ નીચે આપેલી ત્રણ આકૃતિઓ ત્રણ પદાર્થોના અણુઓની એવી રચનાનો ખ્યાલ આપે છે: (૧) હાઇ-ડ્રોજનના અણુની (૨) ફ્લુઓરીનના અણુની (૩) ત્રાંબાના અણુની.



પહેલી આકૃતિમાં બતાવેલા હાઇડ્રોજનના અણુમાં કેન્દ્રમાં ૧ પ્રોટોન અને તેની આજુબાજુ ૧ ઇલેક્ટ્રોન ઘૂમે છે. આકૃતિ નં. ૨માં ફ્લ્યુઓરીનનો અણુ દર્શાવ્યો છે. તેમાં કેન્દ્રમાં ૯ પ્રોટોન તથા ૧૦ ન્યૂટ્રોન હોય છે અને તેની આજુબાજુ ૯ ઇલેક્ટ્રોન ફરે છે; અને આકૃતિ ૩ ત્રાંબના અણુની રચનાની છે, જેમાં કેન્દ્રે ૨૯ પ્રોટોન તથા ૩૫ ન્યૂટ્રોન રહેલા હોય છે જેની આસપાસ ૨૯ ઇલેક્ટ્રોન ફરે છે.

આ અણુ અનેપરમાણુ કેટલા સૂક્ષ્માતિસૂક્ષ્મ હોય છે તેનો ખ્યાલ નીચેના દાખલાથી આવશે. જો પાણીના એક બિન્દુને પૃથ્વીના કદનું બનાવવામાં આવે તો તેના અણુનું કદ નારંગીના જેટલું હશે! એ અણુમાં પાછી ખાલી જગ્યા ઘણી જ છે! અને એનું 'કેન્દ્ર' તો અણુના લાખમા ભાગની જ જગ્યા રોકે છે. પૃથ્વીનાં બધાં મૂળતત્ત્વોમાં હાઇડ્રોજન (જલવાયુ)નો નંબર પહેલો છે અને તે હલકામાં હલકું છે; જ્યારે યુરેનિયમનો નંબર ૯૨મો છે અને તે ભારેમાં ભારે છે.

અત્યાર સુધી આપણે જે શક્તિઓનો (ઉષ્ણતા, પ્રકાશ, રાસાયણિક કે વિદ્યુતનો) ઉપયોગ કરતા આવ્યા છીએ તે અણુના માત્ર ઇલેક્ટ્રોનમાં થતા ફેરફારથી જ મળતી હતી, અણુના 'કેન્દ્ર'માં કશો ફેરફાર થતો ન હતો. અને અણુશક્તિનું ઉત્પન્નસ્થાન તો તેનું 'કેન્દ્ર' છે. એટલે હવે ઇલેક્ટ્રોનને બાજુએ મૂકી 'કેન્દ્ર'નો વિચાર કરીએ.

ઈ. ૧૯૧૯માં રધરફોર્ડે પહેલવહેલો કેન્દ્રમાં ફેરફાર કરવાનો પ્રયોગ કર્યો. તેણે હેલિયમ (૨)*ના કેન્દ્રને નાઇટ્રોજન અણુઓમાંથી પસાર કર્યાં તો પરિણામે નાઇટ્રોજનના બદલે પ્રાણવાયુ (૮)નો આઇસોટોપ ૧૭ અને એક પ્રોટોન મળ્યાં. 'કેન્દ્ર'નું આ પરિવર્તન (Nuclear reaction) સહેલાઇથી થતું નથી, કારણ કે (૧) બે કેન્દ્રોને નજીક લાવવા માટે તેમની ગતિ એકદમ વધારવી જોઇએ; (૨) કેન્દ્રો એટલાં નાનાં હોય છે કે એકને બીજા સાથે અથડાવાની તક ભાગ્યે જ મળે છે. છેલ્લાં પંદર વર્ષમાં ઘણાં યંત્રો શોધાયાં છે જે કેન્દ્રમાં પરિવર્તનો કરી શકે છે, પણ આ પરિવર્તનો હજી એટલાં સફળ નથી થયાં જે કેન્દ્રની શક્તિને મોટા પ્રમાણમાં છૂટી કરે

ઈ. ૧૯૩૮નું નોબેલ ઈનામ જીતનાર ઈટાલિયન વિજ્ઞાની એનરિકો ફર્મીએ યુરેનિયમના કેન્દ્રમાં ન્યૂટ્રોન-શૂન્યાણુ દાખલ કરવાનો પ્રયત્ન કર્યો. રધરફોર્ડ અને બીજા વિજ્ઞાનીઓએ જે પ્રયોગો કરેલા તેમાં તેઓ કેન્દ્રને પ્રોટોન અથવા આલ્ફા પાર્ટિકલ્સ (હેલિયમનાં કેન્દ્રો) વડે ભેદતા હતા. પણ ફર્મીના આ પ્રયોગોએ તો યુરેનિયમનું કેન્દ્ર ભેદવા સાથે તેમાંથી નવાં તત્ત્વો પેદા કર્યાં.

આવી રીતે પેદા થએલાં નવાં તત્ત્વોનો મૂળતત્ત્વો સાથે કંઈ સંબંધ છે કે નહિ તે ઉપર હવે વિજ્ઞાનીઓ શોધ ચલાવવા લાગ્યા. આમાં બર્લિનની કૈઝર વિલ્હેમ ઈન્સ્ટીટ્યૂટના વિજ્ઞાની ઑટો હાન અને તેનો શિષ્ય સ્ટ્રાસમાન વધારેમાં વધારે સફળ થયા. એમણે બતાવ્યું કે રેડિયમમાંથી નીકળેલાં તત્ત્વને મૂળ રેડિયમ (૮૮) સાથે કંઇ સંબંધ ન હતો. પણ તે બેરિયમ (૫૬) હતું! અમણે એ પણ શોધ્યું કે યુરેનિયમ (૯૨)ને જ્યારે ન્યૂટ્રોનથી ભેદવામાં આવે છે ત્યારે તેમાંથી છૂટું પડેલું એક તત્ત્વ બેરિયમ (૫૬)ના અને બીજું લેન્થૅનમ (Lanthanum)ના ગુણ બતાવે છે. આ કેવી રીતે બને? તેઓને એમ માનવાની ફરજ પડી કે જ્યારે યુરેનિયમ ભેદાય છે ત્યારે તેના બે ભાગ થાય છે. એક અણુ નં. ૫૬ અને બીજું નં ૩૬ કે ૩૭.

ઉપરાંત એમણે એમ પણ શોધ્યું કે આ યુરેનિયમના બીજી રીતે પણ ભાગ પડી શકે છે. ઑટો હાને ઇ. ૧૯૩૯માં પહેલીવાર યુરેનિયમના અણુના બે ભાગ કર્યા. એ શોધ વિના અણુ બૉમ્બ શક્ય બન્યો ન હોત. સાથેસાથે એમ પણ માલૂમ પડયું કે અણુના છેદ થતી વખતે વીસ કરોડ ઇલેક્ટ્રોન વૉલ્ટ્સની શક્તિ છૂટી પડે છે. કોઈને એમ થશે કે તો પછી એ શક્તિ વડે વિજ્ઞાની અને પ્રયોગશાળા કેમ ઊડી ન ગયાં? આનું કારણ એ હતું કે પ્રયોગ દરમ્યાન તો થોડા જ અણુઓના ટુકડા થયા હતા, જ્યારે બૉમ્બમાં તો એક રતલ ઉપરાંત યુરેનિયમનો ઉપયોગ થયો હોય એમ મનાય છે. ઑટો હાને એ પણ સાબિત કર્યું કે કંઈ બધા જ મૂળતત્ત્વોને આવી રીતે છેદી શકાતાં નથી. યુરેનિયમ સિવાય બીજાં બે જ તત્ત્વો–પ્રોટો-ઍક્ટીનિયમ (૯૧) અને થોરિયમ (૯૦) જ માત્ર આવી અસર બતાવે છે.

એમ માનવામાં આવે છે કે યુરેનિયમનું કેન્દ્ર વજનદાર હોવાના કારણે જ્યારે તે ભેદાય છે ત્યારે દારૂગોળાની માફક બહુ ગરમી ઉત્પન્ન કરે છે. તેના કેન્દ્રમાં જ્યારે ન્યૂટ્રોન દાખલ કરવામાં આવે છે ત્યારે એ કેન્દ્રમાં મોટાં આંદોલનો પેદા થાય છે અને તેથી તેના બે કે વધારે ભાગ થાય છે. નીલ્સ બોહર નામના વિજ્ઞાનીએ શોધી કાઢયું કે આ પૃથ્વી પર બે જાતનાં યુરેનિયમ મળી આવે છે: એક યુ. ૨૩૮ અને બીજું યુ. ૨૩૫. તેમાં યુ. ૨૩૮ સાધારણ રીતે મળી આવે છે. યુ. ૨૩૫ જે પ્લ્યુટોનિયમ તરીકે પણ ઓળખાય છે તેનું પ્રમાણ તો યુ. ૨૩૮ની સરખામણીમાં ૧૪૦મા ભાગ જેટલું જ હોય છે. પણ એની ક્રિયાશક્તિ યુ. ૨૩૮ કરતાં ૧૦૮૦ ગણી વધારે હોય

* અહીં મૂળતત્ત્વોનાં નામની બાજુએ કૌંસમાં આપેલો આંકડો તે તે મૂળતત્ત્વનો ક્રમાંક બતાવે છે.

છે. યુ. અણુ ભેદાય ત્યારે જે શક્તિ છૂટી પડે છે તેને સાદી ભાષામાં આમ કહી શકાય: જો એક ગ્રામ યુરેનિયમના અણુના કેન્દ્રો ભેદવામાં આવે તો બે ટન કોલસાને બાળવાથી ઉત્પન્ન થતી શક્તિ પેદા થાય. જો પદાર્થનું શક્તિમાં સંપૂર્ણ રૂપાંતર કરી શકાય તો તો આપણને હજી એથી યે ૧૦૦૦ ગણી વધારે શક્તિ મળે. અત્યારના જ્ઞાનથી તો આપણે સંપૂર્ણ શક્તિના ૧૦૦૦મા ભાગથી જ સંતોષ માનવો રહ્યો. અને તેમ છતાં યે આપણને આજે મળતી આ શક્તિ રાસાયણિક ક્રિયાથી મળતી શક્તિ કરતાં ૧૦ લાખ ગણી છે!

આમ, અણુ ભેદવાની શક્તિ હાથ આવવાથી અણુ બૉમ્બ બનાવવા માટેનો દારૂગોળો તો મળ્યો, પણ બૉમ્બ બનાવવામાં નીચેની મુશ્કેલીઓ નડે છે. એક તો, આગળ જણાવ્યું તેમ કેન્દ્રનાં પરિવર્તનો કરવાં અત્યંત મુશ્કેલ છે. એ કેટલું મુશ્કેલ છે તેનો ખ્યાલ આટલા દાખલા પરથી આવશે કે જ્યારે એક અબજ ન્યૂટ્રોન યુરેનિયમના કેન્દ્ર પર તાકવામાં આવે ત્યારે ભાગ્યે જ એક ન્યૂટ્રોન એ કેન્દ્રને લાગશે! બીજી મુશ્કેલી એ છે કે યુરેનિયમ ૨૩૫નો સારો જથ્થો મેળવવો મુશ્કેલ છે; ત્રીજું એ કે ન્યૂટ્રોન પણ પૂરતા પ્રમાણમાં મેળવવાં જોઇએ; અને ચોથું એ કે આ બધી વસ્તુઓ બૉમ્બમાં એવી રીતે ગોઠવવી જોઇએ કે એ ફેંકાયા પછીજ કેન્દ્રમાં પરિવર્તન શરૂ થાય.

અણુ બૉમ્બમાં આ બધું કેવી રીતે ગોઠવવામાં આવે છે ને કઈ જાતની ચાંપ (Trigger Action or Delayed action) રાખવામાં આવે છે કે જેથી 'કેન્દ્ર પરિવર્તનો' બૉંબ ફેંકાયા પછી જ શરૂ થાય, તે વિષે તો અમુક વિજ્ઞાનીઓ અને એ બૉંબ બનાવનારા સિવાય હાલ કોઈ જ જાણતું નથી. છતાં જાહેરમાં આવ્યા મુજબ અણુ બૉંબને મુક્ત કરનાર કળ સાદા યંત્રની કરામત જેવી જ છે. એમાં સહેજ રેડિયમ, સહેજ બેરિલિયમ, અને થોડા પેરેફિન (મીણ) તથા યુરેનિયમ ૨૩૫નો ઉપયોગ છે. રેડિયમનાં કિરણો બેરિલિયમ પર પડતાં તેમાંથી ન્યૂટ્રોનવાળાં રેડિયમનાં કિરણો નીકળે છે, જે દ્રવ્ય રૂપે નીકળતાં હોઈ યુરેનિયમને છેદી શકે છે. પૅરૅફિન મીણ આ ક્રિયાનો વેગ હળવો પાડવાનું કામ કરે છે. એ રીતે વેગ ધીમો પાડયા પછી તેમાં ૨૫,૦૦૦ વૉલ્ટની શક્તિ મૂકવામાં આવે છે, જેથી યુરેનિયમ અણુ છેદાય છે ને તેમાંથી પ્રચંડ સ્ફોટક તાકાત ઉત્પન્ન થાય છે.

માની લો કે બૉમ્બ ફેંકાયા પછી તેમાં યુ. ૨૩૫ના કેન્દ્ર પર ન્યૂટ્રોનનો પહેલો મારો શરૂ થયો, ને યુ. ૨૩૫ના કેન્દ્રના ભાગલા શરૂ થવા લાગ્યા. હવે જ્યારે ૧૦ લાખ ન્યૂટ્રોનો એક ગ્રામ યુ-૨૩૫ ઉપર ફેંકાય છે ત્યારે ૪,૮૦,૦૦૦ કેન્દ્રોના ટુકડા થાય છે અને એ દરેક ભેદાએલું કેન્દ્ર ૪ ન્યૂટ્રોન બહાર કાઢે છે, એટલે કે બીજા નવા ૧૯,૬૦,૦૦૦ ન્યૂટ્રોન પેદા થાય છે, જે ફરીથી બાકી રહેલા યુ-૨૩૫ પર ફેંકાય છે અને ફરીથી લગભગ બમણા ન્યૂટ્રોન બહાર પડે છે આમ કેન્દ્રો ભેદવાનો વેગ ઉત્તરોત્તર વધતો જ જાય છે એમ કરતાં કરતાં જ્યારે યુ-૨૩૫નાં કેન્દ્રોની સંખ્યામાં ઘટાડો થાય છે, ત્યારે છૂટા પડતા ન્યૂટ્રોનની સંખ્યા ઓછી થતી જાય છે ને આ કાર્યનો અંત આવે છે. જ્યારે ૯૦ ટકા કેન્દ્રો ભેદાઈ જાય છે ત્યારે આમ બને છે. આ હિસાબે જો બૉંબમાં એક ગ્રામ યુ-૨૩૫ હોય તો ૯/૧૦ ગ્રામની શક્તિ છૂટી પડે છે. આ શક્તિ આશરે ૧.૯×૧૦૯ કીલો કૅલરી (૧૯૦ કરોડ કીલો કૅલરી) બરાબર થાય છે. આપણા વિજ્ઞાની સી. વી. રામનના કહેવા મુજબ એક ઘનફુટ યુરેનિયન ઓકસાઈડ ૧/૧૦૦ સેકન્ડમાં ૧૦ લાખ કીલો-વૉટ-અવર(યુનીટ) જેટલી શક્તિ ઉત્પન્ન કરી શકે. પરિણામમાં ગજબનાક ગરમી ઉત્પન્ન થાય છે અને આ ગરમી સૂર્યથી પણ તેજસ્વી ચમકારો ઉત્પન્ન કરે છે.

૧૯૩૯માં ઑટો હાનની શોધ પછી ઇંગ્લંડમાં વિજ્ઞાનીઓ અણુ બૉંબ સારૂ પ્રયત્નો કરવા લાગ્યા. આ પછી આમાં અમેરિકાએ પણ ભાગ લેવા માંડયો અને શોધખોળનું કેન્દ્ર અમેરિકા બન્યું. બધા વિજ્ઞાનીઓ પણ અમેરિકા ગયા અને ત્યાં બંધ બારણે 'માનહટ્ટન પ્રોજેક્ટ'ના નામ નીચે ત્રણ જગ્યાએ (ટેનેસ્સી, વૉશિંગ્ટન અને ન્યુ મેકસિકો). આ શોધખોળ થવા લાગી. ૧૯૪૫ના જુલાઇની ૧૨મી તારીખે વિજ્ઞાનીઓ એમની બનાવટ સાથે તૈયાર થયા. ન્યૂ મેકસિકોના રણમાં એક જૂના ઘરમાં રૉબર્ટ બાચેર (Robert Bacher) નામના વિજ્ઞાનીએ બીજા વિજ્ઞાનીઓના દેખતાં છૂટા ભાગોમાંથી બૉમ્બ બનાવ્યો. આ બૉમ્બ, ધડાકાની અસર નોંધવાનાં બીજા યંત્રો સાથે એક ખાસ તૈયાર કરેલા લોખંડના મિનારા પર મૂકવામાં આવ્યો. જુલાઇની ૧૬મીએ વહેલી સવારે વિજ્ઞાનીઓ પાંચેક માઇલ દૂર બૉંબ ફાટવાની રાહ જોવા લાગ્યા, ને ધડાકો થયો. વિજ્ઞાનીઓએ આકાશમાં ૪૦,૦૦૦ ફીટ ઊંચે સુધી રંગબેરંગી વાદળાં જોયાં. બૉંબની એ જગ્યાથી વાયવ્યે ૧૨૦ માઈલ દૂર આવેલા આલ્બુકર્ક શહેરમાં પણ લોકોએ આકાશ એકદમ પ્રકાશિત થઇને સૂર્ય કરતાં પણ તેજસ્વી ગોળો આકાશમાં ઊંચે ચડતો જોયો! પેલા મિનારાનું તો નામનિશાન ન રહ્યું, અને ત્યાં અર્ધો માઈલના વ્યાસનો રકાબીના આકારનો ખાડો પડયો મધ્યમાં એ ખાડો ૨૫ ફીટ ઊંડો હતો.

આ બૉંબ બનાવવામાં નીચેના વિજ્ઞાનીઓએ મુખ્ય ભાગ લીધો હતો. જે. રૉબર્ટ ઓપન હાઇમર, નીલ્સ બોહર, લોરેન્સ, આર્થર હોલ્લી કૉમ્પટન, જેમ્સ બી. કોનાન્ટ, એરીકો ફર્મી, જૉન આર. ડન્નિંગ અને બીજા પણ ઘણા છે.

આ નવો બૉંબ ફાટે છે ત્યારે તો ભયાનક કેર વર્તાવે જ છે; પરંતુ ફાટયા પછી પણ એ સ્થળમાં વીજળી પ્રવેશવાને લીધે તેનામાં જે રેડિયો ઍકટિવિટી આવી ગઈ હોય છે તેને લીધે જો કોઈ જીવતી વસ્તુ (જેમકે માણસ, પશુ, વનસ્પતિ વગેરે) આવી જગ્યાના સંસર્ગમાં છે આવે તો તેને યે નુકસાન થાય છે. યુ-અણુના ટુકડા થયા પછીની આ એક અસર છે. વિજ્ઞાનીઓ જ્યારે એક મહીના પછી ન્યૂ મેકસિકોમાં તપાસ સારૂ ગએલા ત્યારે પણ (બૉંબ ૧૦૦ ફીટ ઊંચે ફાટયો હતો છતાં પણ) ત્યાંની જમીન રેડિયો-ઍકટિવ માલૂમ પડેલી. આનાથી બચવા તેઓએ કૅનવાસની કોથળીઓ પગે પહેરી હતી. તેઓએ એ પણ જાણ્યું કે રેતીનું ½ ઇંચ પડ અત્યંત ગરમીથી ઊકળેલું ને ઠરીને રંગબેરંગી કાચના રૂપમાં ફેરવાઇ ગયું હતું!

આ અણુશક્તિનું ભવિષ્ય કોણ ભાખી શકે? અમેરિકાની એક સોસાએટીએ અણુશક્તિની મદદથી ચંદ્ર પર જવા-આવવા સારૂ લાયસન્સની અરજી કરી છે! અમેરિકાનો એક ઈજનેર રાલ્ફ હ્યૂકાસ કહે છે કે અણુ શક્તિથી ચાલતાં એન્જિનો તો તરતમાં જ બનાવવામાં આવશે. એ ભાઈ એમ પણ કહે છે કે માત્ર એક પ્યાલા પારા (૮૦)ની મદદથી ૧૨૦ ડબ્બાની ગાડી ન્યૂ યૉર્ક ને સાનફ્રાન્સિસ્કો વચ્ચે ૪૫ ડબલ ટ્રિપ કરશે. આમ છતાં યે એમ કહી શકાય કે હજી દસ વર્ષ સુધી અણુશક્તિનો ઉપયોગ બહુ જ ઓછો થશે. પણ આમ થાય તે પહેલાં મુશ્કેલીઓ પણ ઘણી છે: (૧) યુરેનિયમની માફક કામમાં આવી શકે એવા બીજાં મૂળ તત્ત્વોની શોધ થવી જોઇએ. (૨) જોઈતા પ્રમાણમાં અને જ્યારે જોઈએ ત્યારે અણુ શક્તિ છૂટી પાડવી જોઇએ ને (૩) બૉંબની માફક બધી શક્તિ એકીસાથે ફાટીને છૂટી પડે તે તો નકામું જાય ને ભયંકર પરિણામ આવે; માટે તેના ઉપર અંકુશ મૂકનારી કોઈ નિયામક વ્યવસ્થા પણ શોધવી જોઇએ.

ચંપકલાલ હરિલાલ મહેતા

ઍકવાટિન્ટની કલા અને તેની છાપ ઉતારવાની પદ્ધતિ

(અનુસંધાન પૃ૰ ૨૩૧થી) ત્યાર બાદ પ્લેટને કાઢી લઇ અગાઉની માફક સાફ કરી નાખવી. હવે છેલ્લો કાળો ભાગ ટ્રેસિંગ દ્વારા પ્લેટ પર ચોક્કસાઈથી ઉતારી, તેમાં વાર્નિશ પૂરી તેજાબમાં મૂકવી અને આ વખતે પાંચ મિનિટ રાખવી. એ પૂરી થયે બાદ ર કાઢી લઈ ફરી પ્લેટને સારી પેઠે પાણીથી ધોઈ, લૂછીને સૂકવી નાખવી. આમ, ત્રણે 'ઇચિંગ' (કોરણીની ક્રિયાઓ) થઈ રહ્યા બાદ પ્લેટ ઉપરના વાર્નિશને પેટ્રોલ, આલ્કોહોલ કે મેથીલેટેડ સ્પિરિટ વડે, અને રાળના કણને ટર્પેન્ટાઈન વડે ઘસીને સાફ કરી નાખો. એટલે પ્લેટ છાપ લેવા માટે તૈયાર થઈ.

ઍકવાટિન્ટ પ્લેટની છાપ પણ ઇચિંગ વગેરેની માફક દાબ-પ્રેસથી જ લેવાય છે કોરાએલી પ્લેટ પર છાપવાની જાડી શાહી લગાડીને પછી હળવે હાથે શાહીને લૂછી લેશો, એટલે કોરાએલા ભાગમાં તેની ઊંડાઇના પ્રમાણમાં શાહી ભરાઈ રહેશે. પછી તેના પર ભેજવાળો કાગળ મૂકી દાબપ્રેસમાં દબાવશો એટલે છાપ નીકળશે. ઉપર દર્શાવ્યા મુજબ એક પછી એક ત્રણ હપ્તેથી કોરાએલા સૌથી ઊંડા ભાગમાં વધુ શાહી ભરાઇ રહેલી હોવાથી તેની છાપ ઘેરી મળશે, છીછરા ભાગમાં ઓછી શાહી હોવાને લીધે ત્યાં મધ્યમ છાપ પડશે અને નહિ કોરાએલા ભાગ પરથી શાહી લુછાઈ ગએલી હોઇને તે ભાગ સફેદ રહેશે. અને, રાળના કણ તમે જેવા ખરબચડા કે મુલાયમ રાખ્યા હશે તે મુજબનો 'ટોન' છાપ પકડશે.

ઉપર જે રીતે ત્રણ ટોન ઉતારવાની ક્રિયા સમજાવી તે જ રીતે કેટલાક કલાકારો પોતાનાં ચિત્રોમાં જરૂર પ્રમાણે પાંચ છ-સાત ટોન નાખીને મુલાયમ પલટા લાવે છે. કેટલાક ફ્રેન્ચ કલાકારોની હથોટી તો આ ઍકવાટિન્ટ ઉપર એવી જામેલી હોય છે કે તેઓ પોતાનાં વૉટરકલર રંગચિત્રોની નકલો પણ આ પદ્ધતિથી ઉતારે છે, અને એક રંગ પર બીજા રંગની છાપ દાબીને જરૂરી રંગમિશ્રણો લાવે છે.

ઍકવાટિન્ટની આ કોરણી (ઇચિંગ)ના જુદાજુદા 'ટોન'ના પલટાનું પ્રમાણ નજર આગળ રહે તે માટે, પતરાની એક લાંબી પટ્ટી-ની 'માર્ગદર્શિની' બનાવી લેવી. એક પાતળી પટ્ટી પર, ઉપર જણાવ્યા મુજબ રાળનું પડ પાથરી, તેને ગરમ કરી, એક છેડેથી તેનો થોડો-થોડો ભાગ ક્રમશઃ એક મિનિટ, બે મિનિટ, ત્રણ મિનિટ, એમ કોરતા જવું. આ રીતે દરેક જુદીજુદી કક્ષાના કોરેલા ભાગવાળી એ પટ્ટીની પ્રુફ કાઢી રાખી હોય તો તેમાંના પલટા ઉપરથી, પોતાના ચિત્રમાંના જુદાજુદા 'ટોન' કેટલીકેટલી મિનિટની કોરણી માગશે તે તરત નક્કી કરી લઈ શકાય.

ત્રાંબાના પતરાને કોરવા માટે 'આયર્ન પરક્લોરાઇડ' નામનો તેજાબ વાપરવો, અને રકાબીમાં લાકડાના બે ટુકડા મૂકી, તળિયા-થી ૧ાા ઈંચ અધ્ધર રહે એ રીતે પ્લેટને એ તેજાબમાં ઊંધી મૂકવી.

આયરિશ બુલ

વાતચિતમાં કે લખાણમાં કોઇ ભયંકર ગોટાળો કરે ત્યારે અંગ્રેજીમાં તેને 'આયરિશ બુલ'નો પ્રયોગ થયો કહે છે. તેમાં હાસ્ય તો ઉપજે છે જ, પણ તે નર્મ કે કટાક્ષ કરતાં જુદું હોય છે. વ્યક્તિની ભૂલ, કથનનો વિરોધાભાસ કે કઢંગાપણું જ તેમાં મુખ્ય હોય છે. આયર્લંડના લોકો આવા પ્રકારના છબરડા માટે જાણીતા હોવાથી આ-યરિશ બાંધવોનાં આવાં પરાક્રમોને અંગે આખી વસ્તુ જ 'આયરિશ બુલ'થી ઓળખાવા લાગી હશે. એવા થોડા દાખલાઓ જોઇએ.

એક આયરિશ ગૃહસ્થની વાત છે. ભાઈસાહેબને સંગીત શીખવું હશે. એક પ્રખ્યાત સંગીત વિશારદ પાસે જઈ પૂછ્યું તો જવાબ મળ્યો: 'સંગીતના પહેલા પાઠની બે ગિની ફી પડશે. પછીના પાઠો માટે એક એક.' એટલે આયરિશ ગૃહસ્થ બોલ્યા: 'તો તો આપણે બીજા પાઠથી જ શરૂઆત કરીએ તો કેમ ?'

એક અંગ્રેજ બિરાદરની વાત છે. 'કૅપ્ટન કુક પોતાની પહેલી જ સફર વખતે મરાયો હતો ?' એ પ્રશ્નનો તેણે જવાબ આપ્યો: 'મને લાગે છે કે તે મરાયો તો હતો; પણ તેણે એની ઝાઝી દરકાર ન કરી અને તે બીજી વારની સફર પર તરત ઊપડ્યો હતો !'

એક આયરિશ સિપાહીએ પણ એક પ્રખ્યાત 'બુલ'ની ભેટ કરી છે. તેણે પોતાની માતાને કાગળ લખ્યો હતો: 'દુનિયાભરમાં હિન્દુ-સ્તાનનાં હવાપાણી તો સૌથી મજાનાં છે. પણ ઘણા યે જુવાનિયા અહીં આવે છે, ખાયપીએ છે ને મોજશૉખ કરે છે, અને પછી જ્યારે એમ કરતાં મરી જાય છે ત્યારે ઘેર લખે છે કે, આ હવાપાણીએ અમને મારી નાખ્યા !'

આયરિશ તત્ત્વવિદ્ પ્રોફેસર વિલ્કીનો પણ એક દાખલો છે. રસ્તામાં પોતાનો શિષ્ય પ્રોફેસર ઇર્સ્કીં મળતાં, તેમણે કંઈક યાદ આવતાં પૂછ્યું: 'મેં સાંભળ્યું છે કે તમારા ઘરમાં કોઈક બહુ જ બીમાર હતું અને પછી તેમનું અવસાન થયું. એ કોણ તમે હતા ?' ઇર્સ્કીંએ હસવું દબાવી જવાબ આપ્યો, 'હા સાહેબ, એ જ હું.' તત્ત્વજ્ઞાનીએ શોક દર્શાવતાં કહ્યું: 'મને બહુ જ દિલગીરી થાય છે...' અને પોતાની ધૂનમાં જ એ રસ્તે પડ્યા !

પણ વ્યક્તિઓ જે છૂટાછવાયા 'આયરિશ બુલ' ઉપજાવતા તેનો સમગ્ર ભાર હવે તો છાપાંઓએ પોતાને શિર ઉપાડી લીધો લાગે છે ! પ્રેસની ભૂલો જવા દઇએ તો પણ સમાચારોમાં યે એ કંઈક ગોટાળા કરે છે. બીજું કાંઈ તો ઠીક, પણ ખુદ લંડન 'ટાઇમ્સે' એક આયરિશ ઉમરાવની અવસાનનોંધ આમ છાપી હતી: 'એક મહાન આયરિશ પુરુષ આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે ઇશ્વર કરે ને એવી જ રીતે પોતાની ભૂમિને ચાહનારા એવા બીજા ઘણા મહાન પુરુષો તેમને અનુસરે. આમીન !'

મકરન્દ દવે

નવાં પુસ્તકો

Indian Music—An Introduction: by D. P. Mukerji, Published by Kutub Publishers, 242, Shukrawar, Poona-2. Rs. 5-0-0: લખનૌ યુનિવર્સિટીના, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અધ્યાપક, સર્વદેશીય પ્રતિભા ધરાવનાર પ્રો ધુર્જટી પ્રસાદ મુખરજીએ એક વિદેશી મિત્રની સૂચનાથી લખેલું હિંદી સંગી-તનો પરિચય આપતું આ રૂપમનોહર નાનકડું પુસ્તક માત્ર હિંદી સંગીતનો જ નહિ. પરંતુ તે દ્વારા ખરીરીતે તો હિંદી સંસ્કૃતિનો પરિચય આપવામાં સહાયભૂત થાય એવું છે. ત્રણ ત્રિરંગી ચિત્રો, પાંચ વાદ્યચિત્રો ને થોડા રાગનાં નોટેશનો સાથે ઠાવકી સજાવટમાં.

અનારકલી : લેખક-પ્રકાશક–ડૉ. કેખુશરો દોરાબજી જીલા, ડેન્ટલ સ્પેશ્યાલિસ્ટ. વાડી સ્ટ્રીટ, નવસારી. દાંતના આરોગ્ય, સાચ-વણ અને દીર્ઘાયુષ માટે દાંતને લગતું ઉપયોગી સાહિત્ય ફેલાવવાના શુભ ઉદ્દેશ પાછળ આજ પાંત્રીસ વરસથી પોતાના તન-મનનો ભોગ આપી રહેલા નવસારીના જાણીતા દંતવૈદ્ય ડૉ. જીલાના નામ-થી ઘણા ગુજરાતીઓ જાણીતા છે. આ નાનકડા પુસ્તકમાં દાંતના આરોગ્યને લગતી સૂચનાઓ, બોધકાવ્યો, ટુચકા આદિનો સંગ્રહ છે.

અનંત કાણેકરનો લઘુનિબંધ

ઊંઘ્યા જ કરો!

ઘણાને કોઈ ને કોઇ કારણસર નેપોલિયન ગમે છે. કોઇને તે અજોડ વીર હતો તેથી ગમે છે, તો કોઇ તે મોટો દેશભક્ત હતો તેથી એના તરફ આદરથી જુએ છે. મને માત્ર એ કોઇ બીજા જ કારણસર ગમે છે. નેપોલિયન વિષે એમ કહેવાય છે કે એને ગમે ત્યારે અને ગમે ત્યાં ઊંઘ આવી શકતી. એની ઊંઘ એના કાબૂમાં હતી. રણક્ષેત્રમાં તુમુલ યુદ્ધ જામ્યું હોય ત્યારે પણ ઘોડા પર બેઠાંબેઠાં પાંચદસ મિનિટની ઊંઘ ખેંચી કાઢી તે પાછો તાજોમાજો થઈ શકતો. ખરેખર, આ બાબતમાં નેપોલિયનની મને અદેખાઈ આવે છે, અને આને લીધે જ એ મને બહુ ગમે છે! યોદ્ધા અને વીર પુરુષ, દેશભક્ત અને જગવિજેતા તો ગમે તેટલા મળશે, પણ આવો જબરો નિદ્રાવીર ક્યાં મળવાનો?

નેપોલિયન વિષે મને અતિશય માન હોવાનું આ કારણ મેં જ્યારે ગણુકાકાને કહ્યું ત્યારે થોડીવાર તો એમને અચંબો જ લાગ્યો. પણ પછી દાંતમાં હોઠ ચાવતા એ બોલ્યા, ‘મૂર્ખા! પોતાનું આળસ ઢાંકવાની ખાતર એક ઇતિહાસપ્રસિદ્ધ માણસની પાછળ સંતાવા માગે છે? એક તો મનુષ્યમાત્રની અર્ધી જિંદગી ઊંઘમાં નકામી જ જાય છે. એમાં વળી દિવસે ને રાત્રે, ગમે ત્યારે ઊંઘ કાઢી તું પોતાની નેવું ટકા જિંદગી વેડફી નાખે છે. અને બાકી રહેલી દસ ટકા જિંદગી કોઈ ઉપયુક્ત કે સારૂં કામ કરીને ગાળવાને બદલે નેપોલિયન જેવા મહાન પુરુષના ચારિત્ર્યમાંથી બીજી બધી સારી વાતો બાજુએ મૂકી દઈ, એની ઊંઘનો દાખલો મારી સામે મૂકે છે? નેપોલિયન ગમે ત્યારે ઊંઘ કાઢી શકતો, એ જ તારે હિસાબે એની મહત્તા? કહેતાં શરમ નથી આવતી?’

ગણુકાકા ગાળોનો ગમે એટલો વર્ષાવ કરે તોપણ એમનું કહેવું હું કબૂલ નહિ રાખી શકું. ઊંઘમાં ગાળેલું જીવન ફોકટ જાય છે એમ મને બીલકુલ લાગતું નથી. બલ્કે હું માનું છું કે જાગૃત જીવન કરતાં ઊંઘમાં જીવેલું જીવન ઘણું વધારે મહત્ત્વનું ને સુંદરતર હોય છે. વધુ તો શું, પણ જે જીવન જાગતાં ગાળવાનું કદિ શક્ય પણ નથી એવું સુંદર જીવન માત્ર ઊંઘમાં જ જીવી શકાય છે! ઊંઘમાં દેખાતાં મધુર અને સર્વાંગસુંદર સ્વપ્નાં તમને જાગૃત અવસ્થામાં કયે દિવસે દેખાશે? દરેક માનવીના હૃદયની અંદર તદ્દન નીચે દબાઈ રહેલી એવી, એકાદ અશક્ય અને ઘેલી પણ અત્યંત પ્રિય એવી, ઇચ્છા રહેલી હોય છે. જાગૃત જીવનમાં આ ઇચ્છા સફળ થવાની વાત તો દૂર જ રહી, પણ એ જો તમે કોઈ પાસે બોલી બતાવો તો યે લોકો તમને ગાંડા ગણી કાઢવાના. આવી ગાંડીઘેલી ઈચ્છાની સફળતાનો લોકોત્તર આનંદ તમને સ્વપ્નસૃષ્ટિમાં દોરી જતી ઊંઘમાં જ મળશે.

બીજાની આવી કઇ ઇચ્છાઓ હશે તે તો કોણ જાણે, પણ મને બધા હસશે એની પૂરેપૂરી ખાતરી હોવા છતાં પણ મારી આવી એક ઘેલી ઈચ્છાનો દાખલો આપ્યા વગર રહેવાતું નથી. એ ઇચ્છા મારા અંતરમાં હું છેક બાળપણથી સેવતો આવ્યો છું અને હજી પણ એ ત્યાં છે. આ ઇચ્છાની પૂર્તિનો અવર્ણનીય આનંદ મેં ઊંઘમાં અનેકવાર અનુભવ્યો છે; અને ભવિષ્યમાં પણ તે અનેકવાર અનુભવી શકીશ એવી આશા છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં મેં એનું સ્વપ્ન ફરીફરી જોયું છે,—અથવા એથી વધારે સમર્પક ભાષામાં કહું તો અનેકવાર એ સ્વપ્ન હું ‘જીવ્યો’ છું પક્ષીની જેમ મને ઊડતાં આવડે એવી તીવ્ર ઈચ્છા મારા મનમાં નાનપણથી છે! બલૂનમાં અથવા યંત્રની મદદથી ઊંચે ઊડવામાં મને મઝા નથી લાગતી. મારા બાહુમાં અને પગમાં વિજળી જેવી કોઈ અદ્‌ભુત શક્તિ સ્ફૂરે ને મારા પોતાના બળથી મનને ફાવે ત્યાં હવામાં હું તરંગતો ફરૂં એવી મારી તીવ્ર ઈચ્છા છે.

નાનપણમાં અરેબિયન નાઇટ્સની પેલી સુરસ અને ચમત્કારિક વાર્તાઓ અથવા પુરાણમાંનાં હનુમાનનાં પરાક્રમ વાંચતો, ત્યારે મને ઘણો ઉત્સાહ અને આશા લાગતાં. ઘરનાં માણસો બહાર ગયાં હોય ત્યારે કેટલીક વખત સુપડાંની જોડી અથવા ફાટેલી ચાદરના બે ટુકડા દોરા વડે હાથે અને પગે બાંધીને ખભા દુખવા આવે ત્યાં સુધી ફફડાવી ઊંચે ઊડવાનો પ્રયત્ન મેં કર્યો છે! (આજકાલ તો હવે એ પ્રયત્ન કરતો નથી.) પણ મારો આ પ્રયત્ન માત્ર સ્વપ્નામાં જ દરેક રીતે યશસ્વી ઠર્યો છે! સ્વપ્નામાં મને વિસ્તીર્ણ અને ક્ષિતિજ સુધી પથરાએલું એક સપાટ મેદાન દેખાય છે, એ મેદાનમાં જાણે દોડવાની સ્પર્ધામાં કોઈ હરીફ દોડે તેમ હું દોડવા માંડું છું. દોડતાંદોડતાં એકદમ મારા પગ જમીનથી અદ્ધર ઊંચકાય છે. અને પછી તો થઇ રહ્યું! કમર ઉપર હાથ રાખી, ગમે તેમ, ગમે તેટલા વેગથી હું તરંગતો આગળ વધી શકું છું. હીંચકે બેસીને હીંચકા ખાતાં જેમ જમીન ઉપર જોરથી પગની ઠોકર મારવાથી હીંચકો ઊંચે જાય છે, તે જ પ્રમાણે હવામાં જેમજેમ જોરથી હું પગ હલાવું તેમતેમ વધારે ઝડપથી હું આગળ જાઉં છું! આ સ્વપ્ન મેં ઘણી વાર જોયું છે——અથવા વધારે સાચું કહું તો આ સ્વપ્ન હું ઘણી વાર જીવ્યો છું. એટલું આબેહૂબ જીવ્યો છું કે સ્વપ્નામાંથી જાગ્યા પછી પણ ઘડી બે ઘડી એ અદ્‌ભુત અનુભવની મધુરતા મારી આસપાસ તરવરે છે; અને હમણાં જ, એક ક્ષણ પહેલાં જ મેં જે સહેલાઇથી કર્યું, તે જાગતાં પણ કરતાં આવડે તો?——એવી ઘેલી ઈચ્છા મારા મનમાં ઘણી વખત ડોકિયાં કરી જાય છે.

આ લોકમા આપણે જેમને ફરી કોઈ વાર મળી શકવાના નથી એવાં, આપણને પાછળ મૂકી ગએલાં પ્રિયજનોનો મેળાપ.—પછી ભલે એ એક પળ પૂરતો જ હોય, તોપણ—જાણે જીવંત મેળાપ કરાવવાનુ તો ઊંઘમાંની સ્વપ્નસૃષ્ટિ જ કરી જાણે. જગતની ઉપાધિઓમાંથી છૂટવા માટે મૃત્યુ એ એક જ માર્ગ છે એમ કેટલાક લોકો કહે છે. એમને હું કહીશ કે ભાઈ, છેલ્લો ઉપાય અમલમાં લાવતા પહેલાં આ બીજો ઉપાય અજમાવી જુઓ. મૃત્યુના બધા ફાયદા જેમાં છે, પણ ગેરફાયદો એકે નથી એવી જગતમાં એક જ વસ્તુ છે અને એ છે ઊંઘ!

ગણુકાકા ને એમના જેવા બીજા કેટલાક ડાહ્યા માણસો આંખ સરખી ન મળવા દેતાં, અહર્નિશ કામ જ કર્યા કરીને ભલે લૌકિક મહત્તા મેળવે. હું તો માત્ર વખત મળે ત્યારે અને મળે ત્યાં ઓશીકામાં માથું ખોસીને બની શકે એટલી ઊંઘ જ લેવાનો!

અનુવાદક **માલતી જોષી**

કસોટીના ઉત્તરો:

ઉત્તરો: (૧) ત્રણ ભાઈ ને ચાર બહેન; (૨) જ્યાં ૦ છે ત્યાં ૧, ૧ છે ત્યાં ૨, એ ક્રમમાં એક ફેરફાર કરી લેવાથી સાચા જવાબ મળી રહેશે. (૩) દિલ્હીનો કુતુબમિનાર, અમદાવાદની જુમામસ્જિદ, મદુરાનું મીનાક્ષી મંદિર, અજન્તાના કલામંડપ, આગ્રાનો તાજમહાલ ને બીજાપુરનો ઘુમટ. (૪) મીણબત્તી મિત્રના માથા પર મૂકેલી હતી. (૫) બંને સરખી છે. અબ મોટી દેખાય છે તે તો એ મોટી આકૃતિનો કર્ણ હોવાને લીધે થતા દૃષ્ટિભ્રમથી.


 (અનુસંધાન પાછળના પાન ૨૧૬થી)

બનાવવ.માં આવે તો મજૂરોની સ્થિતિમાં સારો ફરક પડી જાય એ વિષય પર એક પુસ્તક લખવાનો તેણે વિચાર કર્યો ત્યારના પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રી આલ્ફ્રેડ માર્શલ તથા પ્રો. લીફાને આ કામમાં સહાય કરવા તેણે લખ્યું તો સામેથી માત્ર ઉપહાસના પડઘા જ સંભળાયા. પણ બીઍટ્રીસનું મનોબળ સુદૃઢ હતું. છેવટે જાતે જ એકલે હાથે એ કામ તેણે ઉપાડ્યું અને ૧૮૮૯માં ઇંગ્લંડના મજૂર આંદોલન પર પ્રકાશ પાડતું અધિકારપૂર્ણ પુસ્તક તેણે બહાર પાડ્યું.

સાચી અને સબળ લગનીભર્યા ચિત્તની એ સિદ્ધિ હતી. પણ બીઍટ્રીસના વધારે સુંદર ને ભવ્ય જીવનનો ગાળો હવે શરૂ થાય છે. ૧૮૮૨માં તેણે માતાને સ્વર્ગે વળાવી હતી. વૃદ્ધ પિતા રિચાર્ડ પૉટરની સંભાળ પણ હવે તેને શિરે આવી હતી. ૧૮૮૫માં એ પક્ષાઘાતની બીમારીમાં સપડાયા અને ૧૮૯૨માં તેમણે છેલ્લો શ્વાસ લીધો. આ સમય દરમ્યાન એક તરફ પોતાના માનસ-પરિતાપ ને બીજી તરફ નવીન કોઇ દિશાના ઉગમ પામતા ઉલ્લાસનું ચિત્ર બીઍટ્રીસે અદ્દભુત રીતે પોતાની આત્મકથા 'My Apprenticeship'માં દોર્યું છે. પિતાની શુશ્રૂષા સાથે તેણે પોતાનું કામ પણ ચાલુ રાખ્યું હતું. લંડનની ફૅબિયન સોસાઍટી ત્યારે પૂર બહારમાં હતી. બર્નાર્ડ શૉ ને સિડની વેબ, સિડની ઑલીવર ને ઍની બિસાન્ટ ત્યારે તેના પ્રમુખ જ્યોતિર્ધર હતા. બીઍટ્રીસે તેમાં ભાગ લેવા માંડ્યો. પોતાના કામનો વિસ્તાર, તેનું મહત્ત્વ ને મુશ્કેલી તેના અંતરમાં ઘોળાયા કરતાં હતાં. એકલે હાથે તેને પાર કરવાનું કાર્ય દુસ્તર હતું. આ સમયે, કોઈ વિરલ વ્યક્તિઓના જીવનમાં બને છે એમ, તેને સમાનધર્મી ને પ્રતિભાસંપન્ન જીવનસાથી મળી ગયો. તેનું નામ સિડની વેબ. ૧૮૯૨ના જુલાઈ મહીનામાં તેમનાં લગ્ન થયાં. ત્યાર પછીનું તેમનું જીવનકાર્ય એકબીજામાં એવું ઓતપ્રોત છે કે એકને જુદા પાડી બીજાનું નિરૂપણ ન જ થઈ શકે. કવિતાસાહિત્યમાં બ્રાઉનિંગ્સ ને વિજ્ઞાનમાં ક્યૂરી દંપતી, તેમ સમાજશાસ્ત્રમાં બીઍટ્રીસ ને સિડની વેબની જોડ મળવી મુશ્કેલ છે. લગ્ન પછી બીજા લોકોની જેમ ઇટલી કે સ્વિટ્ઝર્લૅંડમાં મધુરજની માણવાને બદલે તેઓ આયર્લૅંડ ને ત્યાર પછી અમેરિકા અને કૅનેડાનાં મજૂરસંગઠનનો અભ્યાસ કરવા ઊપડી ગયાં. તેમની સંયુક્ત કાર્યસાધનાના ફળ સ્વરૂપ જગતને એક અપૂર્વ પુસ્તક મળ્યું: History of Trade-Unionism. મજૂર સંગઠનનો આ સર્વ પ્રથમ પ્રામાણિક ઇતિહાસ છે. જગતની ૨૭ ભાષાઓમાં તેનો અનુવાદ થયો છે. ખુદ લેનીને તેને રશિયન ભાષામાં ઉતાર્યું છે.

ત્યાર પછી તેમની સામાજિક ને રાજનૈતિક સેવા તથા તેમના અભ્યાસના નીચોડ રૂપ પુસ્તકોની લાંબી યાદીનો ઇતિહાસ આવે છે. જિંદગીના અંત પર્યંત બીઍટ્રીસ વેબ પોતાના જીવનવ્રતને વળગી રહ્યાં હતાં. ૧૯૨૯માં જ્યારે મજૂરપક્ષની સરકારે સિડનીને લૉર્ડ પાસફીલ્ડનું બિરુદ આપી ઊમરાવ સભાના નેતારૂપે સ્થાપ્યા ત્યારે બીઍટ્રીસ વેબે પોતાનું મૂળ નામ કાયમ રાખી 'લેડી પાસફીલ્ડ' કહેવડાવવાનો વિરોધ કર્યો હતો. લંડનની 'સ્કૂલ ઑવ ઇકૉનૉમિક્સ્'ને 'ન્યૂ સ્ટેટ્સમૅન ઍન્ડ નેશન' વેબ દંપતીનું બીજું સુંદર અર્પણ છે.

૧૯૪૩ની ત્રીસમી ઍપ્રિલે બીઍટ્રીસ વેબ આ દુનિયાને છોડી ગયાં. પોતે અપનાવેલા ક્ષેત્રમાં, આજીવન એકનિષ્ઠાપૂર્વક કાર્યરત રહી, ઉદયમાન લોકજાગ્રતિનું અભિવાદન કરીને વિલય પામતા આ દીર્ઘજીવનની કથા કર્તવ્યના જ્વલંત સંદેશ સમી છે—જેના લાંબા પગથાર પર ક્યાંયે થકાવટ પણ નથી, રૂકાવટ પણ નથી. **મકરન્દ દવે**



કૂપાહૂપનાં પરાક્રમો (૨) (ચિત્રકાર : ચકોર)

પાછળના પૃષ્ઠ ૨૧૬ને અનુસંધાને

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો

[૧૯]

લેખક
ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

કોઈપણ મોટા શહેરમાં હું જાઉં છું ત્યારે એનું વિહંગદર્શન કરવાની તજવીજ કર્યા વગર રહેતો નથી. તેમાંયે મદ્રાસનું જે વિહંગદર્શન ત્યાંની હાઇકોર્ટની અગાશીમાંથી કર્યું છે તે ચિરસ્મરણીય રહ્યું છે.

એક તરફ બંગાળનો ઉપસાગર માઈલો સુધી ભૂરા આકાશ સાથે ભળી જતો શોભતો હતો. દરિયાકિનારાની લાંબી ભૂમિરેખા, નીચેનીચે પાતળી થતી જતી હતી. કિનારાની રૂપેરી રેતી ચળકચળક થતી હતી અને શહેરનાં વૃક્ષો, પડોશપ્રદેશની દરિયાને મળવા દોડતી નદીઓ, સડકો, આલીશાન મકાનો અને બન્દરો બધું જાણે સુયોજિતપણે ગોઠવાયું હોય એવું દૃશ્યસંયોજન રચાયું હતું.

શહેરનો થોડો શોરબકોર અને ટ્રામો તથા મોટરોના ગડગડાટ કાને અથડાતા હતા. પણ એ બધું જાણે હવામાં ઓગળીને મૃદુ બનીને આવતું હતું. સ્ટીમરો અને આગગાડીઓનાં ભૂંગળાં વાગતાં છતાં એટલે ઊંચે, એ પણ માનવકૃત સૃષ્ટિની લીલા રૂપ લાગતાં હતાં. નગરજનોની હારો ને હારો ચારે બાજુ હલચલ કરતી જણાતી, પણ પાણીમાં રહેલું કમળ જેમ પાણીનો સ્પર્શ પોતાના દેહને નથી થવા દેતું, એવી નિરપેક્ષ વૃત્તિથી અમને અગાશી ઉપરથી નિરખવાનો આનંદ મળતો હતો. આકાશ, જળ, પૃથ્વી, વાયુ અને તેજ એ પંચમહાભૂતની સાથે વૃક્ષો અને પ્રવૃત્તિમાં પડેલું મદ્રાસ શહેર પણ એકરસ થઇને સમગ્ર દૃશ્ય એક સુબદ્ધ રસાનુભવ કરાવતું હતું. સાંજ સુધી મારે બીજું કામ નહોતું એટલે એ દૃશ્ય મેં જોયા જ કર્યું—જોયા જ કર્યું.

અહીંનું વિખ્યાત 'ઍક્વેરિયમ' (જળચરસંગ્રહ) હિંદભરમાં અદ્વિતીય છે. એ સાંજે દીવા થતાં પહેલાં અને રાત્રે ફરી વીજળીના પ્રકાશમાં, એમ બે વાર જોવાનો કાર્યક્રમ રાખ્યો હતો; કારણકે તેની શોભા દિવસે ને રાત્રે જુદાજુદા રૂપે માણવાની હોય છે.

અંદર પેઠા એટલે તો જાણે સાક્ષાત દરિયાની અંદર જ કોઈ એવા જાદુથી પેઠા લાગીએ કે આપણાં કપડાં પલળે નહિ, નાક કાન કે આંખમાં પાણી ભરાય નહિ, અને છતાં જળલોકમાં એ સૃષ્ટિના રહેવાસી બનીને ભિન્નભિન્ન જાતનાં પ્રાણીનો સહવાસ કરતા હોઇએ!

આપણાં ઘર જેવડજેવડા, જંગી કાચના કબાટોમાં રંગરંગની માછલીઓ, ચટાપટાવાળા સાપ, કાચબા ને કરચલા, વાદળીઓ અને પરવાળાંના બેટોમાં ઊછરતાં બચ્ચાં, એવી અવનવી સૃષ્ટિ ચોમેર સળવળતી લાગે.

શેતરંજની બાજીમાં હોય છે એવડા જ, આપણી આંગળી જેવડા દરિયાઈ ઘોડા, ઘોડીઓએ સોંપેલાં બચ્ચાં પોતાના પેટ પાસેના કુદરતી પાકીટમાં રાખીને ફરતા હતા. અનેક સૂંઢોવાળા કરોળિયા જેવા ઑક્ટોપસ જીવો આમળિયા ખાતા હતા. વીજળીના આંચકા મારતી વિદ્યુત્-માછલીઓ શરીર ફુલાવતી અને ડરાવીને દોડી જતી હતી.

ઘણાં જળચરો અમારી સામે આંખો ફાડીફાડી તાકીને જોતાં, જ્યારે ઘણાંને તો અમે કોણ છીએ અને કેમ આવ્યાં છીએ એ જાણવાની દરકાર પણ નહોતી જણાતી.

મગથી તે વાલ જેવડા કદનાં જીવડાંઓથી માંડીને હાથહાથ અને વામવામ જેવડા કદની માછલીઓ એ બધાં કબાટોમાં લીલામય રીતે તરતી હતી. કોઈની આંખો નીલમ જેવી લીલી તો કોઇની આંખો માણેક જેવા લાલ રંગની હતી, અને આપણી સામે જુએ ત્યારે જાણે પ્રેમ કે ક્રોધ કરતી હોય એમ લાગતું હતું. તીણા નહોરવાળા ગોળ તથા લંબગોળ કરચલા પાણી નીચે પડ્યાપડ્યા ઘોરતા હતા. અંદર ધોળી, ફુલગુલાબી ને ખુલ્લા લીલા રંગની દરિયાઈ વનસ્પતિ પણ વિધવિધ રૂપ ને શાખા-પ્રશાખાઓવાળી વિસ્તરી રહી હતી.

આ બધું એકવાર નો ફરીફરીને ખૂબ જોઇ નાખ્યું અને પછી અરધોએક કલાક બહાર નીકળીને આમ તેમ ફરી લીધું. ત્યાં વીજળીના દીવા પ્રકટ્યા ને ફરી એ જળલોકમાં પ્રવેશ કર્યો. વીજળીના ઝગઝગાટમાં એ સમગ્ર પ્રદેશ કોઈ અલૌકિક તેજે દેદિપ્યમાન બન્યો હતો. જળચરો ગેલે ચડ્યાં હતાં અને ઘણાં તો વિદ્યુત્વેગે ઘૂમતા હતાં. દિવસના જોએલી એ આખી સૃષ્ટિનું, રાત પડતાં જાણે ચમત્કારી રૂપાંતર થઇ ગયું હતું!

અમારી સાથે જોનાર લોકસમૂહનાં બધાંનાં મોં પર આનંદ અને આશ્ચર્યના જ ભાવ ઉભરાઇ રહ્યા હતા કોઇ કંઇ જ બોલતું નહોતું. બધાં સ્તબ્ધ બનીને, અને પગરવ પણ ન સંભળાય એટલી શાન્તિથી ફરતાં હતાં!

પછી એક ખૂણામાં જઇને એ સમગ્ર સૃષ્ટિ ધ્યાનસ્થ બનીને છેલ્લીવાર જોવા હું એટલી બધીવાર બેઠો કે સંગ્રહસ્થાન બંધ થવાની ખબર આવી ત્યારે જ ઊઠ્યો. મને લાગ્યું કે આપણે માણસો નકામાં મિથ્યાભિમાન કરીએ છીએ અને પરમેશ્વરના લાડકવાયા આપણે જ હોઇએ એમ માની બેઠાં છીએ. પાણીમાં રહેનારાં આ હજારો ને લાખો જીવો પરમેશ્વરને તો આપણા જેટલાં જ વહાલાં જણાય છે. એમને પણ ઈશ્વરે સૌંદર્ય, ચેતન ને અસ્મિતા આપણા જેવાં જ આપ્યાં છે.

બીજે દિવસે મદ્રાસનું સંગ્રહસ્થાન જોવા ગયા. હિન્દુસ્તાનનાં શ્રેષ્ઠ ગણાતાં સંગ્રહસ્થાનોમાં એની ગણતરી થાય છે. ત્યાં નટરાજની મૂળ મૂર્તિ, જેનાં ઘણાં ચિત્રો મેં જોયાં હતાં તે, મુખ્ય ખંડના મધ્યભાગમાં ઊભી હતી.

એના આખા શરીરના અંગેઅંગમાં વેગવાન પ્રવૃત્તિ હતી; છતાં એ મુખારવિંદ પર જે શાન્તિ હતી તે જોઇને કર્મમાર્ગનું હિન્દુ ધર્મનું રહસ્ય બહુ સ્પષ્ટપણે સમજાતું હતું, કે સતત કર્મરત રહેવા છતાં પરિણામ વિષે કશી લોલુપતા રાખ્યા વિના માણસે આત્માભિમુખ નિરામય શાંતિ જ રાખવી. એનાં ચિત્રો પરથી આજ પહેલાં મેં પ્રવૃત્તિધર્મની એ કૂંચી સમજી તો લીધી હતી, પણ આ મૂર્તિને પ્રત્યક્ષ જોઇને એ બોધ અત્યંત તાદૃશ અને મનભર બની ગયો.

સંગ્રહસ્થાનમાં કલા, સ્થાપત્ય અને ઐતિહાસિક ગૌરવની પ્રાચીન વસ્તુઓ તો અસંખ્ય હતી. એ બધાંનો આસ્વાદ લેતાંલેતાં ભારતની સનાતન શ્રીનો મેં સાક્ષાત્કાર કર્યો.

તે પછી થીઓસૉફિકલ સોસાએટીના કેન્દ્ર અદ્યાર મુકામે ગયા. ત્યાં કલાવિદ્ ડૉ. કઝિન્સનાં પત્ની અને અખિલ હિંદ મહિલા પ્રવૃત્તિમાં સક્રિય કાર્ય કરતાં, સંગીતકલાજ્ઞ મિસિસ કઝિન્સે પોતાનું આખું ઘર હિંદની કલાકારીગરી, ચિત્રો અને ભરતગૂંથણથી ભરચક ભર્યું છે તે જોયું; કબીરવડ જેવો અદ્યારનો હિંદવિખ્યાત વિરાટ વડ જોયો; અદ્યાર નદી પર આવેલી, નવા જમાનાના તપોવન જેવી સુંદર લાયબ્રેરી જોઈ; ને ત્યાંથી નાળિયેરીનાં વનમાં થઇને દરિયાકિનારે જઈ સાગરસ્નાન કર્યું.

આમ મદ્રાસની કલાયાત્રા પ્રસન્નકર બની ગઈ અને આખે રસ્તે તે માટે નસીબને મુબારકબાદી આપતો હું એ નવીન વાતાવરણ અને સુખપ્રદ અનુભવોને હૃદયમાં ઘોળતો રહ્યો.

(ચાલુ)



માધુકરી

અહો શિવસ્વરૂપ, સત્યવ્રત, શસ્ત્ર-સંન્યાસના ઉપાસક અટંક, ને પરમ યોગી ગાંધી ! ઝીલો–
ઝીલો તમ શિરે પ્રપાત શુચિ ગંગધારા તણો,
પ્રતપ્ત પૃથિવી તણું ઉર અશાંત ઠારો : અને
ભગીરથ બની અમે, વહન એ જ દોરી જશું
ઊંડા તલ લગી; થશું અમરનામ મૃત્યુ પછી ! –'પ્રશાંત'

નિદ્રા અને આરામ વૃદ્ધો માટે છે; રમત બાળકો માટે છે; જુવાનો માટે તો છે, આવતી કાલને. પડકાર પડે તે પહેલાં આજે પોતાનાં શરીર મન અને આત્માને કસી રાખવાનું.

—ધૂમકેતુ

ડૉ. શ્યામસુંદરદાસ

સાહસ, ત્યાગ તથા દૃઢતાપૂર્વક હિંદી ભાષા અને સાહિત્યની અમૂલ્ય સેવા બજાવનાર, આધુનિક યુગના હિંદી સાહિત્યના શ્રેષ્ઠ અને અનન્ય મહારથી બાબુ શ્યામસુંદરદાસ હિંદી ભાષા ને સાહિત્યના માત્ર પ્રકાંડ પંડિત જ નહિ પરંતુ તેના ભક્ત ને ઉપાસક પણ હતા. ભારતેન્દુ હરિશ્ચન્દ્રે સેંકડો સાહિત્યકારોને ઊભા કરી હિંદી ભાષાસાહિત્યનો સૌ પ્રથમ પાયો નાખ્યો, અને પં૦ મહાવીરપ્રસાદ દ્વિવેદીએ પોતાના 'સરસ્વતી' માસિક દ્વારા સેંકડો શિખાઉઓને કલમ પકડતા કરી એ પાયા પર જે ચણતર શરૂ કર્યું તેનો મનોરમ વિકાસ કરવાનો યશ બાબુસાહેબના ફાળે જાય છે. 'હિંદી બોલવાવાળાઓને હેય દૃષ્ટિએ જોવામાં આવતા' ત્યારે તેમણે એ ભાષાને સુપ્રતિષ્ઠ બનાવવાને કેડ કસેલી. માતૃભાષા દ્વારા શિક્ષણની વાત ઉપેક્ષાપાત્ર ગણીને ઉવેખવામાં આવતી એ કાળમાં તેમણે વિજ્ઞાન વગેરેના શિક્ષણ માટે વૈજ્ઞાનિક અને આલોચનાત્મક ગ્રંથો હિંદીમાં ઉતારીને વિશ્વવિદ્યાલયોની ઊંચી કક્ષાએ એ ભાષાને સ્થાપી. અદાલતોમાં પણ નાગરી લિપિનો પ્રવેશ તેમણે કરાવ્યો અને બેહદ ખંત તથા પરિશ્રમપૂર્વક 'શબ્દસાગર' જેવા ગ્રંથનું સંપાદન કર્યું. એમનું જીવંત સ્મારક તો છે કાશીની 'નાગરી પ્રચારિણી સભા'. એ ગૌરવશાળી સંસ્થાના નિર્માણ પાછળનો એમનો શ્રમ સર્વવિદિત છે.

સં૦ ૧૯૩૨ના આષાઢસુદ ૧૧ના રોજ કાશીના એક પંજાબી ખત્રી કુટુંબમાં બાબુ શ્યામસુંદરદાસનો જન્મ થયેલો. લાહોરમાં એમના પૂર્વજો 'ટંકશાળીઓ'ના નામથી જાણીતા હતા અને એમના દાદા કહેતા કે ઘરમાં સોનામહોરો ઢળાતી. એમના દાદાનું નામ મહેરચંદ. એમના પિતા આત્મારામ કાશીના બજારચોકમાં કાપડની દુકાન ચલાવતા. શ્યામસુંદરદાસના વિવાહ દસ જ વર્ષની વયે થઈ ગયેલા.

બાવીસમા વર્ષે ક્વીન્સ કૉલેજમાં બી. એ. થઈને બાબુ શ્યામસુંદરદાસ શિષ્યવૃત્તિ સાથે લખનૌની ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં દાખલ થયા. પરંતુ ત્યાં અંગ્રેજીના અધ્યાપક જેનિંગ્સ સાથે ઝઘડો થતાં તે કાશી પાછા ફર્યા અને ચન્દ્રપ્રભા પ્રેસમાં માસિક રૂા ૪૦ના વેતનથી સાહિત્યિક મદદનીશ તરીકે નોકરી રહ્યા. ઈ. ૧૮૯૯માં હિંદુ સ્કૂલમાં એમણે શિક્ષકની નોકરી સ્વીકારી અને ધીમેધીમે આસિસ્ટન્ટ હેડમાસ્તરના પદ સુધી પહોંચ્યા.

આ બધાં યે વરસો દરમિયાન વિપત્તિઓનો જાણે પહાડ તેમના પર તૂટી પડેલો. પિતાને પક્ષાઘાત લાગુ પડ્યો અને એમાં જ અવસાન થયું. થોડા સમય બાદ માતાનું પણ અવસાન થયું. માસિક ૪૦-૫૦ રૂપિયામાં બધાં મળીને ૧૨ જણનો નિર્વાહ તેમને ચલાવવો પડતો. કાશીમાં રહ્યેરહ્યે તો આ વિપત્તિઓનું નિવારણ નહિ થઇ શકે એમ માનીને, ઇ. ૧૯૧૩માં લખનૌની કાલીચરણ હાઇસ્કૂલમાં તેઓ હેડમાસ્તર તરીકે દાખલ થયા. પોતાના ખંત અને અવિશ્રાન્ત શ્રમથી એમણે એ હાઈસ્કૂલને અત્યંત હીન અવસ્થામાંથી પ્રથમ પંક્તિની શાળા બનાવી દીધી અને ત્યાં તેમની સ્થિતિ કંઇક સુધરી.

ઈ. સ ૧૯૨૧માં કાશીના હિંદુ વિશ્વવિદ્યાલયમાં હિંદીના અધ્યક્ષપદે તેમની નિમણુક થઇ. હિંદનાં વિશ્વવિદ્યાલયોમાં સૌ પ્રથમ આ વિશ્વવિદ્યાલયે જ ઉચ્ચ પરીક્ષાઓ માટે હિંદી ભાષાનો સ્વીકાર કર્યો હોઇને પુસ્તકોનો અભાવ નડતો. એ અભાવ દૂર કરવાના કાર્યમાં તેઓ લાગી ગયા. ભાષાવિજ્ઞાન, વિવેચનશાસ્ત્ર તથા નાટ્યશાસ્ત્ર પર એમણે પુસ્તકો લખ્યાં અને એ રીતે માતૃભાષાની પ્રતિષ્ઠા વધારી. વિશ્વવિદ્યાલયને ૧૬થી પણ અધિક વર્ષ પર્યંત પોતાની સેવા આપ્યા બાદ ઇ. ૧૯૩૭ના જુલાઈ માસમાં ૬૨ વર્ષની વયે એ નિવૃત્ત થયા.

હિંદી ભાષાનો પ્રચાર, હિંદી સાહિત્યનું સંવર્ધન, હિંદી શિક્ષણનું સંગઠન અને હિંદી સંસ્થાઓનું પ્રવર્તન તથા સંચાલન એ સઘળાં પાછળ બાબુ શ્યામસુંદરદાસે આજીવન જે પરિશ્રમ કર્યો તેમાંથી તેમને આર્થિક લાભ કેટલો થયો ? આનો જવાબ એમણે જ પોતાની નોંધપોથીમાં આપેલો છે કે, 'મેં સરસ્વતીની સેવા કરી, ને તેથી



(બ્લૉક 'ભારતી'ના સૌજન્યથી)

જ લક્ષ્મી કદાચ ઈર્ષ્યાવશ બનીને મારાથી સદા રૂઠેલી રહી !' ધન-પ્રેમિના પ્રસંગો એમને નહોતા આવેલા એમ નહિ. બઢવાનના મહારાજાએ એમને આપવા માંડેલા ૩૦ હજાર રૂપિયા એમણે જતા કરેલા. એ જ રીતે હિન્દી શબ્દસાગરના સંપાદનના બદલામાં નાગરી પ્રચારિણી સભાએ એમને આપવા માંડેલી ભેટનો પણ એમણે એવું કહીને અસ્વીકાર કર્યો હતો કે, 'સભા તો મારી કન્યા છે; શું એનો પૈસા હું લઉં?' પોતે વિદ્યાર્થી હતા ત્યારે સંવત ૧૯૫૦માં તેમણે પોતાના સહાધ્યાયીઓ અને મિત્રો સાથે મળીને 'નાગરી પ્રચારિણી સભા'ની સ્થાપના કરેલી. નાગરી ભાષા અને લિપિના પ્રચાર અર્થે તેમણે આજીવન જહેમત ઉઠાવેલી અને માલવીયજીની સહાયથી સ્થળે સ્થળે ડેપ્યુટેશનો લઈ જઈને તથા રાજા-મહારાજાઓને મળીને તેમના રાજ્યમાં હિંદીના પ્રચાર માટે આગ્રહ કરતા 'પૃથ્વીરાજ રાસા'નું સંપાદન તેમણે ન કર્યું હોત તો હિંદીમાં તે ગ્રંથ અજ્ઞાત જ રહેત. 'રામચરિત-માનસ'નો શુદ્ધ પાઠ તૈયાર કરનાર પણ એઓ જ. ઈ. ૧૮૯૯માં અલાહાબાદના ઇન્ડિયન પ્રેસે 'સરસ્વતી' માસિક શરૂ કર્યું ત્યારે તેના પ્રથમ સંપાદક તેમને જ બનાવેલા. તે પછી એમણે આચાર્ય મહાવીરપ્રસાદ દ્વિવેદીને એ સ્થાને બોલાવ્યા. હિન્દીના તે પ્રભાવશાળી વક્તા પણ હતા—કદાચ બીજા એવા ભાગ્યે જ હશે.

સ્વભાવે તે ઘણા તેજ, મનસ્વી અને ધૂની હતા. હિંદીનું અપમાન કે અવહેલના તે લેશમાત્ર સહી ન શકતા, તેમ પોતાના કાર્યમાં કોઈનો હસ્તક્ષેપ સહન કરી ન શકતા. અને કોઈની મજાલ ન હતી કે એમનો વિરોધ કરી શકે આથી ઘણા સાથે એમને વૈમનસ્ય પણ થયું. પરંતુ હિંદી ભાષાના હિતમાં બદનામી પણ સહન કરીને તે પોતાના કાર્યમાં સ્થિત રહ્યા. રાયકૃષ્ણદાસજીને સમજાવીને ભારતીય કલા ભવનનું જોડાણ નાગરી પ્રચારિણી સભા સાથે કરાવનાર પણ તેઓ જ. એમના જ પ્રયત્નથી સભા આજે પ્રતિષ્ઠિત સ્થાન પર છે.

મહાપુરુષોનું વાસ્તવિક સ્મારક એમની કૃતિઓ જ હોય છે, અને એ નજરે જોતાં કાશી નાગરી પ્રચારિણી સભા એ બાબુ શ્યામસુંદરદાસનું સર્વોત્તમ સ્મારક છે. સરકારે એમને ૧૯૨૭માં રાયસાહેબની તથા ૧૯૩૩માં રાયબહાદુરની ઉપાધિ આપેલી. કાશી વિશ્વવિદ્યાલયે તેમને ડી લિટ.ની ઉપાધિ આપેલી તથા ૧૯૩૮ના હિન્દી સાહિત્ય સંમેલને 'સાહિત્ય વાચસ્પતિ'ની.

ઉગ્ર છતાં નિષ્કપટ સ્વભાવના બાબુ શ્યામસુંદરદાસે અનેક કૃતિઓથી હિંદી ભાષાસાહિત્યને સમૃદ્ધ કરેલું છે. તેમાં ભાષાવિજ્ઞાન, રૂપક રહસ્ય, સાહિત્યાલોચન, હિન્દી ભાષા અને સાહિત્યનો ઇતિહાસ, અદાલતોમાં હિંદી વગેરે મુખ્ય છે. પણ એમનું સર્વોત્તમ અર્પણ તો વીસ વર્ષના સતત પરિશ્રમથી, એક લાખથી પણ વધુ ખર્ચે તૈયાર કરેલો આઠ ભાગનો 'હિન્દી શબ્દસાગર'. ભારતની કોઈ પણ પ્રાંતીય ભાષામાં આથી ચડિયાતો કોશ તૈયાર નથી થયો. પંડિત માલવીયજીએ તેમને 'હિન્દીના ઉજ્જ્વલ નક્ષત્ર' કહ્યા હતા એ સર્વથા યથાર્થ છે. ('ભારતી' 'સંસાર', 'બાલક' વગેરે ઉપરથી)

મૅલેરિયાના ઈલાજની શોધ કેમ થઈ

સાથી સેનાઓએ જ્યારે ઈટલી ઉપર આક્રમણ કર્યું ત્યારે જર્મનોએ—Flood and Infect—પાણીના ધોધ વહેવડાવીને રોગચાળો ફેલાવવાની પદ્ધતિ અખત્યાર કરી. મિત્રસેનાઓમાં રોગચાળો શરૂ થયો અને મૅલેરિયાએ હજારો સૈનિકોને નાહિંમત બનાવી દીધા. તે વખતે ઇંગ્લંડથી એક માણસ કપડાની નાની થેલીમાં ૧૦૦૦ મચ્છરો લઇને વિમાનમાર્ગે ઈટલી ગયો, અને પાછા આવીને વૈદ્યકીય વિજ્ઞાનમાં એવી શોધ કરી કે જેનાથી લાખો માણસો મૅલેરિયાના પંજામાંથી છૂટશે. એ માણસનું નામ પી. જી. શૂટ હતું, અને એ મિનિસ્ટ્રી ઑાવ હેલ્થનો આસિસ્ટંટ મૅલેરિયા ઑફિસર હતો.

ઈટલીમાં મૅલેરિયાનું એટલું બધું જોર હતું કે સાથી સેનાની આગેકૂચ ભયમાં આવી પડી હતી, અને એટલા જ માટે શૂટને મૅલેરિયાથી મુક્ત મચ્છરોની પોટલી લઇને ઇટલી મોકલવામાં આવ્યો હતો.

એ મચ્છરો કરડાવીને મૅલેરિયાના લોહીવાળા મચ્છરો ઇંગ્લંડ પ્રયોગ માટે લઇ જવાનો તેનો ઉદ્દેશ હતો. પણ એ દવાખાનામાં ગયો ત્યારે ત્યાંના મેડિકલ ઑફિસરે મચ્છરો કરડાવવાની વાત સૈનિકોને પૂછવાની પોતાની હિંમત નથી એમ જણાવ્યું. ડૉ. શૂટને પોતાને જ એ કામ કરવું પડ્યું. તેણે તેઓને જણાવ્યું કે તમારા હજારો સાથીદારોની જિંદગી એ બચાવશે. એ દવાખાનામાં ૬૮ દરદીઓ હતા. દરેક જણે પોતાની સંમતિ આપી. એક દરદી તો પોતાનો હાથ પણ ઊંચો કરવાને શક્તિમાન ન હતો, છતાં તે પણ તૈયાર થયો.





ડાબી બાજુ: ઇંગ્લંડની મિનિસ્ટ્રી ઑાવ હેલ્થના ઍસિસ્ટન્ટ મૅલેરિયા ઑફિસર આ ડૉ. પર્સી જ્યૉર્જ શૂટે પોતાના જીવનનો મોટો ભાગ મૅલેરિયાના અભ્યાસ પાછળ જ ગાળ્યો છે. પોતાની જાતને મૅલેરિયાના જંતુઓ કરડાવી કરડાવીને એણે પોતાની નસોમાં વહેતું લોહી એટલું બધું મૅલેરિયલ બનાવી દીધું છે કે હવે તો પ્રયોગ માટે એ પોતાના હાથ પર નસ્તર મૂકીને સીધા લોહીમાં મૅલેરિયાના જંતુઓ દાખલ કરે છે તો યે એના પ્રયોગ પૂરતી અસર એને નથી થતી! ઉપરઃ હૉર્ટન ખાતેની પોતાની આ પ્રયોગશાળામાં ડૉ. શૂટે મચ્છરોની એક પછી એક સળંગ પેઢીઓ ઉછેરી ઉછેરીને તેની પેઢીસંખ્યા પાંચસો ઉપર પહોંચાડી છે અને તેના સતત અખતરા કરીને એ દુશ્મનને દબાવ્યો છે.

મોતનો રાજા

એવો અંદાજ કાઢવામાં આવ્યો છે કે દુનિયામાં આજે ૮૦,૦૦,૦૦,૦૦૦ (એંશી કરોડ) મૅલેરિયાના દરદીઓ છે જેમાંના દસ કરોડથી વધુ તો એકલા હિંદમાં જ છે; અને હિંદમાં વરસ દહાડે થતાં ત્રીસ લાખ મરણમાંથી દસ લાખ તો એકલા મૅલેરિયાથી જ થાય છે! બગરિોડના ડાયરેક્ટર ડૉ. જૉન બેકરે કહ્યું હતું કે જો ચીનમાં મૅલેરિયા ફેલાતો અટકાવવામાં નહિ આવે તો જાપાનીઝ લશ્કરોને લડવ નું કામ નહિ કરવું પડે;–મચ્છરો જ એમની વતી ચીનાઓને મારી નાખશે! મૅલેરિયાને 'મોતનો રાજા' કહ્યો તે યથાર્થ છે.

ઈંગ્લંડ લાવ્યા પછી વૉર ઑફિસે મૅલેરિયાવાળા મચ્છરો કરડાવવા માટે વૉલંટિયરોની માગણી કરી ને તેના જવાબમાં સશક્ત સૈનિકોમાંથી હજારો વાલંટિયરો એ મૅલેરિયાનો હુમલો ઝીલવા આવ્યા. તેઓને કોઈપણ જાતનો પુરસ્કાર આપવામાં આવનારો ન હતો, પરંતુ ઉલટાના તેમને મચ્છરો કરડાવીને તેમના શરીરમાં મૅલેરિયા દાખલ કરવાનો હતો!

આવા ૨૦૦ મૅલેરિયાના દરદીઓ ઉપર ડૉ. થટે પોતાની ત્રણ દવાઓ અજમાવી જોઇ, અને તેનું પરિણામ પણ આશ્ચર્યજનક હતું. આ ત્રણ દવાઓ પૈકી એક જે હાલમાં બજારમાં 'મેપાક્રાઈન' મળે છે તે છે, અને બીજી બે વધારે અસરકારક દવાઓનાં નામ ગુપ્ત રાખવામાં આવ્યા છે. એ દવાઓ એરોપ્લેનથી ઇટલી મોકલવામાં આવી અને જર્મનો કરતાં પણ મહાન દુશ્મન–મૅલેરિયા–ના પંજામાંથી સાથી સેનાઓને છૂટી કરવામાં આવી.

(અંગ્રેજી ઉપરથી) —ડૉ. પાલકર

નિકલ

યુદ્ધ-વ્યૂહ વિષયક ધાતુઓ (સ્ટ્રૅટેજિક વૉર-મેટલ)માં જેની ગણતરી અગ્ર સ્થાને છે તે નિકલ ધાતુ લડાઇમાં ઊતરેલા અને શસ્ત્ર સરંજામ સરજતા દેશોમાં મહત્ત્વનું સ્થાન ધરાવતી હોય છે. હવામાનના ફેરફારો અને તેજાબની અસરથી વિમુક્ત રહેનારી, દૂરવેધી શસ્ત્ર, બંદૂક કે તોપની નળી, અને આર્મર-પ્લેટથી માંડી બુલેટ જૅકેટ જેવાં ઘણાં લડાયક તથા રક્ષણાત્મક શસ્ત્રસરંજામોની બનાવટમાં વપરાતી આ ધાતુ અત્યંત મજબૂત ને ટકાઉ મિશ્રધાતુઓની બનાવટમાં વાપરવા માટે અગ્રસ્થાને ગણાય છે.

રૂપા અને ત્રાંબાની શોધ કરતા ધાતુવિજ્ઞાનશાસ્ત્રીઓને રૂપેરી રંગનું, ચળકતું નિકલ હાથ લાગ્યું. કાચી ધાતુ (ore)માંથી તેનું શુદ્ધિકરણ કરતાં ખૂબ જહેમત પડવાથી, 'ઑલ્ડ નિક' નામના અસુરના પ્રભાવનું એ કારણ સમજી, વિજ્ઞાનીઓએ ચીડના માર્યા એ રાક્ષસના નામ ઉપરથી આ ધાતુનું નામ 'નિકલ' પાડ્યું.

નિકલ શુદ્ધ રૂપે થોડીઘણી બનાવટોમાં વપરાય છે ખરું, પણ તેનો મુખ્યત્વે વપરાશ તો ઘણીખરી ધાતુઓ સાથે મિશ્રણ કરવાનો છે. આમ થવાથી તે ધાતુની મજબૂતાઇ, તાપ સહન કરવાની શક્તિ અને કાટ ન લાગવાના ગુણમાં વધારો થાય છે. નિકલનો ખાસ ઉપયોગ તો લોખંડ સાથે તેને ભેળવવાનો છે. જગતભરના નિકલની અરધી પેદાશ તો લોખંડના ઉદ્યોગમાં જ વપરાતી હોય છે.

નિકલમિશ્રિત લોખંડમાંથી મશીનો, મોટર વગેરેના સતત ગતિમાન રહેતા અને ભાર વહેતા ભાગો, ફ્રેમો, ચાલુ એન્જિનના ભાગો અને હવાઇ જહાજનાં એન્જિનો બને છે. ફ્રન્ટિયર મેઇલ જેવી ખૂબ ઝડપે દોડતી ટ્રેનો આ નિકલમિશ્રિત લોખંડ અને નિકલ-ઍલ્યુમીનિયમની મિશ્ર ધાતુઓની બનાવેલી હોય છે.

આ ઉપરાંત સ્ટીમરો ને દરિયાઈ જહાજોમાં તો નિકલ અથવા નિકલ મિશ્રિત લોખંડનો જ વપરાશ થાય છે, કારણકે ખારા પાણીથી નિકલ કટાતું નથી હોતું. નહિ કટાવાના તથા ઝાંખું નહિ પડવાના પોતાના આ ગુણોને લીધે નિકલ રસાયણ અને રંગોના ઉદ્યોગોમાં ખાસ વપરાય છે. આવી જ રીતે તેનો ચોખ્ખો દેખાવ અને તરત સાફ થઈ જવાના ગુણોને લીધે રેસ્ટોરાં, બેકરી ને ડેરીના વપરાશનાં સાધનોમાં પણ તેનો બહોળો ઉપયોગ થાય છે.

બારણાં ઉઘાડવાના હૅન્ડલથી માંડી અસ્ત્રા, ખીંટીઓ, અસ્ત્રી કરવાનાં સાધન, પરકોલેટર્સ આદિ આપણા રોજિંદા વપરાશની ચીજો, ફર્નિચર વગેરેની બનાવટમાં પણ નિકલ સમાએલી હોય છે. સિલ્વર પ્લેટેડ વાસણો નિકલની જ મિશ્ર ધાતુનાં ઘડેલાં ને ઉપર ચાંદીનો ઢોળ ચડાવેલાં હોય છે. આપણી ચાલુ વપરાશનાં 'જરમન સિલવર'નાં વાસણો, નિકલ સાથે ત્રાંબા અને જસતના મિશ્રણનાં જ બનેલાં હોય છે. આની, બે આની અને ચાર આનીનું ચલણી નાણું નિકલ અને તાંબાના મિશ્રણથી બનેલી ધાતુનું બનેલું છે.

જગતભરમાં ઉદ્યોગના ક્ષેત્રમાં નિકલનો સૌથી વધારે ઉપયોગ કરતો દેશ યુનાઇટેડ સ્ટેટ્સ છે ને તેને એ ધાતુનો મોટો જથ્થો કૅનેડામાંથી મળી રહે છે. —ડૉ શિવપ્રસાદ ત્રિવેદી

આપણા સામાન્ય વપરાશની ઘણીખરી ધાતુઓ દુનિયાભરના વિવિધ દેશોમાંથી મળી રહે છે,—હિંદમાંથી મૅંગેનીઝ, ચીનમાંથી ઍન્ટીમની, મેકસિકોમાંથી ચાંદી, યુરોપમાંથી પારો, બોલીવીઆ અને એશિયામાંથી કલાઈ, આફ્રિકામાંથી સોનું વગેરે. પણ નિકલનું પીઅર તો એકલું કૅનેડામાં, ને એક જ સ્થાનમાં, સુડબરી પરગણામાં છે. અને તે એટલા વિપુલ પ્રમાણમાં કે ત્યાંની બાર ખાણોમાંની માત્ર એકલી એક જ ખાણ દુનિયાની આખા વરસભરની ખપત (લગભગ ૭૦,૦૦૦ ટન) પૂરું પાડવાને સમર્થ છે!

નિકલ ત્રણ પ્રકારના ખનિજ રૂપે નીકળે છે: પાઇર્હોટાઇટ, ચાલ્કો પાઇરાઈટ ને પેન્ટલૅન્ડાઈટ. એમાં લોખંડ, નિકલ ને ત્રાંબાના સલ્ફાઇડો મિશ્ર રૂપે હોય છે, આથી તેને શુદ્ધ કરવું પડે છે.

ખડક રૂપ મળતી કાચી ધાતુને બ્લાસ્ટ ફર્નેસમાં નાખી તેમાંનો મોટા ભાગનો સલ્ફર (ગંધક) બાળી નાખવામાં આવે છે; અને માટીનો ભાગ ઉપર તરી આવીને વહી જતાં ભારે વજનની ધાતુ નીચે રહે છે. પછી તેમાં ક્વાર્ટ્ઝ કે રેતી ઉમેરવામાં આવે છે જે લોખંડની સાથે મળી આયર્ન સિલિકેટ રૂપે તરી આવે છે, તે કાઢી લેવામાં આવે છે. પછી બાકી રહેતા ત્રાંબા-નિકલના મિશ્રણમાં સોડિયમ સલ્ફાઇડ નાખીને ગાળવામાં આવતાં તે એમાંના કૉપર સલ્ફાઈડને તથા રહ્યાસહ્યા આયર્ન સલ્ફાઇડને ગાળી કાઢે છે અને એકલું નિકલ બાકી રહે છે, જેને ઇલેક્ટ્રોલાઇસિસ વડે શુદ્ધ કરી લેવામાં આવે છે.

મજબૂતાઈ અને જલદી ચમક પકડવાના ગુણને લીધે નિકલનો ઉપયોગ બહોળો થાય છે. લોઢા, ત્રાંબા તથા પિત્તળ ઉપર ઇલેક્ટ્રોપ્લેટ કરીને નિકલનું પડ ચડાવવાથી તે તે ધાતુઓનાં આયુષ્ય વધે છે એ તો આપણે સૌ જાણીએ છીએ. હાલમાં જોકે તેને સ્થાને વધારે ચમકદાર ક્રોમિયમ પ્લેટિંગ થવા માંડ્યું છે; પરંતુ ક્રોમિયમનું એ પડ પણ મોટે ભાગે નિકલ પ્લેટિંગ કર્યા બાદ જ સારું ચડી શકે છે.

જુદીજુદી ઔદ્યોગિક રાસાયનિક બનાવટોમાં બીજાં રસાયણોને મદદ કરનારા કેટલિસ્ટ–સહાયક મધ્યસ્થ–તરીકે બારીક નિકલનો ઉપયોગ બહુ ઝડપી કામ આપે છે. કોપરેલ, મગફળી આદિના તેલને

હાઇડ્રોજન સાથે મેળવીને 'વનસ્પતિ ઘી' બનાવવામાં આવતી હાઇડ્રોજીનેશન પદ્ધતિમાં બારીક નિકલ બહુ જ ઉપયોગમાં આવે છે.

બીજી ધાતુઓમાં નિકલનું મિશ્રણ કરવાથી તે તે ધાતુઓના ગુણધર્મમાં ઘણો વધારો થાય છે. પોલાદમાં માત્ર પાંચ જ ટકા નિકલ ઉમેરવાથી તેની તાકાત અત્યંત વધી જાય છે. ૩૫ ટકા નિકલનું મિશ્રણ કરીને ઉપજાવેલી 'નિકલક્રોમ' ધાતુ તો આ જમાનામાં સ્ટેઈનલેસ સ્ટીલ (કાટ વિનાના પોલાદ)ના નામથી અત્યંત પ્રખ્યાત અને ઘણું જ ઔદ્યોગિક મહત્ત્વ ધરાવતી થઇ છે. ચૉકૉલેટ વગેરે ખાદ્ય વસ્તુઓની બનાવટોમાં અને કન્ડેન્સ્ડ દૂધના ડબ્બા માટે એ જ વપરાય છે. ૭૦ ટકા નિકલ, ૨૮ ટકા ત્રાંબું અને ૨ ટકા લોખંડના મિશ્રણથી ઉપજાવેલી 'મોનેલ' નામની ધાતુ તેજાબોની સામે ટકી શકે છે. લોખંડમાં ૩૫ થી ૪૫ ટકા નિકલના મિશ્રણથી બનેલી 'ઈન્વાર' ધાતુ હવામાનમાં લેશમાત્ર સંકોચાતી કે વધતી ન હોવાથી ફુટપટ્ટીઓ વગેરે બનાવવામાં તે આદર્શ ગણાય છે.

કેળાં

એકેએક ધાન્ય, એકેએક વનસ્પતિ, એકેએક ફળ, પોતાના રસ ગુણ ને વીર્યવિપાકે પરિપૂર્ણ હોય છે. કુદરતે એને જે કાર્ય માટે સરજેલ હોય છે એનો યુક્તિપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો અવશ્ય તેના ગુણનો લાભ મળે જ છે.

કેળ એક એવી અપૂર્વ અને ઉમદા વસ્તુ છે, અને એ રંભા ગર્ભવતી બની એવા સમયે ફળ આપે છે કે જગતને એની એ જ વખતે સંપૂર્ણ આવશ્યકતા હોય છે. વર્ષાનાં નીર નિર્મળ બની શાંત બન્યાં હોય છે, મનુષ્યોનાં શરીરમાં વાયુ શાન્ત બની પિત્તમાં વિકૃતિ પેદા થાય છે, અર્થાત્ મૅલેરિયાના મહારથી જંતુઓ જીવ-પ્રાણીને સતાવવા ઉગ્ર મોરચા માંડે છે, ત્યારે જ આપણી કેળ ફળવતી બને છે.

કેળ હિંદનું વૃક્ષ કે બહારનું, એ કલ્પી શકાય એમ નથી. પુરાણકાળથી એનો ઉપયોગ ફલાહાર અને દેવના નૈવેદ્ય તરીકે થતો આવ્યો છે. આયુર્વેદના નિઘંટુઓમાં અને વનસ્પતિશાસ્ત્રમાં કદળીનું વર્ણન અને ઉપયોગ મળી આવે છે. દરેક દેશમાં કેળ થાય છે. જુદીજુદી જમીન અને પાણીને કારણે એની ફળદ્રુપતા અને મિઠાશ તથા રંગમાં ફેર પડે છે. લાલ, એલચી, સોનેરી, દોકણી, પીળાં અને લીલાં એમ કેળાંની અનેક જાતો છે; પરંતુ ખાવામાં,સ્વાદમાં ને મોસમ આખીમાં ઉત્તમ તો લીલી છાલનાં કેળાં જ છે.હાલમાં જેની મોસમ છે એનો મોટો પાક ગોમાંતક, કર્ણાટક અને વસઈ પ્રાંતમાં થાય છે. બજારમાં પણ એ ઘણી સસ્તી કિંમતે વેચાય છે.

કેળનું પ્રત્યેક અંગ ઔષધના કામમાં આવે છે. કેળમાંથી નીકળતો ક્ષાર કદળીક્ષાર તરીકે વૈદ્યો હમેશાં વાપરે છે.

આયુર્વેદની દૃષ્ટિએ લીલી છાલનાં કેળાં બળકર, તૂરાં, મધુર, ગુરુ, શીત, વૃષ્ય અને શુક્રવર્ધક છે; તેમજ માંસ, કાન્તિ ને રૂચિને વધારનાર છે તથા તૃષા, ગ્લાનિ, પિત્ત, રક્તવિકાર, મેહ, ક્ષુધા તથા નેત્રરોગોનો નાશ કરનાર છે. એ સ્વાદિષ્ટ, તૃપ્તિકારક, ઉમદા અને સસ્તો મેવો શરીર ઉપર બહુ ઉમદા અસર નિપજાવે છે.

જેને જેમ ફાવે તેમ લોકો કેળાં ખાય છે,—પોતાના જઠરની પાચનશક્તિનું માપ કાઢ્યા સિવાય. એનું પરિણામ શરદી, સળેખમ કે તાવના રૂપમાં ભોગવવું પડે છે. કેળાં ખાવાની પોતાની અવિચારી રીતનો દોષ પછી એ કેળાં ઉપર મુકાય છે ! કફ પ્રકૃતિવાળા અને કફના વ્યાધિવાળાને બાદ કરીએ તો કેળાં દરેકને માફક આવે છે. તેમાં યે પિત્ત પ્રકૃત્તિવાળા મનુષ્યોએ અને પિત્તની મોસમ ભાદરવામાં તો કેળાં અવશ્ય ખાવાં જ જોઈએ.

નાજુક પ્રકૃતિવાળી દરેક વ્યક્તિએ સવારમાં દાતણપાણી અથવા ચાહાપાણી પતાવ્યા પછી અરધું કેળું કે જે પાકીને બરાબર નરમ થઇ ગયું હોય અને જેની લીલી છાલ ઉપર સાધારણ કાળાશ આવી ગઇ હોય એવું લઈ, ધીમેધીમે દાંતથી પાવલીભારના ટુકડા કરીને ચાવતા જવું. એની ઉપર તાજા ખાટા લીંબુની એક ફડાશ ચૂસી જાઓ. એ ઉપર બીજો કોઇપણ જાતનો સવારનો નાસ્તો લેશો નહિ. મજબૂત અને પ્રદીપ્ત જઠરવાળાને આખું કેળું લેવાની છૂટ છે.

કેળાં અને લીંબુનો યોગ અમૃતીકરણ યોગ છે. કેળાંને પચાવવામાં લીંબુનો રસ ચોક્કસ મદદ કરે છે. કેળાંનાં ગુરુત્વને લીંબુનો રસ લઘુત્વમાં બદલે છે. કેળાં પિત્તઘ્ન છે, લીંબુ પિત્તશામક છે. એ બેના યોગે એક ત્રીજું તત્ત્વ પેદા થાય છે અને એ મનુષ્યના શરીરના સંચાના ઘસારાને પહોંચી વળે છે.

કેળાંરોટલીનું જમણ બહુ ઉમદા જમણ છે. પરંતુ શરીરની પ્રકૃતિ અને સમયનો વિચાર કરી રોટલી સાથે કેળાં ખાવાં. દરેક આહારમાં મિતાહારી થવું જેમ વધારે ઠીક છે, તેમ કેળાંરોટલીમાં પણ ઈચ્છાથી અર્ધું જમાય તો જ જલદી પચે અને બીજા દિવસે જઠર નિયમિતપણે ખોરાકનો બોજો લેવા તૈયાર થાય.

કેળાંને છૂંદી, એક કેળામાં એક લીંબુનો રસ નીચોવી તેને ભેળસેળ કરી રોટલી સાથે જમો. પરંતુ તમને કેળામાં સાકર-ઘી નાખી જમવાની ટેવ હશે તો લીંબુના રસ સાથેનું કેળાંનું મિશ્રણ જુદા પ્રકારનો સ્વાદ આપશે. તે તમને ગમશે તો પછી તમે પહેલી રીત કરતાં આ બીજી રીત વધુ પસંદ કરશો.

બપોરના રોટલી સાથે કેળાં લીધાં હોય તો રાત્રે ન જમો તો વધારે સારૂં. તો બીજે દિવસે, એટલે ચોવીસ કલાકે ફરી પણ તમે રોટલી સાથે કેળાં લઈ શકશો. અને એ રીતે લેવાથી દરરોજ તમને માપસરનાં કેળાં હજમ થતાં જશે તેમ તેમ તમારા વજનમાં વધારો થશે, આંખોમાં અમી આવશે, પિત્તની શાંતિ થશે, પેશાબની ગરમી ઓછી થશે, મગજ તર રહેશે અને શરીર સુદૃઢ બનશે. ઉપરની રીત પ્રમાણે તમે દીવાળીના પરોઢિયા સુધી અથવા ગુલાબી ઠંડી શરૂ થાય ત્યાં સુધી કેળાં લઇ શકશો. સાથે લીંબુ અને એલચીનું ચૂર્ણ લેવું. કેરીનું મારણ જેમ સૂંઠ તેમ એલચી એ કેળાંનું મારણ ગણાય છે.

('ગુજરાત સમાચાર'માંથી તારવીને) —વૈદ્ય જાદવજી નરભેરામ

રબરની વસ્તુઓ કેમ સાચવવી ?

આપણાં ઘર-ઉપયોગી સાધનોમાં રબરની વસ્તુઓ એક પ્રકારનું વિશિષ્ટ મહત્ત્વ ભોગવતી થતી જાય છે અને છતાં કેટલીકવાર નજીવી બેદરકારીથી એ વસ્તુઓ એવી રીતે બગડી જાય છે કે એ પછી કાયમને માટે નિરુપયોગી થઇ પડે છે. એથી જો રબરની વસ્તુઓને સહેજ વધુ કાળજીથી સાચવવામાં આવે તો એ ઘણા લાંબા સમય સુધી કામ આપે છે. આપણી કાયમી ઉપયોગની કેટલીક એવી વસ્તુઓને સાચવવાનાં નીચે આપેલાં સૂચનો ઉપયોગી નીવડશે.

ગરમ પાણીની કોથળીઃ માત્ર બેદરકારીથી બગડી જતી આ મોંઘી ચીજ ઘણી જ સંભાળ માગી લે છે. એને લાંબું આયુષ્ય આપવું હોય તો કદિ યે તેમાં ઊકળતું–ફળફળતું–પાણી રેડો નહિ. એ કોથળી 'ગરમ' પાણી માટે છે, એટલે એમાં જરૂરી 'ગરમ' પાણી જ રેડો–'ઊકળતું' નહિ. એના વિષે બીજી ભૂલ આપણે એ કરીએ છીએ કે એને ઊભી રાખીને આપણે તેમાં પાણી રેડીએ છીએ. એથી એના તળિયા ઉપર જલદ અસર થતાં તે વહેલું ખલાસ થાય છે. માટે તેમ ન કરતાં તેને મેજ કે જમીન ઉપર આડી રાખી, તેનું મોં જરા ઊંચું કરી, તેમાં પાણી રેડવું જોઇએ. જો એનો વપરાશ કાયમ ચાલુ હોય તો અંદરથી પાણી

કાઢી નાખી બૂચ બંધ કર્યા વગર જ તેને કોઇ ઠંડી જગ્યામાં ઉંધી લટકાવી રાખવી જોઇએ, અને બૂચ પણ પાછું ખોવાઈ ન જાય માટે તેને ઝીણી સાંકળ કે દોરીથી કોથળીના ગળા સાથે બાંધી રાખવું જોઇએ. વપરાશ ચાલુ ન હોય તોપણ, સગવડ હોય તો એકાદ કબાટમાં તેને એમ જ ઊંધી ટાંગી રાખવી, અને જો સગવડ ન હોય તો અંદર સ્હેજસાજ હવા ભરી, બૂચ બંધ કરી, એક કાગળમાં લપેટી તેને પ્રકાશ અને ગરમી ન લાગે તેવી જગ્યાએ મૂકી દેવી જોઇએ.

હવા ભરીને વપરાતાં રબરનાં ઓશીકાંની સાચવણી પણ ગરમ પાણીની કોથળી જેમ જ થવી જોઈએ. અને પણ મૂકી છાંડતાં પહેલાં તેમાં થોડી હવા તો સહેજ ભરી રાખવી; નહિતર બે પડ અંદરથી ચોંટી જશે અને રબર સડી જશે. ઉત્તમ રસ્તો તો એ છે કે તેના નાકામાં દોરીનો ગાળિયો નાખીને ક્યાંક ટાંગી જ રાખવાં.

પીસવા-નીચોવવામાં વપરાતા રબરના રોલરો, કામ પતી ગયા પછી ભીના પડ્યા ન રહે તેની ખાસ કાળજી રાખી તેને તરત લૂછી નાખવા જોઇએ. જો તેની ઉપર ડાઘ લાગ્યા હોય તો 'ટર્પેન્ટાઈન સબ્સ્ટીટ્યૂટ'ના પોતા વડે લૂછીને પછી સાબુના પાણીથી ધોઈ ટર્પેન્ટાઇન સાફ કરી નાખવું. તેને પણ ધૂળ, રજ ને સૂર્યના પ્રકાશથી રક્ષવાની ઘણી જરૂર હોય છે. તેથી તેને સાચવવા માટે કપડાની કોથળી બનાવી તેના પર ચડાવી રાખવી.

રબરની ચાદરોને ઘડી વાળીને સંકેલવાની ગંભીર ભૂલ કદી ન કરતા. એથી તો એ ઘડી આગળથી વહેલી બટકી જાય છે. ઉત્તમ રીત તો એ છે કે તેના ઉપર ફ્રેન્ચ ચૉક (મૅગ્નેશિયા પાઉડર) અગર શંખજીરાની બારીક ભૂકી છાંટી લાકડાની ગોળ આંકણી અથવા કાગળ કે પૂઠાંના કોઈ કડક ભૂંગળા ઉપર તેને વીંટાળી લેવી. આથી તે કરચલી કે ઘડી પડ્યા વિના અકબંધ સચવાશે અને મુલાયમ રહેશે.

રબરના ઍપ્રન પણ ખાસ કાળજી માગી લે છે. એમના ઉપર તો ઘડીઘડીમાં ડાઘા પડી જવાનો સંભવ છે. પણ એ દરેક ડાઘ પડતાં વેંત જ ટર્પેન્ટાઈન સબ્સ્ટીટ્યૂટના પોતાથી સાફ કરી સાબુના પાણીથી ધોઈ નાખવો જોઇએ. અને એ પણ ખાસ યાદ રાખવાની જરૂર છે કે બટન કે દોરીને અભાવે ટાંકણીઓ ખોસવી એ કીમતી રબર-ઍપ્રનનું આવરદા ટૂંકાવવાનો સચોટ ઉપાય છે. (અંગ્રેજી ઉપરથી)

ગમેતેમ પછાડો

અત્યાર સુધી કાચની ફૂટી જાય તેવી વસ્તુઓનાં પાર્સલો ઉપર આપણે 'ગ્લાસ વિથ કેર' લખવું પડે છે. પરંતુ હવે પૅકિંગ માટેની એક એવી વસ્તુની શોધ થઈ છે કે જેના ઉપયોગથી દરકાર વગર ગમેતેમ પછડાતાં પાર્સલોમાં પણ કાચનો સામાન સલામત રહેશે! લશ્કરોને બ્લડ પ્લાઝ્માની શીશીઓ પૂરી પાડવા માટે એ પ્રથમ યોજવામાં આવેલી. એ પેટીઓ લગભગ ૧૦૦ રતલ વજનની હોવા છતાં ૧૦,૦૦૦ ફૂટ ઊંચેથી હવાઇ છત્રીઓ વિના જ ફેંકવામાં આવતી ને એ જમીન પર પડ્યા પછી પણ પાછી ત્રીસ ત્રીસ ફૂટ ઉછળીને પછડાતી, છતાં પણ અંદરનું પેકિંગ બધા ઘા ખમી લઈ કાચને ભાંગવા દેતું નહિ. યુદ્ધોત્તર વિશ્વમાં એનો એ ઉપયોગ જરૂર વધવાનો.

શ્રી લંકા

દશાનન રાવણની પાટનગરીનાં નામોનો ઇતિહાસ પણ જાણવા જેવો છે. તેનું પૌરાણિક નામ સિંહલદ્વિપ છે. રોમનો અને ગ્રીકો તેને તપ્રોબેન (તપોવન-અશોકવન?) તરીકે ઓળખતા. ફારસીઓએ તો સિંહલદ્વિપનું સીર-નદ્દીબ કર્યું લાગે છે. ફિરંગીઓએ વળી તેને ઝીલાન નામ આપ્યું, ને તેમાંથી છેવટ તે થયું સીલોન. હમણાં ત્યાંની રાજસભાએ ઠરાવ કર્યો છે કે તેનું નામ 'સીલોન'ને બદલે 'શ્રીલંકા' રાખવું.

આ માસ (ઑક્ટોબર) ઈતિહાસમાં

તા. ૧ જનરલ ઍલનબીએ તુર્કી પાસેથી દમાસ્કસ જીતી લીધું, ૧૯૧૮.
તા. ૩ અભેદ માર્ગ પ્રવાસી મણિલાલ નભુભાઈનું અવસાન, ૧૮૯૮.
તા. ૮ યશવંતરાવ હોળકરે દિલ્હી પર હલ્લો કર્યો, ૧૮૦૪.
તા. ૧૦ નૉર્વેજિયન સાહસસફરી ફ્રિડ્જૉફ નાન્સેનનો જન્મ, ૧૮૬૧.
તા. ૧૧ દક્ષિણ આફ્રિકામાં બોઅર યુદ્ધ શરૂ થયું, ૧૮૯૮.
તા. ૧૪ સ્વતંત્ર આયર્લંડના પ્રમુખ ઍમન દ વૅલેરાનો જન્મ, ૧૮૮૨.
તા. ૧૭ શાહાનશાહ અકબરનું મૃત્યુ, ૧૬૦૫.
તા. ૨૧ નૉબેલ ઈનામના સ્થાપક આલ્ફ્રેડ નૉબેલનો જન્મ, ૧૮૩૩.
તા. ૨૩ સિંધમાંના સક્કર બરાજનો પાયો નંખાયો, ૧૯૨૩.
તા. ૨૮ મુઘલ શહેનશાહ જહાંગીરનું મરણ, ૧૬૨૭
તા. ૨૯ અંગ્રેજ સૈનિક અને લેખક સર વૉલ્ટર રૅલેનો શિરચ્છેદ, ૧૬૧૮.

આ માસની વ્યક્તિવિશેષ

સ્વામી રામતીર્થ



ઉત્સાહ, પ્રેરણા, અને જ્ઞાનનાં અમૃતભર્યાં પ્રવચનો દ્વારા હિંદી જનતાને તેમજ જાપાન-અમેરિકાની પ્રજાને ભારતીય ફિલસૂફીનો સંદેશ સમજાવનાર આ તત્ત્વજ્ઞ યોગીનું નામ વીસમી સદીની પહેલી પચ્ચીશીમાં વિવેકાનંદ પછી એટલો જ આદર પામ્યું છે. પંજાબના ગુજરાનવાલા ગામમાં ગોસાઈ હીરાનંદજીને ત્યાં કપરી ગરીબીમાં, ઈ. ૧૮૭૩ના ઑક્ટોબરની ૮મી તારીખે એમનો જન્મ. એમનું મૂળ નામ તીર્થરામ. પાંચ વરસની વયથી અભ્યાસ શરૂ કરી એમણે ઉર્દૂ-ફારસી પૂરાં કર્યાં, અને કવચિત ભૂખના કડાકા તથા કપડાંની તંગી ભોગવીને પણ ૧૫ વર્ષની વયે મૅટ્રિક થયા. લગ્ન તો દસ વર્ષની વયે થઈ ગયાં હતાં, એટલે પિતા વધુ અભ્યાસનો બોજો લેવા નારાજ હતા. પરંતુ જ્ઞાનની તીવ્ર લગનીથી, બધી મુસીબતો સામે લડીને તે પહેલે નંબરે બી. એ. અને એમ. એ. થયા, અને સિયાલકોટ તથા લાહોરની કૉલેજમાં ગણિતના પ્રોફેસર થયા. પણ મન વૈરાગ્ય તરફ વળતું ગયું અને ૧૮૯૫માં ૨૨ વર્ષની વયે સ્ત્રી તથા ત્રણ સંતાનોને છોડી હિમાલયમાં ચાલ્યા ગયા. એક વર્ષ બાદ આવી 'અલેફ' નામનું વેદાંતવિષયક માસિક ત્રણેક માસ ચલાવી ફરી હિમાલયમાં ગયા અને સંન્યાસ લઇ સ્વામી રામતીર્થ બન્યા. નાનપણથી જ નબળા રહેતા શરીર પર પ્રિન્સિપાલે ટકોર કરતાં કૉલેજકાળમાં સતત કસરતથી શરીરને પોલાદ જેવું બનાવ્યું હતું, અને આત્મામાં રહેલી શક્તિઓનો હિમાલયમાં સાક્ષાત્કાર થતાં એમનામાં અજબ તેજ પ્રકટ્યું અને જંગલમાં હિંસક પશુઓ વચ્ચે તેમજ વરસાદની ઝડીઓ તથા બરફનાં તોફાનો વચ્ચે સ્વસ્થ-પ્રસન્ન વિહરવા લાગ્યા. મથુરાના ધર્મોત્સવ પ્રસંગે ત્યાં આવતાં એમનું તેજ અને વ્યાખ્યાનપ્રભાવ જોઈ લોકો મુગ્ધ થઈ ગયા અને ટૂંક સમયમાં તે પોતાના અભિનવ સંદેશથી દેશવિખ્યાત થઈ ગયા. તેહરીના રાજાના મોકલ્યા તે જાપાન થઈ અમેરિકા ગયા ને અઢી વર્ષ લગી એ નિજાનંદમસ્ત સ્વામીનાં વચનોએ વિદેશીઓમાં પણ એવો જ પ્રભાવ પાડ્યો ત્યાંથી વળતાં મિસરમાં રોકાઈ, ત્યાં પોતાના ફારસી ભાષણ વડે જનહૃદય જીતી, ૧૯૦૫માં હિંદ આવ્યા ને દેશપર્યટન કરતા હરદ્વાર ગયા. ત્યાં તબિયત બગડવા લાગી. પોતાનો દેહ હવે વધુ ટકશે નહિ એમ લાગવાથી, પોતાના ૩૪મા જન્મદિવસે ગંગામાં એમણે જાતે જ જળસમાધિ લીધી.

મયંકનું છો સકલંક બિંબ
મળે કશો દોષ ન ચાંદનીમાં
— ઉશનસ્

પોતે જેને અમુક રૂપિયા ધીર્યા છે એ માણસ અત્યંત બીમાર હોવાના ખબર મળતાં ધોંડો કેશવ કર્વે તેમને ઘેર ગયા. કર્વેને જોતાં જ પેલાના હોશ ઊડી ગયા, અને અત્યંત કષ્ટથી તે બોલ્યો, 'આપના રૂપિયા...' પણ તેને બોલતો અટકાવી કર્વેએ કહ્યું, 'તમે માનો છો તેમ હું મારા રૂપિયા લેવા નથી આવ્યો; પણ તમારી આવી માંદગીમાં તમને જરૂર હશે એમ વિચારી બીજા થોડા રૂપિયા આપવા આવ્યો છું. લ્યો, આ વાપરજો અને કોઇ વાતે મુંઝાશો નહિ.' આટલું કહી આશ્વાસન આપી કર્વે વિદાય થયા. પેલો માણસ તથા તેનાં સગાંસંબંધી તો દંગ થઇ ગયાં!

કહેવતોના અર્થ: 'દલાલે દીવાળું નહિ ને મસીદે ખાતર નહિ'–વેપારમાં ગમે તેટલી ઉથલપાથલો થાય, પણ તેમાં દલાલને કદી નુકશાન જવું નથી–નુકશાનથી દીવાળું કાઢવાનો વખત તો લેનાર કે વેચનાર જે ભરાઇ પડ્યો હોય તેને જ જાય છે, અને એ જ રીતે મસીદજેવા પ્રભુભક્તિના ધામમાં કાંઈ માલમિલ્કત હોતી નથી તેથી ત્યાં ચોરી થવાનો કદિ સંભવ હોતો નથી, એમ સમજાવતી આ કહેવત, જેને કોઈ બાજુથી કશી ચિંતા ન હોય એવા નફિકરા, પરવારીને બેઠેલા, કે જવાબદારી વિનાનાં માણસો કે પરિસ્થિતિ માટે વપરાય છે. એને મળતી બીજી ઘણી કહેવતો છે: 'અરો હાથ, પરો હાથ, રક્ષા કરે ગોરખનાથ; 'નાગો ન્હાય શું ને નીચોવે શું?'; 'મફતનું ખાવું ને મસીદે સૂવું'; 'કેરડાનું અથાણું, તેમાં કાપે શું ને કરડે શું?'; 'બાવો ઊઠયો બગલમાં હાથ, શું કરે કજાડ નાથ?'; 'આગળ બેઠે ધરાળ નહિ ને પાછળ બેઠે ઉલાળ નહિ'; 'લૂંટાયાનું શું લૂંટે ને વેરાગીનું શું ઝૂંટે?'; 'ફકીરાં મસીદ, જ્યાં પડ્યા ત્યાં નચિંત'; 'લે લોટી ને માર લંગોટી'; 'ખભે પોતિયું'.

ગણિતગમ્મત: કોઈ પણ સંખ્યા લો. તેના ઘન કરો. આ ઘનમાંથી, લીધેલી સંખ્યા બાદ કરો; જે આવે તેને લીધેલી સંખ્યા વડે ભાગો. તેમાં ૧ ઉમેરો. હવે જે સંખ્યા આવે તેનું વર્ગમૂળ કાઢશો તો તમારી ધારેલી સંખ્યા આવી રહેશે. (મ. ના. ખત્રી)

અનેકાર્થી શબ્દ: **બંગ**=બંગાળ પ્રાંત; કલાઇ; બંગભસ્મ; રીત અથવા તરેહ; તક કે મુદ્દો; નમૂનો યા ભાત; નિર્લજ્જ કે નાગું.



ગયા અંકમાં જણાવેલા ગુપ્તવંશના સ્થાપક ચન્દ્રગુપ્ત પહેલાનો પુત્ર સમુદ્રગુપ્ત મહાપ્રતાપી થયો. ઉત્તે હિમાલયથી નર્મદા અને બ્રહ્મપુત્રાથી ચિનાબ તથા ચંબલ નદીઓ પર્યંત એવડું મહારાજ્ય વિસ્તાર્યું, જેટલો વિસ્તાર અશોક પછી કોઇએ કર્યો નહોતો. એ દિગ્વિજયના સ્મરણમાં તેણે અશ્વમેધ યજ્ઞ કર્યો. તેની છાપવાળા સિક્કા એ ગુપ્ત યુગના સિક્કાનો એક વિશેષ પ્રકાર છે. એમાં યજ્ઞવેદી પાસે ઊભેલા ઘોડાનું અને બીજી બાજુ કમલ ઉપર સ્થિત શ્રી દેવીનું ચિત્ર છે.


લશ્કર-ભરતીમાં દાખલ થતા આફ્રિકાના નાઈજીરિયન લોકો વફાદારીના સોગન લેતી વખતે પોતાની બંદુકના સંગીનને પોતાની જીભ અડાડે છે. એમનામાં ગીતા કે કુરાન જેવું કોઇ ધર્મપુસ્તક ન હોવાથી એમના આ જૂના રિવાજને ત્યાં અનુસરવામાં આવે છે.

'હમણાં ચોરીઓ બહુ થાય છે એટલે હું તો મારી તમામ વસ્તુઓ તાળાકૂંચીમાં જ રાખી મુકું છું.'

'બધી વસ્તુઓ'?

'હા એકેએક કિંમતી વસ્તુ.'

'અક્કલ પણ?'



જે કૅમેરાના લેન્સના માઉન્ટ કિનારીવાળા હોય તેના ઉપર નકામા પ્રકાશથી બચવા માટેનો મઝાનો લેન્સશેઈડ પ્લાસ્ટિકની ગરણીમાંથી બનાવી શકાય. લેન્સ-માઉન્ટના બહારના ડાયામીટર કરતાં સહેજ ઓછું રહે એટલા માપે ગરણીને વહેરી નાખીને પછી સારી કાનસથી ઘસતા જઇને બરોબર બંધ બેસે ત્યાં સુધી તેનો ગાળો ઉતારતા જવું. કાળા રંગની ગરણી મળે તો ઉત્તમ; નહિતર પછી ગમે તે, ચમક વિનાના ઘેરા રંગની.

મહમદ તઘલખે રૂપાનાણું બંધ કર્યું હતું તેને ફરી ચાલુ કરીને શેરશાહ સૂરીએ 'રૂપિયા'ના નામથી તે ઈ. ૧૫૪૨માં પહેલવહેલું શરૂ કર્યું. ત્યારથી આજ સુધી રૂપાનાણા માટે એ નામ (રૂપિયો)જ ચાલુ રહ્યું છે–પછી તેના પર છાપ ભલે જુદીજુદી આવ્યા કરી છે.

દુનિયાનું સૌથી પહેલું છાપેલું ન્યુસપેપર ઈ. ૧૪૫૭માં ન્યુરેનબર્ગ (જર્મની)માં નીકળેલું—પશ્ચિમમાં મુદ્રણકલા દાખલ થયા પછી ૧૯ વર્ષે.


લશ્કર માટે ખાખી પોશાકની પહેલી શરૂઆત ઈસ્ટ ઇંડિયા કંપનીના વિલિયમ હૉડસન નામના અધિકારીએ હિંદમાંથી કરી.



જાપાનીઓએ હિંદ જીતવાના પોતાના દુઃસ્વપ્નની આગોતરી તૈયારી તરીકે પોતાના સૈનિકોને આપી રાખેલી હિંદી ચલણની નોટોમાંની ૦। રૂપિયાની નોટનો નમૂનો આ જ રીતની એમણે અમેરિકન હકૂમતમાંથી પડાવી લીધેલા દેશો માટે ડૉલર ને સેન્ટની નોટો પણ પાડેલી. ઉપરાંત સિક્કાઓ પણ પાડેલા. (બી બી.ઍન્ડ સી.આઇ.રેલ્વે મૅગેઝીનમાંથી)

કિનારાની સૃષ્ટિ
(ઍક્વાટિન્ટ)

ચિત્રકારઃ
રમેન્દ્રનાથ
ચક્રવર્તી



ઍક્વાટિન્ટ એ એક નવો જ કલાપ્રકાર છે. એ પદ્ધતિની વિગતવાર સમજણ આ અંકમાં આપી છે



છાયામાં (ઇચિંગ) ચિત્રકારઃ રમેન્દ્રનાથ ચક્રવર્તી

આ બંને ચિત્રોના કલાકાર શ્રી રમેન્દ્રનાથ ચક્રવર્તીનું નામ 'કુમાર'ના વાચકોને નવું નથી. ૯૧મા અંકમાં એમનું 'કમળતળાવડી' નું રંગચિત્ર તથા ૨૩૦મા અંકમાં એક ઇચિંગ આવી ગયાં. ૨૧૯મા અંકમાં અપાએલા એમના સચિત્ર પરિચયમાં જણાવ્યા મુજબ 'શાન્તિનિકેતનમાં એ ભણતા ત્યારથી એમણે નામ કાઢ્યું હતું. યુરોપમાં વિશાળ અનુભવ માટે એ ગયા ત્યારે એમનાં વૂડકટ, લીનોકટ, ઇચિંગ, ડ્રાઇપૉઇન્ટ, ઍક્વાટિન્ટ, લીથોગ્રાફ તથા હિંદી શૈલીનાં ચિત્રોનાં પ્રદર્શનો ભરાએલાં તેની દરેક દેશમાં ભારોભાર પ્રશંસા થએલી ...... સામાન્ય રોજિંદાં ચિત્રોમાં પણ તે લાગણીની તીવ્રતા દર્શાવી શકે છે. પ્રામાણિક ને વિશુદ્ધ દશ્યાલેખનમાં, એમની જોડમાં મુકાય એવો કોઈ કલાકાર મુંબાઈ કે ગુજરાતમાં નહિ હોય. આપણા પ્રાંતમાં ઈચિંગ, લીથોગ્રાફ કે ઍક્વાટિન્ટના હજી રડ્યાખડ્યા નમૂના કે વાતો જ છે, ત્યારે આ તરુણ કલાકારે તેમાં યુરોપી નિષ્ણાતોની ભારે પ્રશંસા મેળવી છે. ઑક્સફર્ડના પ્રમાણભૂત કલાકાર સર મૂરહેડ બોન જેવાને તો કહેવું પડેલું કે અંગ્રેજ કલાકારો પૈકી થોડા જ એમના જેટલી સૌંદર્યભાવના પકડી શક્યા છે. આ બહારની તારીફો ઉપરાંત ખુદ કલકત્તાનાં કલામંડળોમાં તેમનું નામ આદરણીય છે અને હિંદમાં પણ સારી પેઠે ખ્યાત છે.'